અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૯

વર્ષ : ૧૬
અંક : ૨૮૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### અમેરિકામાં ઉઠાવ્યો મહારાષ્ટ્ર ચૂંટણીનો મુદ્દો

# અમેરિકામાં રાહુલ ગાંધીએ મતદાન પ્રક્રિયા પર ગંભીર સવાલો ઊભા કર્યા

## લોકસભામાં વિપક્ષના નેતાએ અમેરિકાની ધરતી પરથી કહ્યું કે, એ સ્પષ્ટ છે કે ચૂંટણી પંચે સમાધાન કરી લીધું છે અને સિસ્ટમમાં કંઈક ખોટું થઈ રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે અમેરિકાની ધરતી પરથી કહ્યું કે, એ સ્પષ્ટ છે કે ચૂંટણી પંચે સમાધાન કરી લીધું છે અને સિસ્ટમમાં કંઈક ખોટું થઈ રહ્યું છે.



બ્રાઉન યુનિવર્સિટીમાં પોતાના સંબોધન દરમિયાન રાહુલે કહ્યું કે મેં આ ઘણી વાર કહ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં વસ્તી કરતાં વધુ લોકોએ મતદાન કર્યું.

રાહુલ ગાંધીએ મહારાષ્ટ્ર ચૂંટણી વિશે વધુમાં કહ્યું કે ચૂંટણી પંચે અમને સાંજે ૫:૩૦ વાગ્યા સુધીના મતદાનના આંકડા આપ્યા હતા અને સાંજે ૫:૩૦ થી ૭:૩૦ વાગ્યા સુધી ૬૫ લાખ મતદારોએ મતદાન કર્યું હતું. આવું થવું શારીરિક રીતે અશક્ય છે. એક મતદારને મતદાન કરવામાં લગભગ ૩ મિનિટ લાગે છે અને જો તમે ગણિત કરો તો મતદારો સવારે ૨ વાગ્યા સુધી કતારમાં ઉભા રહેશે, પરંતુ એવું બન્યું નહીં. જ્યારે અમે તેમને વિડીયોગ્રાફી આપવા કહ્યું ત્યારે તેમણે માત્ર ના પાડી જ નહીં, પરંતુ કાયદો પણ બદલી નાખ્યો જેથી અમે વિડીયોગ્રાફી માટે પણ ન કહી શકીએ. આ પહેલી વાર નથી, જ્યારે રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રક્રિયા પર સવાલ ઉઠાવ્યા હોય. ગયા મહિને ૧૦ માર્ચે રાહુલે ગૃહમાં મતદાર યાદીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ઘણા રાજ્યોમાં મતદાર યાદી પર પ્રશ્નો ઉભા થયા છે, તેથી સંસદમાં ચર્ચા થવી જોઈએ. તેમણે કહ્યું હતું કે બધા જાણે છે કે સરકાર મતદાર યાદીઓ તૈયાર કરતી નથી, પરંતુ પ્રશ્નો ઉભા થઈ રહ્યા હોવાથી, આ મુદ્દા પર સંસદમાં ચર્ચા થાય તો વધુ સારું રહેશે. હકીકતમાં જોઈએ તો, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ચૂંટણી પ્રક્રિયા અંગે રાહુલના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. તેમણે પૂછ્યું હતું કે શું સરકાર મતદાર યાદી બનાવે છે? આ અંગે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે સરકાર બનાવતું નથી તે બિલકુલ સાચું છે. પરંતુ દેશભરમાં મતદાર યાદી પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. દરેક વિપક્ષ શાસિત રાજ્યમાં, ખાસ કરીને મહારાષ્ટ્રમાં, સ્પષ્ટ પ્રશ્નો ઉભા થયા છે. આખો વિપક્ષ એકસાથે ફક્ત એટલું જ કહી રહ્યો છે કે અહીં મતદાર યાદી પર ચર્ચા થવી જોઈએ.



અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે પત્ની અને બાળકો સાથે અક્ષરધામની મુલાકાત કરી.

## ન્યૂઝ બ્રિફ

### ૧૯૦ વર્ષ જૂના પેલેસમાં રોકાશે USના વાઈસ પ્રેસિડેન્ટ



। જયપુર, તા.૨૧ ।

અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સ જયપુર પહોંચ્યા બાદ વેન્સ અને તેમનો પરિવાર રામબાગ પેલેસમાં રોકાશે. જે લગભગ ૧૯૦ વર્ષ જૂનો શાહી મહેલ છે અને હવે એક લક્ઝરી હોટલમાં બદલાઈ ગયો છે. વેન્સ માટે હોટલના ૧૦ લક્ઝૂરી સુઈટ્સ બુક કર્યા છે. ૧ એપ્રિલથી જ હોટલમાં તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ૧થી ૨૩ એપ્રિલ સુધી હોટલની ઓનલાઈન બુકિંગ બંધ રાખી છે. જેથી સુરક્ષા અને ગોપનીયતા જાળવી શકાય. વેન્સ ગ્રાન્ડ પ્રેસિડેન્શિયલ સુઈટમાં રોકાશે, જે ૧૭૯૮ સ્ક્વેર ફૂટનો છે. તેમાં ગાર્ડન વ્યૂ બેડરૂમ, પ્રાઈવેટ ટેરેસ, ગ્રાન્ડ લાઉન્જ, ગેલેરી અને જકુઝીવાળું બાથરૂમ છે.

### રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં તેનો રિપોર્ટ આપો

। નવી દિલ્હી, તા.૨૧ ।

રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતાને પડકારતી અરજી પર આજે ઉત્તરપ્રદેશ હાઈકોર્ટની બેન્ચમાં સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન, હાઈકોર્ટે કેન્દ્ર સરકારને સ્પષ્ટ અહેવાલ આપવા કહ્યું છે. હાઈકોર્ટે કહ્યું કે, માત્ર એ રિપોર્ટ આપો કે, રાહુલ ગાંધી નાગરિક છે કે નહીં. કોર્ટે આ માટે કેન્દ્ર સરકારને ૧૦ દિવસનો સમય આપ્યો છે. કેન્દ્ર સરકારે રાહુલ ગાંધીની નાગરિકતા અંગે નિર્ણય લેવો પડશે અને ૧૦ દિવસની અંદર કોર્ટને જાણ કરવી પડશે. આ કેસની આગામી સુનાવણી ૫ મેના રોજ થશે. આજે કેન્દ્ર સરકાર દ્વારા સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો હતો. પરંતુ કોર્ટે તેને પૂરતું માન્યું નહીં. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે, રાહુલ ગાંધીની નાગરિકતા શંકાસ્પદ છે. આ આધારે, તેમના લોકસભા સભ્યપદને પણ પડકારવામાં આવ્યું છે.

### બંગાળ હિંસા પર SCની ટિપ્પણી

# રાષ્ટ્રપતિને નિર્દેશ આપીએ? પહેલેથી જ લાગી રહ્યા છે આરોપ

## પહેલા ઉપરાષ્ટ્રપતિ અને પછી ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ સુપ્રીમ કોર્ટ પર સવાલ ઉઠાવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતમાં સરકાર એટલે કે કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચેની તકરાર સતત વધી રહી હોય તેવું લાગી રહ્યું છે. પહેલા ઉપરાષ્ટ્રપતિ અને પછી ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ સુપ્રીમ કોર્ટ પર સવાલ ઉઠાવ્યા હતા. એવામાં હવે સુપ્રીમ કોર્ટે પણ અરજીઓની સુનાવણી દરમિયાન જવાબ આપ્યો છે. બંગાળમાં થઈ રહેલી હિંસાના કારણે રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે ટિપ્પણી કરી હતી કે અમારા પર પહેલેથી જ કાર્યપાલિકાના અધિકારક્ષેત્ર પર અતિક્રમણનો આરોપ લાગી રહ્યા છે. તમે ઈચ્છો છો કે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા માટે અમે રાષ્ટ્રપતિને આદેશ આપીએ?'

નોંધનીય છે કે આ સિવાય આજે સુપ્રીમ કોર્ટમાં ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ આપેલા નિવેદન વિરુદ્ધ કોર્ટના અવમાનની કાર્યવાહી મુદ્દે પણ સુનાવણી થઈ. કેસની સુનાવણી દરમિયાન કોર્ટ સમક્ષ નિશિકાંત દુબેના નિવેદનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો. જેના પર જસ્ટિસ ગવઈએ પૂછ્યું કે તમે શું ઈચ્છો છો? તો વકીલે જવાબ આપ્યો કે હું અવમાનનો કેસ દાખલ કરવા માંગુ છું. જસ્ટિસ ગવઈએ જવાબમાં કહ્યું કે તો તમે કેસ કરો, અમારી અનુમતિની જરૂર નથી. તમારે એટોર્ની જનરલ પાસેથી મંજૂરી લેવી પડશે. મીડિયા સાથે વાતચીતમાં નિશિકાંત દુબેએ કહ્યું હતું, કે 'સુપ્રીમ કોર્ટમાં પોતાની હદની બહાર જઈ રહી છે. દરેક વસ્તુ માટે સુપ્રીમ કોર્ટ જવું પડે તો પછી સંસદ અને રાજ્યોની વિધાનસભા બંધ જ કરી દેવી જોઈએ.

### મસ્જિદ પર વાત આવે ત્યારે કહે છે કે કાગળ ક્યાંથી બતાવશે?

હિન્દુ, મુસ્લિમ, બૌદ્ધ, જૈન સૌ કોઈ માને છે કે સમલૈંગિકતા ગુનો છે. પણ સુપ્રીમ કોર્ટે કાયદો ખતમ કરી નાખ્યો. આર્ટિકલ ૩૬૮ હેઠળ સંસદને કાયદો બનાવવાનો અધિકાર છે જ્યારે સુપ્રીમ કોર્ટ પાસે કાયદાની વ્યાખ્યા કરવાનો અધિકાર છે. આર્ટિકલ ૧૪૧ અનુસાર અમે જે કાયદા બનાવીશું તે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી લાગુ થશે.' નિશિકાંત દુબેએ સુપ્રીમ કોર્ટ પર સીધો હુમલો કર્યો અને રામ મંદિરનો મુદ્દો પણ ઉઠાવ્યો. તેમણે કહ્યું છે, કે 'જ્યારે રામ મંદિર કે કૃષ્ણ જન્મભૂમિ કે પછી જ્ઞાનવાપીની વાત આવે ત્યારે કહો છો કે કાગળ બતાવો. મસ્જિદ પર વાત આવે ત્યારે કહે છે કે કાગળ ક્યાંથી બતાવશે? સુપ્રીમ કોર્ટ હવે રાષ્ટ્રપતિ અને રાજ્યપાલને પૂછી રહ્યા છે કે ખરડાઓના સંબંધમાં શું કરવાનું છે? ભારતના મુખ્ય ન્યાયાધીશની નિયુક્તિ જ રાષ્ટ્રપતિ કરે છે, તો તમે રાષ્ટ્રપતિને નિર્દેશ કઈ રીતે આપી શકો? સંસદ દેશ માટે કાયદા બનાવે છે, તમે સંસદને નિર્દેશ આપશો? આવા નવા કાયદા તમે ક્યારે બનાવી લીધા? કયા કાયદામાં લખ્યું છે કે રાષ્ટ્રપતિએ ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવા પડશે? સીધો અર્થ છે કે તમે (સુપ્રીમ કોર્ટ) દેશને અરાજકતા તરફ લઈ જવા માંગો છો. સંસદમાં આ મુદ્દે વિસ્તૃત ચર્ચા કરીશું.'

### જમશેદપુરમાં કરણી સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષની હત્યાથી તણાવ

। જમશેદપુર, તા.૨૧ ।

રવિવારે (૨૦ એપ્રિલ) રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ઝારખંડ પ્રદેશના પ્રમુખ વિનય સિંહ પર અંધાધૂંધ ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હતી. જે બાદ સમગ્ર વિસ્તારમાં લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતી. વિનય સિંહની હત્યા બાદ કરણી સેનાના કાર્યકર્તાઓએ ડિમના રોડ તથા નેશનલ હાઈવે ૩૩ પર દેખાવો કરતાં ચક્કાજામની સ્થિતિ સર્જાઇ હતી. વિનય સિંહ એક કાર્યક્રમ માટે જઈ રહ્યા હતા, તેઓ જેવા જ તેમની ગાડીમાંથી નીચે ઉતર્યા કે અચાનક જ તાબડતોબ ફાયરિંગ કરાઈ અને ઘટનાસ્થળે જ તેમનું નિધન થયું.

### ઝારખંડમાં સુરક્ષા દળોની મોટી કાર્યવાહી

# ૧ કરોડ રૂપિયાનું ઇનામ ધરાવતા વિવેક સહિત ૮ નક્સલીઓ ઠાર

## ઘટનાસ્થળેથી એક INSAS રાઇફલ, એક સેલ્ફ-લોડિંગ રાઇફલ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી

। (એજન્સી) રાંચી, તા.૨૧ ।



ઝારખંડના બોકારો જિલ્લાના લુગુ પહાડીઓમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ છે. સુરક્ષા દળોએ ૮ નક્સલીઓને ઠાર માર્યા છે, જેમાં વિવેક દસ્તેનો પણ સમાવેશ થાય છે, તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ છે. ઘટનાસ્થળેથી એક INSAS રાઈફલ, એક સેલ્ફ-લોડિંગ રાઈફલ અને અન્ય વસ્તુઓ મળી આવી હતી. અહેવાલો અનુસાર, લુગુ પહાડીઓમાં સુરક્ષા દળો અને નક્સલીઓ વચ્ચેની અથડામણમાં ઘણાં અન્ય નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) એ એક નિવેદનમાં જણાવ્યું છે કે, સોમવારે (૨૧મી એપ્રિલ)આજે સવારે ઝારખંડના બોકારો જિલ્લાના લાલપાનિયા વિસ્તારના લુગુ ટેકરીઓ ખાતે રાજ્ય પોલીસ સાથે સંયુક્ત કાર્યવાહીમાં આઠ નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા હતા. સૈનિકોએ એક જીન્ઈ અને એક INSAS રાઈફલ જપ્ત કરી છે. હજુ સુધી કોઈ જવાન ઘાયલ થયાના સમાચાર નથી. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે અત્યાર સુધીમાં ઝારખંડમાં પોલીસ અને સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૧ નક્સલીઓ માર્યા ગયા છે.

# છત્તીસગઢમાં ભયાનક IED વિસ્ફોટ થતા એક જવાન શહીદ

। (એજન્સી) બીજાપુર, તા.૨૧ ।

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં મોટી ઘટના બની છે. અહીં સશસ્ત્ર દળોના એક જવાનનો પગ પ્રેશર બોંબ પર પડતા ભયાનક વિસ્ફોટ થયો છે, જેમાં તેઓ શહીદ થયા છે. પોલીસ અધિકારીઓએ કહ્યું કે, જિલ્લાના તોયનારથી ફરસેગઢ વચ્ચે આવેલા મોરમેડ ગામના જંગલમાં આઈઈડીની ઝપેટમાં આવતા સીએએફ ૧૯વી બટાલિયનના ૨૬ વર્ષિક જવાન મનોજ પુજારી શહીદ થયા છે. તેમણે કહ્યું કે, તોયમારથી ફરસેગઢ વચ્ચે રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ ચાલી રહ્યું છે, તેની સુરક્ષા કરવા માટે સીએએફની ટીમ પેટ્રોલિંગ પર ગઈ હતી. ટીમ જ્યારે તોયનારથી ફરસેગઢ તરફ ચાર કિલોમીટર દુર મોરમેડ ગામના જંગલોમાં હતી. આ દરમિયાન જવાન મનોજ પુજારીનો પગ પ્રેશર બોંબ પર પડતા વિસ્ફોટ થયો હતો, જેમાં તેઓ શહીદ થયા છે. પોલીસ અધિકારીઓએ કહ્યું કે, 'ગ્રામજનોને યોગ્ય સુવિધા અને સુરક્ષા મળે તે માટે રસ્તાના નિર્માણ કાર્યમાં તહેનાત કરેલા જવાનોને નક્સલીઓએ નિશાન બનાવ્યા છે, જે કાયરતાપૂર્વકનું કૃત્ય છે. અમે નક્સલીઓ વિરુદ્ધનું અભિયાન સતત ચાલુ રાખીશું. માઓવાદીઓ નક્સલ પ્રભાવિત ક્ષેત્રોમાં તહેનાત સુરક્ષા જવાનોને નિશાન બનાવવા માટે જંગલો અને રસ્તાઓ પર પ્રેશર બોંબ લગાવી દે છે.

# અનેક જિલ્લાઓમાં ભારે પવન અને વરસાદની ભીતિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારત હાલમાં બે વિરોધાભાસી હવામાન પરિસ્થિતિઓ સાથે ઝઝૂમી રહ્યું છે, એક તરફ ગરમી અને હીટવેવ્સ અને બીજી તરફ ભારે વરસાદ, તોફાની પવનો અને હિમવર્ષાએ પરેશાન કર્યા છે. દેશના અડધાથી વધુ ભાગોમાં ગરમીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે, જ્યારે બાકીના દેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઉત્તર પ્રદેશમાં ફરી એકવાર હવામાન બદલાઈ રહ્યું છે. એક તરફ લોકો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે તો બીજી તરફ અનેક જિલ્લાઓમાં ભારે પવન અને વરસાદની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગે ૩૨ થી વધુ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં હવામાને ભયંકર રૂપ ધારણ કર્યું છે. રામબનમાં વાદળ ફાટવાથી ચેનાબ નદીમાં પૂર આવ્યું હતું, જેના કારણે અનેક મકાનો અને રસ્તાઓ તબાહ થઈ ગયા હતા. ભૂસ્ખલનને કારણે ઘણા રસ્તાઓ બંધ છે અને શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. લદાખમાં અણધારી હિમવર્ષાને કારણે સ્થિતિ વધુ ખરાબ થઈ છે, વીજળી અને પરિવહન વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. રવિવારે મહારાષ્ટ્રનો ચંદ્રપુર જિલ્લો દેશનું સૌથી ગરમ સ્થળ હતું, જ્યાં તાપમાન ૪૪.૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું.

### ભાજપ સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરે છે : ખડગે

# નેશનલ હેરાલ્ડ કેસમાં ભાજપનું જુઠ્ઠાણું ખુલ્લું પાડીશું : કોંગ્રેસ પ્રમુખ

। (એજન્સી) બક્સર, તા.૨૧ ।

નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીએ આરોપનામું દાખલ કરી દીધું છે, જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું પણ આરોપી તરીકે નામ છે ત્યારે કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આક્ષેપ કર્યો છે. આ સાથે આ કેસમાં ભાજપનું જુઠ્ઠાણું ખુલ્લું પાડીશું તેમ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું. તેમણે પીએમ મોદી, શાહ અને આરએસએસ પર ડરાવવાના રાજકારણનો આક્ષેપ કર્યો હતો. આ સાથે બિહારના બક્સરમાં ખડગેએ મુખ્યમંત્રી નીતિશ કુમારને તકવાદી ગણાવી તેમની ટીકા કરી હતી. નેશનલ હેરાલ્ડ કેસ ચર્ચામાં છે ત્યારે કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં કોંગ્રેસના એઆઈસીસી મહાસચિવ, રાજ્ય પ્રભારીઓ અને ફ્રન્ટલ સંગઠનોના પ્રમુખોની બેઠક થઈ હતી. આ બેઠકમાં પ્રિયંકા ગાંધી, જયરામ રમેશ સહિત અનેક દિગ્ગજ નેતાો સામેલ રહ્યા હતા. આ બેઠકમાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, કોંગ્રેસે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (એજેએલ) અને નેશનલ હેરાલ્ડ કેસના સંબંધમાં લોકોને સત્ય જણાવવું પડશ.

### ઇટાલીના વેટિકન સિટીમાં અવસાન થયું

# ખ્રિસ્તી સંપ્રદાયના સર્વોચ્ચ ધર્મગુરુ પોપ ફ્રાન્સિસનું ૮૮ વર્ષની વયે નિધન

। વેટિકન સિટી, તા.૨૧ ।

કેથલિક ખ્રિસ્તી ધર્મગુરુ પોપ ફ્રાન્સિસનું ૮૮ વર્ષની વયે ઈટાલીના વેટિકન સિટીમાં અવસાન થયું છે. વેટિકન સિટી તરફથી નિવેદન જારી કરીને કાર્ડિનલ કેવિન ફેરેલે તેમના નિધનની જાણકારી આપવામાં આવી. પોપના નિધનને કારણે વેટિકન સિટીમાં ૯ દિવસના શોકની ઘોષણા કરવામાં આવી છે. આ સમાચારથી વિશ્વભરના ૧.૪ અબજ કેથલિક ખ્રિસ્તીઓ શોકમાં ડૂબી ગયા છે. પોપે



સ્થાનિક સમય મુજબ સવારે ૭:૩૫ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. કેથલિક ચર્ચના મુખ્ય મથક વેટિકન દ્વારા જણાવ્યા મુજબ, ૮૮ વર્ષીય પોપ ફ્રાન્સિસને ૧૪ ફેબ્રુઆરીએ ડબલ ન્યુમોનિયાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને ન્યુમોનિયા ઉપરાંત ફેફસાનો ચેપ પણ થયો હતો. તેઓ ૫ અઠવાડિયા સુધી હોસ્પિટલમાં રહ્યા. તેમના બ્લડ ટેસ્ટ રિપોર્ટમાં કિડની ફેલ થવાનાં લક્ષણો જોવા મળ્યા હતા અને પ્લેટલેટ્સ પણ ઓછા હતા. તેમને બ્રોંકાઈટિસ રોગ પણ થયો હતો. ઈસ્ટરના અવસરે, ૨૦ એપ્રિલે રવિવારે, તેમણે તેમનો છેલ્લો સંદેશ આપ્યો હતો.

### મરાઠી હતી ને મરાઠી જ રહેશે

# હિન્દી ભાષા થોપવાના આરોપ વચ્ચે દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરી દીધી

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા. ૨૧ ।

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટ કરી દીધું છે કે, રાજ્યમાં મરાઠી ભાષાનો દબદબો રહેશે અને હિન્દી ભાષાને થોપવાનું કોઈ કાવતરું નથી. પણ ફડણવીસે લોકોના વિચારો પર પણ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, મને નવાઈ લાગે છે કે, આપણે આપણી ભારતીય ભાષાઓ, જેમ કે હિન્દીનો વિરોધ કરીએ છીએ, પણ અંગ્રેજીના વખાણ કરીએ છીએ.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રવિવારે રાજ્યમાં હિન્દી ભાષાને થોપવાને લઈને ઊભી થયેલી ચિંતાને ફગાવી દેતા કહ્યું કે, મરાઠી ભાષા ફરજિયાત રહેશે. વિપક્ષી પાર્ટી, ખાસ કરીને શિવસેના અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ આરોપ લગાવ્યો છે કે, રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ત્રિભાષા ફોર્મ્યૂલા લાગૂ કરવાની મંજૂરી આપ્યા બાદ મહારાષ્ટ્રમાં હિન્દી થોપવામાં આવી રહી છે. પુણેમાં ભંડારકર શોધ સંસ્થામાં આયોજીત એક કાર્યક્રમમાં ભાગ લેતા ફડણવીસે પત્રકારોને જણાવ્યું કે, આ કહેવું ખોટું છે કે, રાજ્યમાં હિન્દી થોપવામાં આવી રહી છે. મહારાષ્ટ્રમાં મરાઠી ફરજિયાત રહેશે. આ ઉપરાંત કોઈ અન્ય અનિવાર્યતા નહીં હોય.

**ન્યૂઝ બ્રિફ**

## ખાનગી ટ્રાવેલ્સ બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં બેના મૃત્યું

। (એજન્સી) સિદ્ધપુર, તા.૨૧ ।

રવિવારે મોડી રાત્રે રાજસ્થાનથી સુરત જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સ બસ સિદ્ધપુરના મક્તુપુર નજીક ટ્રેલર પાછળ ઘૂસી જતાં ૨ લોકોના ઘટના સ્થળે મૃત્યુ થયા છે, ગોલ્ડન ચોકડી પાસે વહેલી સવારે અકસ્માત સર્જાયો હોવાની વાત સામે આવી છે, તો અન્ય ૧૭ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની જાણ થતાં એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. રવિવારે મોડી રાત્રે મહેસાણા-ઉંઝા હાઈવે પર સિદ્ધપુરના મક્તુપુર નજીક ખાનગી ટ્રાવેલ્સ બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનના બોલતરાથી સુરત તરફ જઈ રહેલી ટ્રાવેલ્સ બસ ટ્રેલર પાછળ ઘૂસી જતાં બે લોકોના મૃત્યુ નીપજ્યા હતા. જ્યારે ૧૭ મુસાફરો ઈજાગ્રસ્ત થયા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. મૃતકોના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડયા છે, મૃતદેહનું પીએમ થયા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવશે.

## વિસનગરના વ્યક્તિ સાથે ૨૧.૬૫ લાખની છેતરપિંડી થઇ

। (એજન્સી) મહેસાણા, તા.૨૧ ।

મહેસાણાના વિસનગરમાં એક વ્યક્તિ સાથે ૨૧.૬૫ લાખની છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. જેમાં ભલમનસાઈ બતાવવા જતા વેપારીને ૨૧ લાથખી વધુ રકમ ગુમાવવી પડી હતી. મહેસાણાના વિસનગરમાં રહેતા દિનેશભાઈ પટેલે વિસનગર શહેર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ સુરતના શખ્શોએ તેમની સાથે છેતરપીંડી આચરી.. દિનેશ પટેલ સાથે સુરતના પિતા પુત્ર પટેલ જયંતિભાઈ અને કૌશિક પટેલે મિત્રતા કેળવી હતી. પોતાને ત્યાં ઈક્મટેક્સ ની રેડને કારણે આર્થિક રીતે તૂટી ગયા હોવાની વાત કરી હતી.એટલું જ નહીં વકીલને આપવાના પણ પૈસા નથી કહી રૂ.૨૧.૬૫ લાખ મેળવી લીધા. પૈસા આપવા ના પડે તે માટે બીજા વ્યક્તિની થાર ગાડી પણ આપી હતી. ચેક પણ આપ્યા પણ ખાતામાં સ્ટોપ બેલેન્સ કરાવી દીધું .ત્યારબાદ પિતા પુત્ર તેઓની ઓફિસે આવેલ અને ઈક્મટેક્સની રેડ ના કેસમાં તેઓને ગાંધીનગર સચિવલમાં આઈએએસ અધિકારી ઋષભ રેડી મદદ કરતા હોવાનું જણાવીને ફોન ઉપર તેની સાથે વાત કરાવી હતી જેથી ઋષભ નામના શખ્શે પોતે આઈ એ એસ અધિકારી હોવાની ખોટી ઓળખાણ આપી બંને પિતા પુત્ર કેસ જીતી જશે અને તમારા પૈસા પરત આપી દેશે તેવો વિશ્વાસ આપ્યો હતો. જ્યારે સુરતના પિતા પુત્ર એ તેઓને ફેબ્રુઆરી મહિનામાં પૈસા પરત આપવાની વાત કરી હતી સમય થતા પૈસાની ઉઘરાણી કરતા બંનેને વાયદા બતાવ્યા હતા.

### અમદાવાદ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ડેન્ગ્યુ મેલેરિયા વિરોધી મેગા ડ્રાઇવ હાથ ધરાઇ

# અમદાવાદ જીલ્લામાં કુલ ૧૯૫૮ સ્થાનો પર ૧૭ પાત્રોમાં પોરા જોવા મળેલ અને ૩૦૨ વ્યક્તિઓ/દુકાનોને સ્થળ પર જ નોટીસ ફટકારવામાં આવી

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૨૧ ।

અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની મેલેરીયા શાખાના સંકલનમાં રહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ દ્વારા ટાયર પંચરની દુકાન, ભંગારની દુકાન, આંગણવાડી કેન્દ્રો, સરકારી ખાનગી શાળાઓ, ગ્રામ પંચાયત, એસટી ડેપો, ધાર્મિક સ્થળો સહિતના સ્થાનો પર ડેન્ગ્યુ મેલેરિયા વિરોધી મેગા ડ્રાઈવ અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી. કર્મચારીઓ દ્વારા શંકાસ્પદ મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરવામાં આવી અને મચ્છરના બ્રિડિંગ મળ્યા તેનો કર્મચારીઓ દ્વારા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. અમદાવાદ જીલ્લામાં કુલ ૧૯૫૮ સ્થાનો પર ૧૭ પાત્રોમાં પોરા મળેલ અને ૩૦૨ વ્યક્તિઓ/દુકાનોને સ્થળ પર જ નોટીસ ફટકારવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે, અમદાવાદ જિલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેશ પરમાર અને જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ દ્વારા નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ (એન.સી.વી.બી.ડી.સી) અંતર્ગત કામગીરી સઘન કરવામાં આવી છે.


તસ્વીર : નીલકંઠ વાસુકીયા, વિરમગામ

અમદાવાદ જિલ્લામાં વાહક જન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે સફળતા મળી છે. જોકે હાલનું વાતાવરણ મચ્છરોની ઉત્પતિ ને અટકાવવા માટે પોરાનાશક કામગીરીને વેગવંતી બનાવવામાં આવી છે. ઉલ્ટી ઉબકા થાય, માથામાં દુખાવો થાય, શરીરમાં કળતર થાય, ઠંડી અને ધ્રુજારી સાથે તાવ આવે જેવા કોઈ પણ લક્ષણો જોવા મળે તો નજીકના સરકારી દવાખાનામાં જઈને નિઃશુલ્ક લોહીની તપાસ કરાવવી જોઈએ. મેલેરીયાથી બચવા માટે પાણીના ખુલ્લા વાસણો હવા ચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા. પાણીની ટાંકી, ફુલદાની, કુલર, ફ્રીજની ટ્રે અઠવાડીયામાં એક વખત અવશ્ય સાફ કરો. ઘરની આસપાસ પાણી ન ભરાવા દો. પાણીના ખાડા ખાબોચીયા પુરી દો અથવા તો વહેવડાવી દો. કોઈ પણ તાવ મેલેરીયા હોઈ શકે છે. મેલેરીયાનો ફેલાવો મચ્છરથી જ થાય છે એટલે મચ્છરની ઉત્પત્તિ અટકાવશો તો મેલેરીયા થતો રોકી શકાશે તેમ અમદાવાદ જિલ્લા મેલેરીયા અધિકારી નરેન્દ્રસિંહ રાઠોડે જણાવ્યુ હતુ.


અમદાવાદ ખાતે આદી ફાઉન્ડેશન દ્વારા સરદાર પટેલ સ્ટેચ્યુ ચાર રસ્તા પાસે પક્ષીઓ અને પ્રાણીઓ માટે મફત માટીના કુંડા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોને ૧૦૦૦ થી વધુ કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ઉનાળાની ઋતુ દરમિયાન તેમના નિવાસસ્થાન નજીક પક્ષીઓ અને પ્રાણીઓ માટે પાણી મૂકવા વિનંતી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદીપ દવે અને મુકેશભાઈ મ્યુનિસિપલ કાઉન્સિલરો પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા અને આદી ફાઉન્ડેશનના કાર્યની પ્રશંસા કરી હતી. આદી ફાઉન્ડેશન અને જીવદયાના ટીમના સભ્યો પણ હાજર રહ્યા હતાં.

# સુરતમાં દરોડા સમયે પોલીસ સાથે બુટલેગર ગેન્ગનું ઘર્ષણ : બે ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતના ભરથાણા હનુમાન મંદિર પાસે રામનગરમાં દારૂનું વેચાણ થાય છે તેવા કંટ્રોલ રૂમના મેસેજના આધારે રેડ કરવા ગયેલી ઉત્રાણ પોલીસે બુટલેગરને દારૂની ૧૧ બોટલ સાથે ઝડપી લીધા બાદ તેણે બુમાબુમ કરતા તેના પરિજનો અને અન્યો એકત્ર થયા હતા અને પોલીસ સાથે માથાકૂટ કરી તેને ભગાડવા પ્રયાસ કર્યો હતો. દરમિયાન પોલીસ સાથે ઝપાઝપી પણ થઈ હતી. જોકે, પોલીસે બુટલેગરને ઝડપી પાડી બાદમાં આ અંગે ફરજમાં રૂકાવટ અને રાયોટિંગ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ વધુ બે આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા.મળતી માહિતી પ્રમાણે, ઉત્રાણ પોલીસે ગતરાત્રે નવ વાગ્યાના અરસામાં કંટ્રોલ રૂમના મેસેજના આધારે ભરથાણા હનુમાન મંદિર પાસે રામનગરમાં રેડ કરી ત્યાં ઘર નં.૮૪૬ માં દારૂ વેચતા બુટલેગર કરણ કૈલાશ ખીંચીને દારૂની ૧૧ બોટલ સાથે ઝડપી લીધો હતો. પોલીસ દારૂ કબ્જે કરી તેના વિરુદ્ધ કાર્યવાહી કરી રહી હતી ત્યારે કરણે બુમાબુમ કરતા આસપાસથી પરિવાર અને અન્ય લોકોનું ટોળું ધસી આવ્યું હતું.બુટલેગરે બૂમાબૂમ કરતાં પત્ની શારદા, ભાઈ ગજાનંદ ઉર્ફે પટેલ, તેની પતી નીમા, ભરત કૈલાશ ખીચી, લક્ષ્મણ ઉર્ફે જાસુડો દલાભાઈ કછાવા, શંકર ખીચી, તેની પત્ની તેજલ તેમજ અન્ય આશરે આઠથી દસ લોકો ત્યાં ભેગા થઈ ગયા હતા અને તમામે પોલીસ સાથે ઘર્ષણ પર ઉતરી આવ્યા હતા. પોલીસ સાથે ઝપાઝપી કરી કરણને છોડાવવા પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસે બળપ્રયોગ કરીને કરણને પકડી લીધો હતો.જયારે ગજાનંદ ઉર્ફે પટેલ અને ભરતને તેમણે ભગાડી દીધા હતા. ઉત્રાણ પોલીસે કરણને પકડી પાડ્યો હતો. તેને પોલીસ સ્ટેશન લાવી દારૂ અંગે કાર્યવાહી કરવાની સાથે બનાવ અંગે ફરજમાં રૂકાવટ અને રાયોટિંગનો ગુનો નોંધી અન્ય આરોપીઓને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી. પોલીસે ગણતરીની કલાકોમાં બે આરોપીઓનેપણપકડીપાડવામાંઆવ્યાહતા.પોલીસ સાથે બુટલેગરની ગેંગે કરેલા ઘર્ષણના સમાચારથી પોલીસબેડામાં પણ ચકચાર મચી ગઈ હતી.

## સ્કૂલમાં ચોક્કસ ધર્મ આધારિત પ્રાર્થના કે ઉપદેશ ના આપવા

। (એજન્સી) તાપી, તા.૨૧ ।

ગુજરાતના તાપીમાં આદિવાસીઓને ધર્માંતરણ કરવામાં આવતું હોવાને લઈને વિવાદ ઊથો છે. થોડા સમય પહેલા કથાકાર મોરારી બાપુએ તાપીમાં શાળામાં ૭૫ ટકા શિક્ષકો દેસાઈ છે અને સરકારનો પગાર લઈને ધર્મ પરિવર્તન કરવામાં આવતું હોવાનું જણાવ્યું હતું. આ મામલે રાજ્યના ગૃહમંત્રીએ પણ પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, 'ભોળા આદિવાસીઓને ફસાવીને ધર્મ પરિવર્તન કરાવનારાને છોડવામાં નહી આવે અને તેમના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.' સમગ્ર મામલે તાપી કલેક્ટરે જિલ્લા શિક્ષણ અધિકારીને લઈને પરિપત્ર જાહેર કર્યો છે. તાપી જિલ્લા શિક્ષણ અધિકારી તેમજ પ્રાથમિક શિક્ષણ અધિકારીના નેજા હેઠળની તમામ સ્કૂલમાં ચોક્કસ ધર્મ આધારિત પ્રાર્થના કે ઉપદેશ ના આપવા મામલે જિલ્લના કલેક્ટરે પરિપત્ર જાહેર કર્યો છે.

### સુરતમાં દિનપ્રતિ દિન ક્રાઈમની ઘટનાઓ સામે આવી રહે છે

# સુરતમાં બુડિયાગામ ખાડી કિનારેથી કંકાલ મળી આવતાં પોલીસ તપાસ શરૂ

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરત જીલ્લાનાં બુડિયાગામમાં ખાડી નજીકથી મહિલાનો કંકાલ મળી આવ્યો હતો. સચિન પોલીસે ૮ ટીમો બનાવી મોતનું રહસ્ય ઉકેલવા તપાસ હાથ ધરી હતી. બુડિયાગામ નજીકથી મહિલાનાં કપડાં સાથે હાડકાં મળી આવ્યામ હતા. સાથે બંગડી, ઝાંઝર સહિતની વસ્તુઓ મળી આવતાં હત્યા છે કે અકસ્માત થયો છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. આસપાસના વિસ્તારોમાં સચિન પોલીસે તપાસ શરૂ કરી દેવાઈ છે. સચિન ૈેંઢ્ઢઝ પોલીસે ૮ ટીમો બનાવી છે. ૩ અઠવાડિયા પહેલાં મહિલાનું મોત થયાનો ખુલાસો થયો છે. નવી સિવિલ હોસ્પિટલના પ્રાથમિક PM રિપોર્ટમાં ખુલાસો થયો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે યુવતી મધ્યમ વર્ગની હોવાનું અનુમાન કર્યું છે. ખોપરી, દાંત સહિતનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું હતું. સુરત શહેરમાં દિનપ્રતિ દિન ક્રાઈમની ઘટનાઓ સામે આવી રહે છે. ત્યારે આવામાં શહેરના સચીન વિસ્તારમાં એક પાણીની ટાંકીમાંથી માનવ કંકાલ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. સુરતના સચિન કોમ્યુનિટી હોલ નજીક આવેલાં જલારામ નગરમાં અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીનું સાફ સફાઈ કરવા જતાં બિનઉપયોગી પાણીની ટાંકીમાંથી માનવ કંકાલ મળી આવતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. મળતી માહિતી અનુસાર, શહેરના સચિનમાં આવેલ એક બિન વપરાશી ટાંકીમાંથી સાફ સફાઈ દરમિયાન માનવ કંકાલ અને અસ્થિઓ મળી આવી હતી.

આ ટાંકીમાં વરીયાવ જૂથનું પાણી લાવવાની તૈયારીઓ વચ્ચે ટાંકીને સાફ કરવા ઉતરનારા સફાઈ કર્મીને પાણીની સામાન્ય સપાટીમાં માનવ દેહનો કંકાલ દેખાઈ આવતાં તેણે તેની સાથે આવેલાં મહાપાલિકાના કર્મચારી જીતેન પટેલને જાણ કરી હતી. જીતેન પટેલે સચિન પોલીસને જાણ કરતાં તેઓ ઘટના સ્થળે પહોંચ્યાં હતાં.

# મહીસાગર જિલ્લામાં ખેડૂત નોંધણી ઝુંબેશ વેગવંતી બની : ૧.૨૫ લાખ ખેડૂતોના ફાર્મર આઈ ડી બન્યા : ખેડૂત નોંધણીની ૯૨ ટકા કામગીરી પૂર્ણ

। (માહિતી બ્યૂરો) મહીસાગર, તા.૨૧ ।

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારનાં સંયુક્ત પ્રયાસોથી ફાર્મર રજીસ્ટ્રી હેઠળ રાજ્યમાં ખેડતોને આધારકાર્ડની જેમ ફાર્મર આઈ.ડી આપવાની નોંધણી હાલ ચાલી રહી છે. મહીસાગર જિલ્લામાં ફાર્મર આઈ.ડી ખેડૂત નોંધણી ઝડપથી થાય તે માટે ઝુંબેશના સ્વરૂપે કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લામાં હાલ ખેડૂત નોંધણીની ૯૨ ટકા કામગીરી પૂર્ણ થઈ છે સવા લાખથી વધુ ખેડૂતોએ ફાર્મર આઈ ડી મેળવ્યું છે ત્યારે ગ્રામ્ય કક્ષાએ આ કામગીરીની સમીક્ષા કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી જે આર પટેલે આજે ડોકેલાવ અને લાડવેલ, રાજગઢ ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી.

જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની ટીમની મુલાકાતમાં નોંધણી દરમિયાન આવતી ટેકનિકલ સમસ્યાઓનું નિવારણ થાય તેમજ ઝડપથી ખેડૂત નોંધણી કામગીરી પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. તેમની આ મુલાકાત દરમિયાન મદદનીશ ખેતી



નિયામકશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી), ગ્રામસેવક, વીસીઈ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને આ રજીસ્ટ્રેશનથી તમામ ખેતીવાડી અને ધિરાણ સંબંધી લાભો સરળતાથી મળશે તેમજ ફાર્મર આઈડી થનાર વિવિધ ફાયદાઓ વિશે માહિતી આપવામાં હતી. ભારત સરકારે પીએમ કિસાનના આગામી હપ્તા માટે ખેડૂત આઈડીની નોંધણી ફરજિયાત કરી હોવાથી ખેડૂતોને વહેલી તકે આઈડી મેળવી લેવા અપીલ કરવામાં આવી હતી.વધુ માહિતી માટે તાલુકાનાં મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જે તે ગામના તલાટી કમ મંત્રી, ગ્રામસેવક અને વી સી ઈ નો સંપર્ક કરવાનો રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

### પશ્ચિમ રેલ્વે દ્વારા તેના કર્મચારીઓના કલ્યાણ અને સુવિધાને વધારવા માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે

# ભારતીય રેલ્વે દ્વારા લોકો પાઇલટ્સની કાર્ય સ્થિતિઓ અને સેફ્ટી મા સુધાર માટે મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા

। અમદાવાદ, તા.૨૧ ।

ભારતીય રેલ્વે દ્વારા લોકો પાયલોટ ના કામ કરવાના માહોલ અને કલ્યાણ ને બેહતર બનાવવા માટે છેલ્લા એક દાયકામાં ઘણા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે. રેલ્વે મંત્રાલયે લોકો પાઈલટ્સની સેફ્ટી , આરામ અને કાર્ય-જીવન સંતુલનને પ્રાથમિકતા આપી છે. ૨૦૧૪પહેલા, રનિંગ રૂમ અને લોકોમોટિવ કેબમાં એર કન્ડીશનીંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ નહોતી, પરંતુ ૨૦૨૪ સુધીમાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે. આજે ભારતીય રેલ્વેના તમામ ૫૫૮ રનિંગ રૂમ એર કન્ડીશનીંગ છે અને તે ઈં પાણી, યોગ અને ધ્યાન જગ્યાઓ, વાંચન રૂમ અને રિયાયતી ભોજન જેવી આધુનિક સુવિધાઓથી સજ્જ છે. વધુમાં, ૭૦૭૫ લોકોમોટિવ કેબ એર કન્ડીશનીંગ, એર્ગોનોમિક સીટિંગ અને અન્ય સુવિધાઓથી સુસજ્જિત કરવામાં છે જે લાંબા સમય સુધી કામ કરતા કર્મચારીઓનો થાક ઘટાડે છે. નોંધનીય છે કે હવે બધા નવા એન્જીનો માં માનક ન રૂપે શૌચાલયની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. હવે ૧૧૭૦ એન્જીનો માં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, જ્યારે જૂના એન્જીનો પણ જરૂરી અપગ્રેડ સાથે રિટ્રોફિટ કરવામાં આવી રહ્યા છે. વધુમાં, વ્યસ્ત રૂટ પર નવા રનિંગ રૂમ બનાવવામાં આવી રહ્યા છે, જેનાથી સ્ટાફ માટે કામ કરવાનો સમય ઓછો થાય છે. આ પગલાંથી કામ કરવાની સ્થિતિમાં સુધારો થયો છે અને કર્મચારીઓને વધુ સારી આરામ અને સુવિધા મળી છે. સેફ્ટી ના મામલા માં ભારતીય રેલ્વે એ લોકો પાઈલટ્સ ની સેફ્ટી સુનિશ્ચિત કરવા માટે 'કવચ' સિસ્ટમ, ધુમ્મસમાં સલામતી માટે ફોગ -સેફ્ટી ઉપકરણો અને ડ્રાઈવર એલર્ટ ઉપકરણો જેવી ઘણી અદ્યતન તકનીકો અપનાવી છે. ૨૧,૦૦૦ થી વધુ ફોગ સેફ્ટી ડિવાઈસ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે અને સિમ્યુલેટર-આધારિત તાલીમ સ્ટાફની નિર્ણય લેવાની ક્ષમતામાં સુધારો કરી રહી છે. વધુમાં, 'વિજિલન્સ કંટ્રોલ ડિવાઈસ'ના ઉપયોગથી લોકો પાઈલટ્સની સેફ્ટી અને કાર્યક્ષમતામાં વધુ સુધારો થયો છે. આ ટેકનોલોજીકલ પ્રગતિ ભારતીય રેલ્વેના એકંદર સલામતી ધોરણોને વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

કોવિડ-૧૯ પછી, ભારતીય રેલ્વેએ બે પ્રમુખ કમ્પ્યુટર-આધારિત ભરતી પરીક્ષાઓ સફળતાપૂર્વક યોજી હતી જેમાં ૨.૩૭ કરોડથી વધુ ઉમેદવારોએ સામેલ થયા હતા . પરિણામ સ્વરૂપ, ૫૧,૮૫૬ સહાયક લોકો પાઈલોટ્સ/લોકો પાઈલોટ્સ સહિત ૧.૩૦ લાખથી વધુ ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી. ભરતી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા, સમયસર પરીક્ષાઓ અને ઝડપી પ્લેસમેન્ટ પ્રક્રિયાઓ સુનિશ્ચિત કરવા માટે ૨૦૨૪ થી શરૂ થતું વાર્ષિક ભરતી કેલેન્ડર લાગુ કરવામાં આવ્યું છે. આ પહેલ ભરતી પ્રક્રિયાને વધુ પારદર્શક અને અનુકૂળ બનાવે છે એટલું જ નહીં પરંતુ સમયસર નિમણૂકો પણ સુનિશ્ચિત કરે છે, જેનાથી ભારતીય રેલ્વેની કાર્યક્ષમતામાં વધારો થાય છે. લોકો પાઈલટ્સના કામના કલાકો રેગુલેટ કરવામાં આવ્યા છે, સરેરાશ ફરજ કલાકો ૧૪ દિવસમાં ૫૨ કલાક થી વધુ નહીં હોય. વધુમાં, માલવાહક, ઉપનગરીય અને પેસેન્જર ટ્રેનો માટે જરૂરી ઓનબોર્ડ અને સ્ટેશન સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જેમાં પૂરતો આરામ સમય અને મૂળભૂત સુવિધાઓનો સમાવેશ થાય છે.

ભારતીય રેલ્વે કર્મચારીઓના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, કાઉન્સેલિંગ સત્રો અને પરિવારલક્ષી કાર્યક્રમો દ્વારા મનોબળ વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ પહેલો દ્વારા, ભારતીય રેલ્વે તેના કર્મચારીઓના કલ્યાણ અને સલામતી પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે.

આ દિશામાં આગળ વધીને, પશ્ચિમ રેલ્વે દ્વારા તેના રનિંગ સ્ટાફના કલ્યાણ અને આરામ ને વધારવા માટે પણ પગલાં લેવામાં આવ્યા છે. સમગ્ર ઝોનમાં અમારા બધા રનિંગ રૂમ સંપૂર્ણપણે એર કન્ડિશન્ડ છે. FSSAI પ્રમાણપત્ર સાથે સબસિડીવાળી કેન્ટીન સુવિધાઓ, યોગ અને ધ્યાન રૂમ, વાંચન રૂમ, ફૂડ માલિશ કરનારા, સ્વચ્છ શૌચાલય, વેકઅપ કોલ સુવિધાઓ, શૂ પોલિશ વગેરે સુવિધાઓ પણ રનિંગ રૂમ સુવિધાઓનો ભાગ છે.

રનિંગ રૂમમાં શાકાહારી અને માંસાહારી ભોજન માટે અલગ-અલગ રસોઈ ઘર , ડાઈનિંગ હોલ, એક ધ્યાન ખંડ અને મનોરંજન પ્રવૃત્તિઓ માટે એક પુસ્તકાલય છે. મહિલા કર્મચારીઓની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, પસંદગીના રનિંગ રૂમમાં સમર્પિત રૂમ અને શૌચાલયની સુવિધાઓ પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. કર્મચારીઓ ની સેફ્ટી માટે સતત દેખરેખ અને સલામતી સુનિશ્ચિત કરવા માટે રનિંગ રૂમ સીસીટીવી કેમેરાથી સજ્જ છે. બાંદ્રા ટર્મિનસ રનિંગ રૂમ જેવી સુવિધાઓ ને તેમના ઉત્તમ સંચાલન માટે અનેક પુરસ્કારો મળ્યા છે. આ પશ્ચિમ રેલ્વેની કર્મચારીઓ ની સુવિધા અનેસુરક્ષા ના ઉચ્ચ ધોરણો ને જાળવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સુનિશ્ચિત કરે છે કે વિવિધ સ્થળોએ કર્મચારીઓ ને આધુનિક અને આરામદાયક સુવિધાઓ પ્રાપ્ત થાય , જેનાથી એમના કાર્ય-જીવન માં સંતુલન અને કુશળતા જળવાઈ રહે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### રઝિયાએ પતિ નૌશાદની હત્યા કરીને ટ્રોલીબેગમાં પૂર્યો

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લામાં એક હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં પત્ની રઝિયાએ તેના પતિ નૌશાદ અહમદની હત્યા કર્યા બાદ તેના મૃતદેહને ટ્રોલી બેગમાં ભરીને ઘરથી ૫૫ કિલોમીટર દૂર ખેતરમાં ફેંકી દીધી હતી. નૌશાદ ૧૦ દિવસ પહેલાં જ દુબઈથી પરત ફર્યો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું કે રઝિયાનો તેના ભાણેજ સાથે પ્રેમ-સંબંધ ચાલી રહ્યો હતો. મળતા અહેવાલ મુજબ, ઉત્તરપ્રદેશના છાપર પટખૌલી ગામના ખેડૂત રવિવારે (૨૦ એપ્રિલ ૨૦૨૫) સવારે ખેતરમાં પહોંચ્યા. ત્યાં તેમને એક ટ્રોલી બેગ નકામી પડેલી મળી હતી. તેમણે આની જાણ પોલીસને કરી અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી. ટ્રોલી બેગમાં એરપોર્ટનો બારકોડ હોવાથી શબની ઓળખ થઈ શકી હતી. પોલીસના જણાવ્યા મુજબ, શબની ઓળખ ભટૌલી ગામના રહેવાસી નૌશાદ અહમદ તરીકે થઈ છે. આ કેસમાં પત્ની રઝિયાએ પૂછપરછ દરમિયાન પોતાના પતિની હત્યાનો ગુનો કબૂલી લીધો છે. જોકે તેનો પ્રેમી ભાણેજ હજુ ફરાર છે, અને પોલીસ તેને શોધી રહી છે. હાલમાં જ પત્નીઓ દ્વારા પતિની હત્યાનાં ષડયંત્ર રચવાના અનેક કિસ્સા જોવા મળ્યા છે.

### ચેન્નાઈ સુપર કિંગ્સ હજુ પણ પહોંચી શકે છે પ્લેઓફમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

મુંબઈ ઈન્ડિયન્સે IPL 2025ની અલ ક્લાસિકો ટક્કરમાં ચેન્નાઈ સુપર કિંગ્સને ૯ વિકેટે હરાવ્યું. વાનખેડે સ્ટેડિયમમાં CSK ટીમ MI સામે ખરાબ રીતે હારી હતી. પ્રથમ બેટિંગ કરતા CSKએ ૫ વિકેટે ૧૭૬ રન બનાવ્યા હતા. રવિન્દ્ર જાડેજા અને શિવમ દુબેએ અડધી સદી ફટકારી હતી, પરંતુ સૂર્યકુમાર યાદવ અને રોહિત શર્માએ શાનદાર બેટિંગ કરીને MIને આસાનીથી જીત અપાવી હતી. આ હાર બાદ CSK IPL ટેબલમાં તળિયે છે અને તેના માટે પ્લેઓફમાં પહોંચવું લગભગ અશક્ય બની ગયું છે. મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને શાનદાર જીત નોંધાવી હતી. IPL ૨૦૨૫માં મુંબઈ ઈન્ડિયન્સ માટે આ જીત ઘણી મહત્વપૂર્ણ હતી. મેચમાં રોહિત શર્મા અને સૂર્યકુમાર યાદવે શાનદાર અડધી સદી ફટકારી હતી. તેની શાનદાર બેટિંગના કારણે મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને આસાનીથી હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે ૧૭૬ રન બનાવ્યા હતા. શિવમ દુબે અને રવિન્દ્ર જાડેજાએ અડધી સદી ફટકારી ટીમને સારા સ્કોર સુધી પહોંચાડી હતી. દુબેએ ૩૨ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા જ્યારે જાડેજાએ ૩૫ બોલમાં અણનમ ૫૩ રન બનાવ્યા હતા. પરંતુ, મુંબઈ ઈન્ડિયન્સના બેટ્સમેનોની સામે આ સ્કોર ઓછો પડ્યો. ૧૭૭ રનના ટાર્ગેટનો પીછો કરતા રોહિત શર્મા ૪૫ બોલમાં ૭૬ રન બનાવીને અણનમ રહ્યો હતો.

### નાના 3 બાળકોને રડતા મૂકી પત્ની દિયર સાથે ભાગી ગઈ

। (એજન્સી) હાપુડ, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશના હાપુડમાંથી ત્રણ બાળકોની માતા પોતાના દિયર સાથે ભાગી ગઈ. ભારે શોધખોળ કરી છતાં તેઓ મળ્યા નહીં, તો પતિએ પોલીસની મદદ માગી. પિતા ત્રણ બાળકો સાથે પોલીસ પાસે પહોંચ્યો અને બાળકોની માતાને શોધી આપવા માટે આજીજી કરી. બાળકો પણ હાથ જોડીને માતાને ઘરે પાછા આવવાની અપીલ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૭ વર્ષિય લક્ષ્મી, જે ત્રણ બાળકોની મા છે, પોતાના દિયરના પ્રેમમાં પડી ગઈ અને નાના નાના બાળકોને રડતા મૂકીને ભાગી ગઈ. હવે ત્રણેય બાળકોની જવાબદારી તેના પિતા પર આવી ગઈ છે અને મા વિનાના બાળકોની રડી રડીને હાલત ખરાબ થઈ ગઈ છે. દિલ્હી રોડ પર આવેલા રામગઢીમાં રહેતા અર્જુને જણાવ્યું કે, તેમના લગ્ન ૨૦૧૭માં ગ્રેટર નોઈડા એનટીપીસીના જારચા ગામની લક્ષ્મી સાથે થયા હતા. લગ્ન બાદ તેમને ત્યાં ત્રણ બાળકો થયા. આ દરમિયાન લક્ષ્મીને કાકાના દીકરા દીપૂ સાથે આડા સંબંધો થયા. તેનો આરોપ છે કે, લક્ષ્મી ઘરમાં રાખેલા રોકડ રકમ અને ઘરેણાં લઈને ફરાર થઈ ગઈ છે. એસપી સાહેબ પાસે ફરિયાદ લઈને પહોંચેલા અર્જુને જણાવ્યું કે, તેની પત્ની પાડોશમાં રહેતા વીરપાલના દીકરા દીપૂ સાથે ભાગી ગઈ છે. અર્જુનનો આરોપ છે કે, લક્ષ્મી ઘરમાં રાખેલા ૧૫ હજાર રૂપિયા અને એક લાખના ઘરેણાં લઈને ભાગી ગઈ છે. તેનું કહેવું છે કે, બાળકો નાના છે અને માને શોધી રહ્યા છે.

#### મહત્ત્વની વાત એ છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐયરની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ફરીથી વાપસી થઈ છે

# BCCIએ ભારતીય ખેલાડીઓના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી

। (એજન્સી) મુંબઈ, તા. ૨૧ ।




BCCIએ ભારતીય ખેલાડીઓ માટે નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની જાહેરાત કરી દીધી છે. આ નવા કોન્ટ્રાક્ટમાં કુલ ૩૪ ખેલાડીઓને સ્થાન મળ્યું છે. મહત્ત્વની વાત એ છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐયરની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ફરીથી વાપસી થઈ છે. આ સાથે ઘણા ખેલાડીઓને પ્રથમ વખત સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં સ્થાન મળ્યું છે. ભારતના પુરુષ ક્રિકેટરો માટે આ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ૧ ઓક્ટોબર ૨૦૨૪થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા માટે છે. BCCIએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ૩૪ ખેલાડીઓને ચાર ગ્રેડમાં વિભાજિત કર્યા છે. દરેક ખેલાડીને તેમના ગ્રેડ મુજબ BCCI તરફથી વાર્ષિક રકમ આપવામાં આવશે. સૌથી વધુ A+ ગ્રેડના ખેલાડીઓને ૭ કરોડ રૂપિયા મળશે. છ ગ્રેડના ખેલાડીઓને ૫ કરોડ રૂપિયા, B ગ્રેડના ખેલાડીઓને ૩ કરોડ રૂપિયા, અને C ગ્રેડના ખેલાડીઓને વાર્ષિક ૧ કરોડ રૂપિયા મળશે. BCCIએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટના A+ ગ્રેડમાં ૪ ખેલાડીઓને સ્થાન આપ્યું છે. આ ગ્રેડમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાનો સમાવેશ થાય છે. A ગ્રેડમાં ૬ ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં મોહમ્મદ સિરાજ, કેએલ રાહુલ, શુભમન ગિલ, હાર્દિક પંડ્યા, મોહમ્મદ શમી અને ઋષભ પંતના નામ છે. નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં B ગ્રેડમાં શ્રેયસ ઐયરની વાપસી જોવા મળી છે. મહત્ત્વની વાત એ છે કે ઈશાન કિશન અને શ્રેયસ ઐયરની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ફરીથી વાપસી થઈ છે, નવા કોન્ટ્રાક્ટમાં કુલ ૩૪ ખેલાડીઓને સ્થાન મળ્યું શ્રેયસ ઉપરાંત આ ગ્રેડમાં સૂર્યકુમાર યાદવ, અક્ષર પટેલ, કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલ સામેલ છે. C ગ્રેડમાં કુલ ૧૯ ખેલાડીઓને સ્થાન મળ્યું છે, જેમાં ઈશાન કિશનનો પણ સમાવેશ થાય છે. ઈશાન કિશન ઉપરાંત આ ગ્રેડમાં રિંકુ સિંહ, તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, શિવમ દુબે, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, મુકેશ કુમાર, સંજુ સેમસન, અર્શદીપ સિંહ, પ્રસિદ્ધ કૃષ્ણા, રજત પાટીદાર, ધ્રુવ જુરેલ, સરફરાઝ ખાન, નીતિશ કુમાર રેડ્ડી, અભિષેક શર્મા, આકાશદીપ, વરુણ ચક્રવર્તી અને હર્ષિત રાણાના નામ સામેલ છે.

#### લતિફે ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લીધી હતી

# મારી આત્મકથામાં મેચ ફિક્સિંગના બધા રહસ્યોનો ઘટસ્ફોટ કરીશ: રાશિદ

### કે પાકિસ્તાનના પૂર્વ સુકાનીએ પાકિસ્તાન ટીમના મેચ ફિક્સિંગ કાંડ અંગે ધડાકો કર્યો હતો

। (એજન્સી) કરાચી, તા.૨૧ ।



પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન રાશિદ લતિફે તેની આત્મકથામાં પાકિસ્તાનની ટીમના મેચ ફિક્સિંગ કાંડ અંગે તમામ રહસ્યોનો ઘટસ્ફોટ કરવાનું જણાવ્યું છે. ૯૦ના દાયકામાં પાકિસ્તાન ટીમ પર મેચ ફિક્સિડનો આરોપ લાગતા ખળભળાટ મચી ગયો હતો. રાશિદે દાવો કર્યો છે કે, મારા પુસ્તકમાં હું તમામ હકીકત અંગે વિસ્તારપૂર્વક જણાવીશ જેનાથી તમામની આંખ ઉઘડશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ક્રિકેટ ટીમનો પૂર્વ કેપ્ટન રહી ચુકેલા રાશિદે પાક. ડ્રેસિંગરૂમમાં મેચ ફિક્સિંગ થતું હોવાનો સૌપ્રથમ ધડાકો કર્યો હતો. લતિફના મતે તેણે આત્મકથા લખવાની કામગીરી શરૂ કરી દીધી છે. લતિફે ૨૦૦૪માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તી લીધા બાદ આ સૌપ્રથમ વખત તેની આત્મકથા વિશે વાત કરી હતી. રાશિદ લતિફ પાકિસ્તાન ક્રિકેટના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ વિકેટકીપર પૈકીનો એક છે. ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન લતિફ અને પૂર્વ પાક. ક્રિકેટર બાસિત અલીએ નિવૃત્તિ લેવાની જાહેરાત સાથે મેચ ફિક્સિંગ કૌભાંડ અંગે સૌનું ધ્યાન દોર્યુ હતું. તેમના જણાવ્યા મુજબ, ડ્રેસિંગરૂમમાં જે પ્રકારનો માહોલ છે તેને જોતા ટીમમાંથી રમવું શક્ય નથી. લતિફે દાવો કર્યો હતો કે મેચમાં કેટલાક ખેલાડીઓ જાણી જોઈને હારવા માટે રમતા હતા અને તેના ઉપર પણ આવું કરવા દબાણ કરાતું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં જસ્ટિસ કૈયુમ દ્વારા ન્યાયિક તપાસ હાથ ધરાઈ હતી અને મેચ ફિક્સિંગ બદલ સલિમ મલિક ઉપર આજીવન પ્રતિબંધ મુકાયો હતો. આ ઉપરાંત વસિમ અકરમ, વકાર યુનિસ અને મુશ્તાક અહેમદને તપાસમાં સહકાર ના આપવા બદલ દંડ કરાયો હતો. પેસ બોલર અતા-ઉર-રહેમાન પર ખોટી જુબાની બદલ આજીવન પ્રતિબંધ લદાયો હતો. જસ્ટિસ કૈયુમનો અહેવાલ જાહેર થયો હોવા છતાં વર્ષો સુધી પાકિસ્તાન ટીમમાં મેચ ફિક્સિંગનું દુષણ જોવા મળ્યું હતું. સ્પોટ ફિક્સિંગ કાંડ બદલ દાનિશ કનેરિયા, સલમાન બટ્ટ, મોહમ્મદ આસિફ, મોહમ્મદ આમિર, સર્જિલ ખાન, ખાલિદ લતિફ અને અન્ય ખેલાડીઓ પર પ્રતિબંધ મુકાયો હતો.

# ઈડીની કાર્યવાહીથી ડરીશું નહીં, વકફની લડાઈ અમે જીતીશું: ખડગે

### સુપ્રીમ કોર્ટે વકફ કાયદા મામલે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ ઉભાં કરેલાં મુદ્દાઓને મહત્વ આપ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



સોનિયા અને રાહુલ ગાંધી સહિતના પક્ષના નેતાઓ સામેની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહીથી કોંગ્રેસ ડરશે નહીં તેવો હુંકાર કરતાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર સામેની વકફ કાયદા સામેની જંગમાં તેઓ વિજયી બનશે.પક્ષના મહાસચિવો અને હોદ્દેદારોની બેઠકને સંબોધતા ખડગેએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે વકફ કાયદા મામલે કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ ઉભાં કરેલાં મુદ્દાઓને મહત્વ આપ્યું છે. સરકાર પર આક્ષેપ મુકતાં તેમણે જણાવ્યું હતું કે, વકફ પ્રોપર્ટીઝમાં વિવાદો ઉભાં કરવા માટે સરકારે જાણી જોઈને વકફ બાય યુઝરનો મુદ્દો ઉઠાવ્યો છે. વકફ સુધારા બિલના વિરોધમાં કોંગ્રેસે સમગ્ર વિપક્ષને એકજૂથ કર્યો છે. સુપ્રીમ કોર્ટ આ કેસની સુનાવણી કરી રહી છે અને અમને વિશ્વાસ છે કે અમે આ લડાઈ જીતીશું. તેમણે કેન્દ્ર સરકાર પર વકફ મામલે લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ મુક્યો હતો. નેશનલ હેરાલ્ડ કેસમાં ઈડીની ચાર્જશીટમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનું નામ દાખલ કરવાની અને દિલ્હી, લખનૌ તથા મુંબઈની નેશનલ હેરાલ્ડની સંપત્તિઓ જપ્ત કરવાની કાર્યવાહી બદલાની ભાવનાથી કરાઈ છે. તે લોકો ગમે તેના નામ ચાર્જશીટમાં મુકે પણ અમે તેનાથી ડરવાના નથી તેમ તેમણે ઉમેર્યુ હતું. નેશનલ હેરાલ્ડ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક વિશેષ અદાલતમાં ફાઈલ કરેલી ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો પર રૂ. ૯૮૮ કરોડના મની લોન્ડરિંગનો આક્ષેપ કર્યો છે.



નવી દિલ્હી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ચર્ચા કરતા નજરે પડે છે.

## પાકિસ્તાન બોર્ડ પાસેથી બાકી ભથ્થું મળે તેની રાહ જોઈ રહ્યો છું : ગિલેસ્પી

। (એજન્સી) કરાચી, તા.૨૧ ।

ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ પેસ બોલર તેમજ પાકિસ્તાનના પૂર્વ કોચ જેસન ગિલેસ્પીએ દાવો કર્યો છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પાસેથી તેને ભથ્થા પેટે કેટલીક રકમ લેવાની બાકી છે. ગિલેસ્પીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી હતી અને જણાવ્યું હતું કે, પીસીબી તરફથી હજુ મારા કેટલાક બાકી પગારની રકમ માટે રાહ જોઈ રહ્યો છું.પાક. બોર્ડ તરફથી આ બાકી રકમની મંજૂરીની રાહ જોઈ રહ્યો છું. ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયાના પૂર્વ બોલર જેસન ગિલેસ્પી અને દક્ષિણ આફ્રિકાના પૂર્વ ખેલાડી ગેરી કર્સ્ટનની પાકિસ્તાન ક્રિકેટ ટીમમાં ટેસ્ટ તેમજ સિમિત ઓવર માટેના હેડ કોચ તરીકે નિમણૂક કરી હતી. બંનેને બે વર્ષ માટે કરારબદ્ધ કરવામાં આવ્યા હતા પરંતુ છ મહિનાની અંદર જ રાજીનામું આપવાની ફરજ પાડી હતી.બંને વિદેશી કોચને રાષ્ટ્રીય પસંદગી સમિતિમાં સ્થાન સહિત વધુ છૂટછાટને બોર્ડે પરત ખેંચી હતી. ત્યારબાદ સૌપ્રથમ વખત પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ સાથેની નાણાકીય બાબતો અંગે કોઈએ મૌન તોડ્યું છે. ગિલેસ્પીએ જણાવ્યું કે, હું પીસીબી પાસેથી મારા ભથ્થાની રાહ જોઈ રહ્યો છું.

#### દિલ્હીમાં આમ આદમી પાર્ટી પાણીમાં બેસી ગઈ

# આમ આદમી પાર્ટીએ મેયરની ચૂંટણી લડવાની ના પાડી દીધી

### ભાજપે જ્યાં જ્યાં ચૂંટણી હારે છે, ત્યાં સામ દામ દંડ ભેદની નીતિ અપનાવી સરકાર બનાવે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૧ ।




આમ આદમી પાર્ટીએ મેયરની ચૂંટણીને લઈને મોટી જાહેરાત કરી દીધી છે. પાર્ટીએ કહ્યું કે, આ વખતે તેઓ મેયરની ચૂંટણી નહીં લડે. દિલ્હીના પૂર્વ સીએમ આતિશીએ કહ્યું કે, ભાજપે જ્યાં જ્યાં ચૂંટણી હારે છે, ત્યાં સામ દામ દંડ ભેદની નીતિ અપનાવીને સરકાર બનાવે છે. બીજી પાર્ટીઓને તોડીને ભાજપ સરકાર બનાવે છે. એમસીડી ચૂંટણીને ગુજરાતની ચૂંટણી સાથે કરાવી, પણ તેમના કોઈ પ્રયાસો સફળ થયા નહીં. છેલ્લા અઢી વર્ષથી આમ આદમી પાર્ટીના કોર્પોરેટરોને ભાજપ તોડીને લઈ ગઈ. અમે કોઈ પણ ધારાસભ્ય કે કોર્પોરેટરને ખરીદવા-વેચવામાં માનતા નથી. પૂર્વ સીએમ આતિશીએ કહ્યું કે, હાલમાં તોડફોડ બાદ એમસીડીમાં ભાજપની બહુમત છે. અમે તોડફોડની રાજનીતિ નથી કરતા. તો આ વખતે ચૂંટણી નહીં લડીએ. ભાજપ પોતાની ટ્રિપલ એન્જીનની સરકાર ચલાવે. દિલ્હીમાં કાયદો અને સફાઈની જવાબદારી નિભાવે. અમે એક મજબૂત વિપક્ષની રાજનીતિ નિભાવીશું. આતિશીએ કહ્યું કે, ભાજપે તોડફોન કરીને નિગમમાં પોતાનું સંખ્યાબળ વધારી દીધું છે. જો અમારી ચૂંટણી જીતવી હોય તો અમારે તોડફોડ કરવી પડી, જે અમે નહીં કરીએ. આમ આદમી પાર્ટીના મેયર ચૂંટણીમાં ભાગ ન લેવાના નિર્ણય બાદ ભાજપ તરફથી પ્રહારો થયા છે. ભાજપના દિલ્હી પ્રવક્તા પ્રવીણ શંકર કપૂરે કહ્યું કે આમ આદમી પાર્ટી સારી રીતે જાણે છે કે દિલ્હી નગર નિગમમાં તેઓ બહુમત ખોઈ ચુક્યા છે. છેલ્લા અઢી વર્ષમાં નગર નિગમની જાળવણી અને પ્રશાસનિક કામ બંધ પડ્યા છે. તેના કારણે આમ આદમી પાર્ટી ચૂંટણી બહિષ્કારનું નાટક કરી રહી છે. ભાજપના પ્રવક્તાએ જ્યાં આમ આદમી પાર્ટીને મેયર ચૂંટણીમાંથી પાછીપાની કરવા પર પાર્ટીનો ઘેરાવ કર્યો. તો વલી કોંગ્રેસ અને આપના ગઠબંધનની વાતો પણ થઈ રહી છે. તેમણે કહ્યું કે, શક્ય છે કે અહીંથી આગળ આપ અને કોંગ્રેસ ગઠબંધન કરે. જો કે આ અગાઉ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધન નહોતું કર્યું અને એકલા જ મેદાનમાં ઉતર્યા હતા. હકીકતમાં જોઈએ તો, સોમવાર એટલે કે ૨૧ એપ્રિલ એ દિલ્હીમાં MCD મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે નામાંકનનો છેલ્લો દિવસ છે. તે જ દિવસે, આમ આદમી પાર્ટીએ ચૂંટણીમાંથી ખસી જવાની જાહેરાત કરી છે. દિલ્હીમાં મેયરપદની ચૂંટણી ૨૫ એપ્રિલે યોજાવાની છે, તેથી નામાંકનના છેલ્લા દિવસે આમ આદમી પાર્ટી અને ભાજપ મેયર અને ડેપ્યુટી મેયર માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરવાના હતા.

#### મા-પુત્રીની ૧૨ કલાક સુધી પૂછપરછ

# પત્નીએ આંખમાં મરચાંનો પાવડર નાખી પૂર્વ DGP ઓમ પ્રકાશની હત્યા

### સંપત્તિ મામલે ઝઘડો થતાં પત્નીએ પહેલાં મરચાનો પાવડર ફેંકી પતિને બાંધી દીધા હતા અને બાદમાં ચપ્પાના ઘા મારી હત્યા કરી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૧ ।



કર્ણાટકના પૂર્વ ડીજીપી ઓમ પ્રકાશની પત્ની દ્વારા જ ગઈકાલે રવિવારે હત્યા કરી દીધી હોવાના ઘટસ્ફોટ બાદ વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ૬૮ વર્ષીય નિવૃત્ત ડીજીપીના પેટ અને છાતી પર ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. પત્ની સાથે સંપત્તિ વિવાદ મામલે ઝઘડો થતાં પત્નીએ પહેલાં મરચાનો પાવડર ફેંકી પતિને દોરડાં વડે બાંધી દીધા હતા અને બાદમાં ચપ્પાના ઘા મારી હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. હુમલામાં એક કાચની બોટલનો પણ ઉપયોગ થયો હતો. સુત્રોએ જણાવ્યા પ્રમાણે, હત્યા બાદ નિવૃત્ત અધિકારીની પત્નીએ પોતે જ અન્ય એક પોલીસ કર્મીને આ હત્યા વિશે માહિતી આપી હતી. બાદમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઓમ પ્રકાશની પત્ની અને તેની પુત્રીની ધરપકડ કરી હતી. બંનેની આશરે ૧૨ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. હત્યામાં તેમની પુત્રીની ભૂમિકા છે કે નહીં, તેની તપાસ થઈ રહી છે. આ મામલે ડીજીપીના પુત્રે ફરિયાદ નોંધાવી છે. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, ઓમ પ્રકાશ અને તેમની પત્ની વચ્ચે જમીન-સંપત્તિ મામલે વિવાદ થયો હતો. ઓમ પ્રકાશે પોતાની એક સંપત્તિ કોઈ સંબંધીના નામે કરી દીધી હતી. જેના કારણે બંને વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડો વધતાં બંને વચ્ચે મારામારી થઈ હતી. બાદમાં પત્નીએ પતિની આંખમાં મરચાનો પાવડર નાખી તેમને દોરડા વડે બાંધી દીધા હતા. અને છાતી તથા પેટના ભાગે ચપ્પાના ઘા મારી હત્યા કરી હતી. બેંગ્લુરૂના એસીપી વિકાસ કુમારે જણાવ્યું હતું કે, અમને ગઈકાલે વહેલી સવારે ચાર વાગ્યે પૂર્વ ડીજીપીની હત્યા થઈ હોવાની જાણકારી મળી હતી. ઓમ પ્રકાશ ૧૯૮૧ બેન્ચના આઈપીએસ અધિકારી હતાં.

## તંત્રી લેખ...

# ટ્રેડવોર વચ્ચે ચીને અન્ય દેશોને આપી ચીમકી

અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડવૉરનો ભોગ અન્ય દેશો બની રહ્યા છે. બંને દેશ અન્ય દેશો પર દબાણ સર્જી રહ્યા છે. ટ્રમ્પની ઓફર બાદ ચીને અન્ય દેશોને અમેરિકા સાથે વેપાર ન કરવાની ચીમકી આપી છે. ચીનના આ વલણથી બંને દેશો વચ્ચે ટેરિફવૉર મંત્રણા થશે કે કેમ તેની અનિશ્ચિતતાઓ વધી છે. ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ અન્ય દેશોને ચીમકી આપી છે કે, કોઈપણ દેશ જો ચીનના હિતોની વિરોધમાં અમેરિકા સાથે વેપાર કરાર કરે છે, તો તેની વિરુદ્ધ આકરું વલણ અપનાવવામાં આવશે. બંને પક્ષ માટે આ નિર્ણય નુકસાનકારક રહેશે. એકબાજુ ટ્રમ્પ સરકાર ચીન સાથે વેપાર સંબંધો તોડી નાખવા માટે અન્ય દેશો પર પ્રેશર સર્જી રહી છે. અમેરિકાએ ઓફર મૂકી છે કે, જે દેશ ટેરિફમાં છૂટ ઈચ્છે છે, તેઓ ચીન સાથે વેપાર મર્યાદિત કરે. બીજી તરફ ચીન ડર્યા વિના અમેરિકાની વિરુદ્ધમાં વેપાર રણનીતિ બનાવી રહ્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ અમેરિકા પર આક્ષેપો કર્યા છે કે, તુષ્ટીકરણથી શાંતિ આવતી નથી અને સમાધાનને સન્માન મળતું નથી. અમેરિકા અન્ય દેશોને કહેવાતી રાહતના બદલામાં તેમના ભોગે કામચલાઉ ધોરણે પોતાનો સ્વાર્થ સંતોષી રહ્યું છે. તેની આ કૂટનીતિથી કોઈને લાભ થશે નહીં. ઉલટું બંનેને નુકસાન થશે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉર ભયાનક સ્વરૂપ લઈ ચૂક્યું છે. અમેરિકાએ ૯ એપ્રિલના રોજ મોટાભાગના દેશોને રેસિપ્રોકલ ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપી હતી. જો કે, ચીનને તેમાંથી બાકાત કરતાં તેના પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યો હતો. બાદમાં ફરી ટેરિફ વધારી ૨૪૫ ટકા કર્યો હતો. સામે ચીને પણ અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કર્યો હતો. વિશ્વની ટોચની મહાસત્તા ધરાવતા બંને દેશોની આ નીતિથી વૈશ્વિક વેપાર સંકટમાં આવ્યો છે અને મંદીની આશંકા વધી છે.

## ૧૭માં સિવિલ સર્વિસીસ દિવસ પર પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

આપ સૌને સિવિલ સર્વિસ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ! આ વર્ષનો સિવિલ સર્વિસીસ ડે ઘણા કારણોસર ખાસ છે. આ વર્ષે આપણે આપણા બંધારણના ૭૫માં વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ અને તે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ પણ છે. ૨૧ એપ્રિલ ૧૯૪૭ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલે તમને બધાને ભારતના સ્ટીલ ફ્રેમ કહ્યા. તેમણે સ્વતંત્ર ભારતના અમલદારશાહી માટે નવી મર્યાદાઓ નક્કી કરી હતી. એક સિવિલ સેવક જે રાષ્ટ્રની સેવાને પોતાનું શ્રેષ્ઠ કર્તવ્ય માને છે. જે લોકશાહી રીતે વહીવટ ચલાવે છે. જે પ્રામાણિકતા, શિસ્ત અને સમર્પણથી ભરપૂર છે. જે દેશના ધ્યેયો માટે દિવસ-રાત મહેનત કરે છે. આજે, જ્યારે આપણે વિકસિત ભારત બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છીએ, ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના આ શબ્દો વધુ સુસંગત બની જાય છે. આજે હું સરદાર સાહેબના વિઝનને સલામ કરું છું અને તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. થોડા સમય પહેલા મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે આજના ભારતે આગામી હજાર વર્ષ માટે પાયો મજબૂત બનાવવો પડશે. એક રીતે હજાર વર્ષના સહસ્ત્રાબ્દીમાં પહેલા ૨૫ વર્ષ પહેલાથી જ પસાર થઈ ગયા છે. આ નવી સદીનું ૨૫મું વર્ષ છે અને નવા સહસ્ત્રાબ્દીનું ૨૫મું વર્ષ પણ છે. આજે આપણે જે નીતિઓ પર કામ કરી રહ્યા છીએ, જે નિર્ણયો લઈ રહ્યા છીએ તે હજાર વર્ષનું ભવિષ્ય નક્કી કરશે. જેમ રથ ફક્ત એક પૈડાથી ચાલી શકતો નથી, તેવી જ રીતે સખત મહેનત અને ફક્ત નસીબ પર આધાર રાખીને સફળતા પ્રાપ્ત કરી શકાતી નથી. વિકસિત ભારતના આપણા ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વિકાસના રથના દરેક પૈડાને સાથે દોડવું પડશે; દ્રઢ સંકલ્પ સાથે, આપણે આ ધ્યેય માટે દરરોજ, દરેક ક્ષણે કાર્ય કરવું પડશે; આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે આપણે જીવવું પડશે; આપણે આપણું જીવન તેના પર વિતાવવું પડશે. આપણે આખી દુનિયાને ઝડપી ગતિએ બદલાતી જોઈ રહ્યા છીએ. તમે તમારા પરિવારમાં પણ જોયું હશે કે જો પરિવારમાં ૧૦-૧૫ વર્ષનો બાળક હોય અને તમે તેની સાથે વાત કરો છો, તો તમને લાગે છે કે તમે જૂના થઈ ગયા છો. આ એટલા માટે થાય છે કારણ કે સમય ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યો છે. દર ૨-૩ વર્ષે ગેજેટ્સ કેવી રીતે બદલાઈ રહ્યા છે. આપણે કંઈક સમજીએ કે શીખીએ તે પહેલાં, કંઈક નવું આવી જાય છે. આપણા નાના બાળકો આ ઝડપી ફેરફારો સાથે મોટા થઈ રહ્યા છે. આપણી નોકરશાહી, આપણી કામગીરી, આપણી નીતિનિર્માણ પણ જૂની રીતથી આગળ વધી શકતી નથી. તેથી ૨૦૧૪થી દેશમાં સિસ્ટમ બદલવાનો એક મોટો પ્રયાસ શરૂ થયો છે. આપણે આ ઝડપી ગતિમાં પોતાને સમાયોજિત કરી રહ્યા છીએ. આજે ભારતનો મહત્વાકાંક્ષી સમાજ, ભારતના યુવાનો, ભારતના ખેડૂતો, ભારતની મહિલાઓ, આજે તેમના સપના જે ઊંચાઈએ ઉડી રહ્યા છે તે ખરેખર અભૂતપૂર્વ છે. આ અભૂતપૂર્વ આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે, અભૂતપૂર્વ ગતિ પણ જરૂરી છે. આગામી વર્ષોમાં ભારત ઘણા મોટા સીમાચિહ્નો પાર કરશે. ઉર્જા સુરક્ષા સંબંધિત લક્ષ્યો, સ્વચ્છ ઉર્જા સંબંધિત લક્ષ્યો, રમતગમતથી લઈને અવકાશ સુધી, એટલે કે આવા ઘણા નવા લક્ષ્યો છે, દરેક ક્ષેત્રમાં દેશનો ધ્વજ નવી ઊંચાઈઓ પર લહેરાવવો પડશે. અને જ્યારે હું આ વિશે વાત કરું છું અને જ્યારે દેશ તેના વિશે વિચારે છે, ત્યારે બધાની નજર તમારા પર હોય છે, વિશ્વાસ તમારા બધા પર હોય છે, તમારા બધા પર એક મોટી જવાબદારી હોય છે, મારા સાથીઓ. તમારે ભારતને શક્ય તેટલી વહેલી તકે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવી પડશે. તમારે બધાએ ખાતરી કરવી પડશે કે આ કાર્યમાં કોઈ વિલંબ ન થાય. મને ખુશી છે કે આ વખતે સિવિલ સર્વિસીસ ડેની થીમ "ભારતનો સર્વાંગી વિકાસ" રાખવામાં આવી છે. આ ફક્ત એક થીમ નથી, આ આપણી પ્રતિબદ્ધતા છે, દેશના લોકો પ્રત્યેનું આપણું વચન છે, ભારતના સર્વાંગી વિકાસનો અર્થ છે કોઈ ગામ પાછળ ન રહે, કોઈ પરિવાર પાછળ ન રહે, કોઈ નાગરિક પાછળ ન રહે. વાસ્તવિક પ્રગતિનો અર્થ નાના ફેરફારો નથી પરંતુ સંપૂર્ણ અસર છે. દરેક ઘરમાં સ્વચ્છ પાણી, દરેક બાળક માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ, દરેક ઉદ્યોગસાહસિક સુધી નાણાકીય પહોંચ અને દરેક ગામને ડિજિટલ અર્થતંત્રના લાભ, આ બધી બાબતો છે જે સર્વાંગી વિકાસ છે, મારું માનવું છે કે શાસનમાં ગુણવત્તા ફક્ત યોજનાઓ શરૂ કરવાથી આવતી નથી. તેના બદલે શાસનની ગુણવત્તા નક્કી થાય છે કે યોજના લોકો સુધી કેટલી ઊંડે સુધી પહોંચી અને તેની વાસ્તવિક અસર કેટલી પડી. આજે રાજકોટ હોય, ગોમતી હોય, તિનસુકિયા હોય, કોરાપુટ હોય, આપણે ઘણા બધા જિલ્લાઓમાં સમાન અસર જોઈ રહ્યા છીએ. શાળામાં હાજરી વધારવાથી લઈને સૌર ઉર્જા સુધી, ઘણા જિલ્લાઓએ મહાન કાર્ય કર્યું છે અને તેઓએ જે કરવાનું નક્કી કર્યું છે તે પૂર્ણ કર્યું છે અને આમાંથી ઘણા જિલ્લાઓને આજે પુરસ્કાર આપવામાં આવ્યો છે. આજે હું આ બધા જિલ્લાઓ અને યોજનાઓ સાથે સંકળાયેલા સાથીદારોને પણ ખાસ અભિનંદન આપું છું.

**મૃત્યુ પછીની દેખીતી પ્રક્રિયાઓ અને રીતરિવાજો તો આપણે જાણીએ છીએ, પણ મૃત્યુખરેખર શું છે એની સાચી સમજણ ક્યાંય મળતી નથી**


# હે પ્રભુ! ઈચ્છામૃત્યુ ના આપે તો કંઈ નહીં, બની શકે તો મારી ઈચ્છાઓને મૃત્યુ આપજે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જયારે કોઈ નજીકના સ્નેહીનું મૃત્યુ થાય ત્યારે લાગણીઓનું વંટોળ ઊભું થાય છે આપણને નવું જીવન આપ્યું તેવા માબાપમાંથી કોઈનુંઅવસાન થાય મિત્ર કરતા પણ વધારે વહાલા એવા ભાઈ કે બહેનનું મૃત્યુ થાય, જીવનના આધાર સ્થંભ પતિ કે પત્નીનું મૃત્યુ થાય અથવા જેણે હજુ દુનિયા પૂરી જોઈ નથી એવા સંતાનનું અકાળે મૃત્યુ થાય, ત્યારે જીવનમાં એવો ખાલીપો લાગે છે.**

વહેલી સવારે એક ભાઈ મળ્યો અને તે કહે મારા મનમાં એક પ્રશ્ન ક્યારનોય સળવળાટ કરી રહયો છે તે તમને પૂછું..મે કહયું પૂછને તેને કહયું... મૃત્યુ એટલે શું.તે જાણવાની જિજ્ઞાસાવૃતિ જાહેર કરી તો આજના લેખમાં મૃત્યુ વિશે થોડું જાણીએ તો મૃત્યુએ જીવનનું સત્ય છે, એક અનિવાર્ય હકીકત છે.આ હકીકત આપણે બધા જાણીએ છીએ, છતાં મૃત્યુના નામથી જ ભયની એક કંપારી અનુભવાય છે.પોતાનું મૃત્યુ નજીક છે એવી જાણ થતાં જ, વધુ જીવવાની આશા ફરીથી જીવંત થઈ જાય છે. જયારે કોઈ નજીકના સ્નેહીનું મૃત્યુ થાય ત્યારે લાગણીઓનું વંટોળ ઊભું થાય છે આપણને નવું જીવન આપ્યું તેવા માબાપમાંથી કોઈનુંઅવસાન થાય મિત્ર કરતા પણ વધારે વહાલા એવા ભાઈ કે બહેનનું મૃત્યુ થાય, જીવનના આધાર સ્થંભ પતિ કે પત્નીનું મૃત્યુ થાય અથવા જેણે હજુ દુનિયા પૂરી જોઈ નથી એવા સંતાનનું અકાળે મૃત્યુ થાય, ત્યારે જીવનમાં એવો ખાલીપો લાગે છે જેને કોઈ ભરી નથી શકતું. પોતાના જ અસ્તિત્વ નું એક અંગ જાણે કુદરતે છીનવી લીધું તેવી વ્યથા,ફરિયાદ અને દુઃખ આપણને ઘેરી વળે છે. જીવનની ક્ષણભંગુરતાને લઈને અનેક પ્રશ્નો મનમાં ઊભા થાય છે જેમાંનો એક પ્રશ્ન 'મૃત્યુ શું છે?' એ સતત દિલને મૂંઝવે છે.ભૌતિક વિજ્ઞાન પ્રમાણે શરીરના મુખ્ય અવયવો જેમકે હૃદય, મગજ ફેફસાં વગેરે બંધ થવાની અવસ્થા ને મૃત્યુ કહે છે. લૌકિક માન્યતા પ્રમાણે એમ પણ કહે છે કે મૃત્યુ એટલે ભગવાનના ઘરે જવું. નાનપણમાં બાળકોને કહે કે મૃત્યુ પામનાર આકાશમાં તારો થઈ જાય છે. સામાજિક દૃષ્ટિથી મૃત્યુ એ ખૂબ જ દુઃખદ ઘટના છે જેમાં પરિવારજનો સફેદ કે કાળા કપડાં પહેરીને શોક વ્યક્ત કરે છે. કેટલીક ધાર્મિક માન્યતા પ્રમાણે શરીરમાંથી આત્મા નીકળી જાય ત્યારે મૃત્યુ થાય છે, અને જે-તે ધર્મના રિવાજ મુજબ મૃતદેહનેઅગ્નિદાહ અપાય છે, અથવા જમીનમાં દફનાવાય છે. મૃત્યુ પછીની દેખીતી પ્રક્રિયાઓ અને રીતરિવાજો તો આપણે જાણીએ છીએ,પણ મૃત્યુખરેખર શું છે એની સાચી સમજણ ક્યાંય મળતી નથી. એકનો એક દીકરો ગુજરી જાય ત્યારે 'ભગવાને મારો દીકરો લઈ લીધો' એમ કહીએ તો ભગવાનને ખૂની ઠરાવ્યા ના કહેવાય? ભગવાન શા માટે લોકો ને પોતાના ઘરે ભેગા કરે?જો આકાશમાં તારો થઈ જઈએ તો તારાઓની સંખ્યા અનેકગણી વધી ના જાય?એટલે મૃત્યુ વિશે ની એવી યથાર્થ સમજણની જરૂર છે, જેના થી સ્વજનના મૃત્યુ પછી જે દુઃખ ની લાગણી થાય છે તેમાં રાહત થઈ શકે. પોતાના કે બીજાના મૃત્યુ સમયે લાગતો ભય દૂર થઈ શકે. અક્રમ વિજ્ઞાન થકી પરમ પૂજ્ય દાદાશ્રી એ મૃત્યુ વિશે એવી સ્પષ્ટ વૈજ્ઞાનિક સમજણ આપી છે જે



જાણવાથી મૃત્યુનું દુઃખ અને ભય તો દૂર થાય જ છે, પણ મૃત્યુ એક મહોત્સવ બની જાય છે! આજે તમને સૌને એક સરસ મજા વાત શું તમે ક્યારેય વાંદરાઓને કુદરતી રીતે મરતા જોયા છે?શું તમે ક્યારેય વાંદરાને કૂતરા, બિલાડી, ઉંદરની જેમ મરેલા પડેલા જોયા છે ખરા?નહિ ને??કેમ?? કુદરતી રીતે મૃત્યુ પામેલા વાંદરાઓના મૃત્યુને કે શબને કોઈ જોઈ શકતું નથી?.. વાંદરો પોતાના મૃત્યુના ઓછામાં ઓછા એક અઠવાડિયા પહેલા પોતાના મૃત્યુનો દિવસ અનુભવે છે, મતલબ કે એને જાણ થઈ જાય છે.. અને ત્યારથી વાંદરો સલામત સ્થળ પસંદ કરી લે છે. ખોરાક કે પાણી વિના શાંતિથી તે ત્યાં જ બેસી રહે છે...સમજો વાંદરો એક સપ્તાહ સુધી ઈશ્વર ની તપસ્યા કરે છે.. આ હકીકત કોઈપણ ચમત્કાર કરતાં વધુ છે..પરમ કૃપાળુ પરમાત્માની સમગ્ર વાનર જાત ઉપર આશીર્વાદ છે..વાનર જેવુ પ્રાણી એક અઠવાડિયા સુધી એક જગ્યાએ બેસી રહે.અને તપશ્ચર્યા કરે!!! વાનર મૃત્યુ પામવાનો હોય,ત્યારે તે શાંતિથી અન્ય કોઈ પણ પ્રાણી ઓને કોઈપણ જાતની ખલેલ પહોંચાડ્યા વિના ગાઢ જંગલમાં ઉધઈના રાફડા પાસે સૂઈ જાય છે અને ઉધઈને પોતાનું શરીરને ખવડાવે છે,એક ચોક્કસ સમયમાં તેની નાસિકા સ્થિર થાય છે. એને તે મુત્યુ પામે છે..આ એક સત્ય હકિક્ત છે. જો કોઈ વાનર અકસ્માતમાં કે અન્ય કારણોસર ગંભીર રીતે ઘાયલ થાય અને મૃત્યુ પામે તો પણ,તેમના સંબંધી અન્ય વાનરો તેને ખેંચી જાય છે.. અને જ્યાં સુધી તેનું શરીર નાશ ન પામે ત્યાં સુધી તેને ઊધઈના રાફડાની નજીક રાખશે. એમ કહેવાય છે કે, અંજની પુત્ર વીર બજરંગ બલી હનુમાનજી એ ભગવાન શ્રીરામ પાસે વરદાન માંગ્યું હતું કે,પ્રભુ અમારા મૃત્યુ બાદ પણ આ શરીર કોઈને કામ આવે અને ભગવાનશ્રી રામજી દ્વારા વરદાન આપવામાં આવ્યું હતું કે,હે ભક્ત હનુમાન! વાનર જાતિને મૃત્યુનું જાણ થઈ જશે.. અને ઉધઈના ખોરાક તરીકે વાનરોનું શરીર કામ આવશે.. ત્યારથી સમગ્ર વાનરજાત પોતાના મૃત્યુ પછી પણ બીજાને કામ આવી પોતાનું જીવન સાર્થક કરે છે.. વાનરને તેના મૃત્યુ સમયની જાણ થઈ જાય છે..અને ખુદ પોતાનું શરીર ઉધઈને જીવતા જીવત સોંપી દે છે..એમ પણ કહેવાય છે.. કે, ઉધઈ પણ વાનરના મૃત્યુ સુધી રાહ જોઈ તેના શરીરને ઈજા નથી પહોંચાડતી....દરેક વસ્તુનો આરંભ તેના અંત સાથે જ હોય છે. સૂર્યનો ઉદય થાય તો અસ્ત પણ હોય જ.વસંતમાં નવા પાનની કૂંપળ ફૂટે અને પાનખરમાં આખું પાન ખરી પડે.સ્કૂલમાં ભણવા ગયા તો તેની શરૂઆત થઈ,અને ભણવાનું પૂરું થયું એટલે એનો અંત આવ્યો. મૃત્યુ એટલે અસ્તિત્વનો અંત નથી પણ બે અસ્તિત્વ વચ્ચેનો સંધિકાળ છે જેમ બે દિવસ વચ્ચે રાત છે,તેમ બે જીવન વચ્ચે મૃત્યુ છે.જેમ દેહ ના કપડાં બદલાય છે એમ આત્મા ની ઉપર આ દેહ બદલાય છે. એટલે આ દેહ ટેમ્પરરી છે, વિનાશી છે, અને જે ટેમ્પરરી છે તેનું મૃત્યુ થાય છે. જયારે આત્મા તો પરમેનન્ટ છે, અવિનાશી છે,શાશ્વત છે. આત્મા નું મૃત્યુ હોતું જ નથી,આત્મા અજન્મ-અમર છે!અંતિમસંસ્કાર વખતે દેહ નષ્ટ થઈને પંચતત્ત્વોમાં લીન થઈ જાય છે, અને આત્મા નવો દેહ ધારણ કરે છે. જો આપણું પ્રિય સ્વજન જૂના કપડાં બદલીને નવા કપડાં પહેરે તોઆપણને કોઈ દુઃખ થાય છે? નથી થતું. કારણ કે આપણને લક્ષ માં રહે છે કે કપડાં બદલાય છે, વ્યક્તિ બદલાતી નથી. તેવી જ દૃષ્ટિ જો આત્મા માટે રહે,કે આત્મા ફક્ત શરીર બદલે છે,પણ પોતે તો કાયમ રહે છે જ!તો દુઃખ ના થાય. બાળી મૂક્યો એ તો દેહ છે,પણ આત્મા અત્યારેબીજા દેહે ક્યાંક જન્મ લઈ ચૂક્યો છે. આયુષ્ય એક કર્મ તો પછી દેહનું મૃત્યુ થવાનો આધાર શું છે? કર્મો! ખરેખર મનુષ્ય કેટલાં વર્ષો જીવશે એ કર્મોના હિસાબ ઉપર આધાર રાખે છે.કર્મની શરૂઆત થવી એટલે જન્મ,અને એક-એક કરીને બધા કર્મો પૂરા થતાં શરીર માંથી આત્મા છૂટો થાય,એ મૃત્યુ! એક અવતાર કર્મોનો જે હિસાબ બાંધ્યો હતો તે પૂરો થઈ જાય એટલે મૃત્યુ થઈ જાય છે. મીણબત્તી સળગતી સળગતી આપ ોઆપ પૂરી થઈ જાય છે, તેમ આયુષ્યકર્મ પૂરું થઈને દેહ પણ ખલાસ થઈ જાય છે.કર્મની શરૂઆત થવી એટલે જન્મ, અને એક-એક કરીને બધા કર્મો પૂરા થતાં શરીરમાંથી આત્મા છૂટોથાય એ મૃત્યુ!કર્મની શરૂઆત થવી એટલે જન્મ, અને એક-એક કરીને બધા કર્મો પૂરા થતાં શરીર માંથી આત્મા છૂટો થાય,એ મૃત્યુ! મૃત્યુ આપણા કર્મનું જ ફળ છે, અને દેખીતી રીતે કોઈ બીમારી વ્યક્તિ,ઘટના કે સંજોગોના નિમિત્તે એ કર્મ પૂરું થાય છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ચૈત્ર - એપ્રિલ મહિનાનો અંતિમ તબક્કો વૈશાખી-મેના વેકેશન આકરી ગરમીના દિવસોમાં પરિવાર સાથે ઉત્સાહ ઉમંગભેર સમય પસાર કરો. છેલ્લે આ લેખમાં ક્યાંય કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો સુધારીને વાંચવા પ્રયત્ન કરવો.. ધ્યાન નિખાલસતાથી દોરશો તો આનંદ થશે. અસ્તુ.

**આજે આપણે જે નીતિઓ પર કામ કરી રહ્યા છીએ, જે નિર્ણયો આપણે લઈ રહ્યા છીએ, તે આગામી હજાર વર્ષના ભવિષ્યને આકાર આપનારા છે**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭માં સિવિલ સર્વિસીસ દિવસને સંબોધિત કર્યો

**પ્રધાનમંત્રીએ હંમેશા દેશભરના સનદી કર્મચારીઓને નાગરિકોના હિત માટે સમર્પિત રહેવા, જાહેર સેવા માટે પ્રતિબદ્ધ રહેવા અને તેમના કાર્યમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા છે, આ વર્ષે પ્રધાનમંત્રીએ જિલ્લાઓના સર્વાંગી વિકાસ, મહત્વાકાંક્ષી બ્લોક કાર્યક્રમ અને નવીનતાની શ્રેણીઓમાં ૧૬ સનદી કર્મચારીઓને પુરસ્કારો આપ્યા, આ દ્વારા તેમને સામાન્ય નાગરિકોના કલ્યાણ માટે કરેલા કાર્ય બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં ૧૭માં સનદી સેવા દિવસનાં પ્રસંગે સનદી અધિકારીઓને સંબોધન કર્યું હતું. તેમણે જાહેર વહીવટમાં ઉત્કૃષ્ટતા માટે પ્રધાનમંત્રી પુરસ્કારો પણ એનાયત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ દરેકને સિવિલ સર્વિસીસ ડેના પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા અને આ વર્ષની ઉજવણીના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કારણ કે આ વર્ષે બંધારણની ૭૫મી જન્મજયંતિ અને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ છે. ૨૧ એપ્રિલ, ૧૯૪૭ના રોજ સરદાર પટેલના ઐતિહાસિક નિવેદન, જેમાં તેમણે સનદી અધિકારીઓને 'સ્ટીલ ફ્રેમ ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખાવ્યા હતા ને યાદ કરતા શ્રી મોદીએ પટેલના નોકરશાહીના દ્રષ્ટિકોણ પર ભાર મૂક્યો હતો. જે શિસ્ત, પ્રામાણિકતા અને લોકશાહી મૂલ્યોને જાળવી રાખે છે અને સંપૂર્ણ સમર્પણ સાથે રાષ્ટ્રની સેવા કરે છે. તેમણે ભારતના વિકસિત ભારત બનવાના સંકલ્પના સંદર્ભમાં સરદાર પટેલના આદર્શોની પ્રાસંગિકતા પર ભાર મૂક્યો હતો તથા સરદાર પટેલના વિઝન અને વારસાને હૃદયપૂર્વક અંજલિ અર્પણ કરી હતી. લાલ કિલ્લા પરથી પોતાનાં અગાઉનાં નિવેદનનો ઉલ્લેખ કરીને આગામી હજાર વર્ષ માટે ભારતનો પાયો મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં શ્રી મોદીએ નોંધ્યું હતું કે, આ સહસ્ત્રાબ્દીમાં ૨૫ વર્ષ વીતી ચૂક્યાં છે, જે નવી સદી અને નવી સહસ્ત્રાબ્દિનાં ૨૫માં વર્ષને ચિહ્નિત કરે છે. તેમણે જણાવ્યું હતું કે, "આજે આપણે જે નીતિઓ પર કામ કરી રહ્યાં છીએ, અમે જે નિર્ણયો લઈ રહ્યા છીએ, તે આગામી હજાર વર્ષના ભવિષ્યને આકાર આપશે." પ્રાચીન શાસ્ત્રોને ટાંકીને તેમણે કહ્યું હતું કે, જે રીતે રથ એક પૈડા સાથે આગળ વધી શકતો નથી, તેવી જ રીતે પ્રયાસ વિના માત્ર ભાગ્ય પર આધાર રાખીને જ સફળતા મેળવી શકાતી નથી. વિકસિત ભારતનાં લક્ષ્યાંકને હાંસલ કરવા માટે સહિયારા પ્રયાસો અને દ્રઢ નિશ્ચયનાં મહત્ત્વ પર ભાર મૂકીને તેમણે દરેકને આ સહિયારા વિઝન માટે દરરોજ અને દરેક ક્ષણે અવિરતપણે કામ કરવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ વૈશ્વિક સ્તરે થઈ રહેલા ઝડપી ફેરફારોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે કેવી રીતે પરિવારોમાં પણ, યુવા પેઢી સાથે વાતચીત કરવાથી પરિવર્તનની ઝડપી ગતિને કારણે વ્યક્તિ જૂની થઈ ગઈ હોય તેવું અનુભવી શકે છે. તેમણે દર બે થી ત્રણ વર્ષે ગેજેટ્સના ઝડપી વિકાસ અને આ ફેરફારો વચ્ચે બાળકોના ઉછેર પર પ્રકાશ પાડ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતની અમલદારશાહી, કાર્ય પ્રક્રિયાઓ અને નીતિ નિર્માણ જૂના માળખા પર કામ કરી શકતા નથી. તેમણે ૨૦૧૪માં રજૂ થયેલા નોંધપાત્ર પરિવર્તન પર ટિપ્પણી કરી અને તેને ઝડપી ગતિએ થતા ફેરફારોને અનુકૂલન કરવાનો એક સ્મારક પ્રયાસ ગણાવ્યો. તેમણે ભારતના સમાજ, યુવાનો, ખેડૂતો અને મહિલાઓની આકાંક્ષાઓ પર પ્રકાશ પાડ્યો અને કહ્યું કે તેમના સપના અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચ્યા છે અને આ અસાધારણ આકાંક્ષાઓને પૂર્ણ



કરવા માટે અસાધારણ ગતિની જરૂરિયાત પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ આવનારા વર્ષો માટે ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્યોની રૂપરેખા આપી, જેમાં ઊર્જા સુરક્ષા, સ્વચ્છ ઊર્જા, રમતગમતમાં પ્રગતિ અને અવકાશ સંશોધનમાં સિદ્ધિઓનો સમાવેશ થાય છે અને દરેક ક્ષેત્રમાં ભારતનો ધ્વજ ઊંચો લહેરાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ભારતને શક્ય તેટલી વહેલી તકે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાની મોટી જવાબદારી સનદી કર્મચારીઓ પર છે. તેમણે આ મહત્વપૂર્ણ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં કોઈપણ વિલંબ ટાળવાનો આગ્રહ કર્યો હતો.આ વર્ષના સિવિલ સર્વિસીસ દિવસની થીમ - 'ભારતનો સર્વાંગી વિકાસ' પર ખુશી વ્યક્ત કરતા શ્રી મોદીએ ભાર મૂક્યો કે તે માત્ર એક થીમ નથી પરંતુ દેશના લોકો પ્રત્યેની પ્રતિબદ્ધતા અને વચન છે. "ભારતના સમાવેશી વિકાસનો અર્થ એ છે કે કોઈ ગામ, કોઈ પરિવાર અને કોઈ નાગરિક પાછળ ન રહી જાય." તેમણે કહ્યું કે સાચી પ્રગતિ નાના ફેરફારો વિશે નથી, પરંતુ સંપૂર્ણ અસર પ્રાપ્ત કરવા વિશે છે. તેમણે સર્વાંગી વિકાસના વિઝનની રૂપરેખા આપી, જેમાં દરેક ઘર માટે સ્વચ્છ પાણી, દરેક બાળક માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ, દરેક ઉદ્યોગસાહસિક માટે નાણાકીય સુલભતા અને દરેક ગામ માટે ડિજિટલ અર્થતંત્રના લાભોનો સમાવેશ થાય છે. તેમણે ભાર મૂક્યો કે શાસનની ગુણવત્તા ફક્ત યોજનાઓના લોન્ચ દ્વારા નક્કી થતી નથી. પરંતુ આ યોજનાઓ લોકો સુધી કેટલી ઊંડે સુધી પહોંચે છે અને તેમની વાસ્તવિક અસર શું છે તેના દ્વારા નક્કી થાય છે. પ્રધાનમંત્રીએ રાજકોટ, ગોમતી, તિનસુકિયા, કોરાપુટ અને કુપવાડા જેવા જિલ્લાઓમાં દેખીતી અસરની નોંધ લીધી, જ્યાં શાળામાં હાજરી વધારવાથી લઈને સૌર ઉર્જા અપનાવવા સુધી નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેમણે આ પહેલોમાં સામેલ જિલ્લાઓ અને વ્યક્તિઓને અભિનંદન આપ્યા, તેમના ઉત્કૃષ્ટ કાર્ય અને અનેક જિલ્લાઓને મળેલા પુરસ્કારોની પ્રશંસા કરી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતે વૃદ્ધિગત પરિવર્તનથી અસરકારક પરિવર્તન તરફ આગેકૂચ કરી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દેશનું શાસન મોડલ હવે અત્યાધુનિક સુધારા, ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને સરકાર અને નાગરિકો વચ્ચેનાં અંતરને દૂર કરવા નવીન પદ્ધતિઓ પર કેન્દ્રિત છે. તેમણે નોંધ્યું હતું કે, આ સુધારાઓની અસર ગ્રામીણ, શહેરી અને અંતરિયાળ વિસ્તારોમાં જોવા મળે છે. તેમણે મહત્વાકાંક્ષી જિલ્લાઓની સફળતા પર ટિપ્પણી કરી હતી અને મહત્વાકાંક્ષી બ્લોક્સની સમાન નોંધપાત્ર સિદ્ધિઓ પર ભાર મૂક્યો હતો. તેમણે યાદ અપાવ્યું કે આ કાર્યક્રમ જાન્યુઆરી ૨૦૨૩માં શરૂ કરવામાં આવ્યો હતો અને માત્ર બે વર્ષમાં અભૂતપૂર્વ પરિણામો દર્શાવ્યા છે, જેમાં આરોગ્ય, પોષણ, સામાજિક વિકાસ અને આ બ્લોક્સમાં મૂળભૂત માળખાગત સુવિધા જેવા સૂચકાંકોમાં નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો છે. પરિવર્તનશીલ પરિવર્તનનાં ઉદાહરણો ટાંકીને તેમણે કહ્યું હતું કે, રાજસ્થાનનાં ટોંક જિલ્લાનાં પીપલુ બ્લોકમાં આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે માપણીની કાર્યક્ષમતા ૨૦ ટકાથી વધીને ૯૯ ટકા થઈ છે. જ્યારે બિહારનાં ભાગલપુરનાં જગદીશપુર બ્લોકમાં પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન ગર્ભવતી મહિલાઓની નોંધણી ૨૫ ટકાથી વધીને ૯૦ ટકા થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જમ્મુ અને કાશ્મીરનાં મારવાહ બ્લોકમાં સંસ્થાકીય ડિલિવરી ૩૦ ટકાથી વધીને ૧૦૦ ટકા થઈ છે અને ઝારખંડનાં ગુરડીહ બ્લોકમાં નળનાં પાણીનાં જોડાણો ૧૮ ટકાથી વધીને ૧૦૦ ટકા થયાં છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ માત્ર આંકડાઓ જ નથી, પણ છેવાડાનાં ગાળા સુધી પહોંચાડવા માટે સરકારનાં સંકલ્પનો પુરાવો છે. તેમણે કહ્યું હતું કે, "યોગ્ય ઉદ્દેશ, આયોજન અને અમલીકરણ સાથે અંતરિયાળ વિસ્તારોમાં પણ પરિવર્તન શક્ય છે." છેલ્લાં એક દાયકામાં ભારતની સિદ્ધિઓ પર ભાર મૂકીને પરિવર્તનકારી ફેરફારો અને દેશની નવી ઊંચાઈઓ હાંસલ કરવા પર ભાર મૂકતાં શ્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતને હવે માત્ર તેના વિકાસ માટે જ નહીં, પણ શાસન, પારદર્શકતા અને નવીનીકરણમાં નવા માપદંડો સ્થાપિત કરવા માટે પણ ઓળખવામાં આવે છે." તેમણે ભારતના **S-20**ની અધ્યક્ષતાને આ પ્રગતિના નોંધપાત્ર ઉદાહરણ તરીકે ઓળખાવ્યું હતું અને નોંધ્યું હતું કે, **S-20**ના ઈતિહાસમાં સૌપ્રથમવાર ૬૦થી વધારે શહેરોમાં ૨૦૦થી વધારે બેઠકો યોજાઈ હતી, જેણે વ્યાપક અને સર્વસમાવેશક પદચિહ્ન ઊભું કર્યું હતું. કેવી રીતે જનભાગીદારીનાં અભિગમને કારણે જી-૨૦ને જન આંદોલનમાં પરિવર્તિત કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "દુનિયાએ ભારતના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે; ભારત માત્ર ભાગ જ નથી લઈ રહ્યું, પરંતુ નેતૃત્વ પણ કરી રહ્યું છે." પ્રધાનમંત્રીએ સરકારની કાર્યદક્ષતાની આસપાસ વધી રહેલી ચર્ચાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને એ વાત પર ભાર મૂક્યો હતો કે, આ સંબંધમાં ભારત અન્ય દેશો કરતાં ૧૦-૧૧ વર્ષ આગળ છે. તેમણે છેલ્લાં ૧૧ વર્ષ દરમિયાન ટેકનોલોજીનાં માધ્યમથી થતા વિલંબને દૂર કરવા, નવી પ્રક્રિયાઓ પ્રસ્તુત કરવા અને ટર્નઅરાઉન્ડ ટાઈમ ઘટાડવા માટે કરવામાં આવેલા પ્રયાસોની નોંધ લીધી હતી. તેમણે નોંધ્યું હતું કે, ૪૦,૦૦૦થી વધારે અનુપાલન દૂર કરવામાં આવ્યાં છે અને વેપાર અને વાણિજ્યનીસરળતાનેપ્રોત્સાહનઆપવામાટે ૩,૪૦૦થી વધારે કાનૂની જોગવાઈઓને બિન-અપરાધિક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

# મોહનલાલની ‘દૃશ્યમ ૩’ મલયાલમ સાથે હિન્દીમાં પણ બને તો અજય દેવગનની રીમેક સામે જોખમ

## એક્ટર અજય દેવગન ફિલ્મ દૃશ્યમના ત્રીજા ભાગ માટે તૈયારીઓ પણ શરૂ કરી ચૂક્યો છે

ક્રાઈમ અને થ્રિલર આધારીત કથાઓનો એક સરળ નિયમ હોય છે, કે કોઈ પણ રહસ્યમાં કે ગુનામાં તે કઈ રીતે થયો કે તેની રીત પર ધ્યાન આપવું જોઈએ, કોણે કર્યું છે, તેના પર નહીં. પરંતુ અજય દેવગનની ‘દૃશ્યમ’ શ્રેણીની ફિલ્મોએ આ માન્યતા ખોટી પુરવાર કરી છે. મોહનલાલની બંને દૃશ્યમ ૨૦૧૩ અને પછી ૨૦૨૧માં આવી હતી અને તેનાં બે વર્ષ પછી અજય દેવગનની ફિલ્મો આવી હતી. આ બે વર્ષોમાં ઓડિયન્સ પાસે ફિલ્મની વાર્તા જાણી લેવાનો પુરતો સમય હતો. છતાં બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર ઘણી સફળ રહી છે. પરંતુ હવે ત્રીજા ભાગમાં આ બાબત શક્ય ન બને તેવી સ્થિતિ સર્જાઈ છે. એવા અહેવાલો છે કે મોહનલાલની દૃશ્યમના ડિરેક્ટર જીતુ જોસેફ ‘દૃશ્યમ ૩’ બે ભાષામાં બનાવશે, જે હિન્દી અને મલયાલમ બંનેમાં રિલીઝ થશે. ઓરિજિનલ ફિલ્મના મેકર્સ પણ ઈચ્છે છે કે, તેઓ હિન્દી ફિલ્મના ઓડિયન્સને ટાર્ગેટ બનાવે. તેના કારણે અજય દેવગનની ફિલ્મ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. મોહનલાલની ફિલ્મનું શૂટિંગ મેના અંત સુધીમાં શરૂ થઈ જશે. સૂત્રો દ્વારા મળતી માહિતિ અનુસાર, “છેલ્લી બે ફિલ્મોની સફળતા પછી જીતુ અને મોહનલાલ તેમજ ફિલ્મના પ્રોડ્યુસર એન્ટોની પેરુમ્બવૂર ઈચ્છે છે કે તેઓ સમગ્ર દેશમાં પોતાની ફિલ્મ રિલીઝ કરે. આ અજય દેવગનની ફિલ્મ માટે એક સમસ્યા બની શકે છે. કારણ કે તેની દૃશ્યમ ૩ની સ્ક્રિપ્ટ તો હજુ લખાઈ રહી છે. અજય દેવગનની આગળની બે ફિલ્મો સફળ થઈ તેનું કારણ એવું પણ છે કે ત્યારે મલયાલમ ફિલ્મની ટીમે તેમની ફિલ્મ હિન્દીમાં રિલીઝ કરી નહોતી. પરંતુ જો હવે મોહનલાલની ફિલ્મ અજય દેવગનની ફિલ્મ પહેલાં રિલીઝ થઈ જશે અને એ પણ હિન્દીમાં તો અજય દેવગનને મોટું નુકસાન વેઠવું પડશે, કારણ કે બંને ફિલ્મની સ્ટોરી અને પ્લોટ હંમેશા સરખાં જ રહ્યાં છે.” હજુ મોહનલાલની ફિલ્મ માટે શૂટ શરૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે, તેમાં મોહનલાલ ફરી એક વખત જ્યોર્જકુટ્ટીના રોલમાં જોવા મળશે, જે હત્યા કરવા છતાં પોલીસથી વારંવાર બચી ગયો છે. આ ફિલ્મ કેરાલાના થોડુપુઝામાં આકાર લે છે, ત્યાંજ ફિલ્મના પહેલાં ભાગનું શૂટિંગ પણ થયું હતું. હવે આગળની ફિલ્મ પણ ત્યાં જ શૂટ થશે. ‘દૃષ્યમ ૨’નો સેટ કુડયાથૂરમાં બનાવાયો હતો, તેનો પણ ઉપયોગ થઈ શકે છે. તો અજય દેવગનની ફિલ્મ વિશે એક સૂત્ર દ્વારા મળતી માહિતિ અનુસાર, “અજય દેવગનની ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર પહેલાં શૂટ થઈ શકે તેમ નથી. કારણ કે તે પહેલાં ‘ધમાલ ૪’નું શૂટિંગ પૂરું કરશે. તેના પછી તે ‘રેન્જર’નું કામ કરશે. કુમાર મંગત પાઠકે અત્યાર સુધી અજય દેવગનની ‘દૃશ્યમ’ પ્રોડ્યુસ કરી છે અને અભિષેક પાઠકે ડિરેક્ટ કરી છે. તેથી હવે તેઓ મોહનલાલની ફિલ્મના પ્રોડ્યુસર્સ સાથે ચર્ચા કરશે. જેથી કમ સે કમ બંને ફિલ્મ એક સાથે રિલીઝ થઈ શકે.” જોકે, હજુ આ અંગે જીતુ જોસેફ, મોહનલાલ કે પેરુમ્બવૂર દ્વારા કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી.







### લોકો સરખું સાંભળતા જ નથી : ઉર્વશી

# મંદિર મુદ્દે બફાટ બાદ ઉર્વશી રૌતેલા તરફથી અજીબોગરીબ સ્પષ્ટતા

## ૧૦ એપ્રિલના રોજ બોલિવૂડ પત્રકાર સિદ્ધાર્થ કનને તેમની યુટ્યુબ ચેનલ પર ઉર્વશી રૌતેલાનો એક ઇન્ટરવ્યુ રિલીઝ કર્યો




ઉર્વશી રૌતેલા વતી તેની ટીમે એક સત્તાવાર નિવેદન જાહેર કર્યુ છે. જેમાં તેમના નિવેદન પર સ્પષ્ટતા આપવામાં આવી હતી. ઉર્વશી રૌતેલાએ કહ્યું કે, ‘ઉત્તરાખંડમાં મારા નામે એક મંદિર છે. નહીં કે ઉર્વશી રૌતેલાનું મંદિર. હવે લોકો બરાબર સાંભળતા પણ નથી.’બોલિવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ ઉત્તરાખંડમાં તેના નામે એક મંદિર હોવાનો દાવો કર્યો હતો. આ દાવા પછી તેની ભારે ટીકાઓ થઈ હતી. ઉત્તરાખંડના બે ધાર્મિક સંગઠનોએ તેમની વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. ત્યાર બાદ હવે, ઉર્વશી રૌતેલાએ આ ટીકાઓ પર પ્રતિક્રિયા આપી છે. તેણે કંઈક એવી વાત કરી કે, જેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે.ઉર્વશી રૌતેલાએ ઈન્ટરવ્યૂમાં આપેલા નિવેદન બાદ દેશભરમાં તેની ટીકા થવા લાગી, પરિણામે ઉર્વશી વતી તેની ટીમે સત્તાવાર નિવેદન આપ્યું છે. જેમાં તેમણે કહ્યું કે, ‘ઉત્તરાખંડમાં મારા નામનું એક મંદિર છે. નહીં કે ઉર્વશી રૌતેલાનું મંદિર. હવે લોકો બરાબર સાંભળતા પણ નથી.’ આ પ્રકારે પોતાનો લુલો બચાવ કરવામાં આવી રહ્યો છે. ૧૦ એપ્રિલના રોજ બોલિવૂડ પત્રકાર સિદ્ધાર્થ કનને તેમની યુટ્યુબ ચેનલ પર ઉર્વશી રૌતેલાનો એક ઈન્ટરવ્યુ રિલીઝ કર્યો. આ ઈન્ટરવ્યુમાં ઉર્વશીએ કહ્યું કે, ઉત્તરાખંડમાં મારા નામે એક મંદિર છે. જો કોઈ બદ્રીનાથ જાય, તો તેની બાજુમાં જ એક ‘ઉર્વશી મંદિર’ છે.જ્યારે સિદ્ધાર્થે પૂછ્યું કે શું લોકો મંદિરમાં આશીર્વાદ લેવા જાય છે, ત્યારે ઉર્વશીએ હસતાં હસતાં જવાબ આપ્યો કે, ‘હવે મંદિર છે, તો તેઓ પણ એવું જ કરશે.’ આ દરમિયાન સિદ્ધાર્થ વારંવાર ક્રોસ ચેક કરે છે. અને પૂછે છે કે તમારું નામ શું છે? શું તે મંદિર તમને સમર્પિત છે? જાણે કે તેઓ જાણતા હતા કે ઉર્વશી પોતાના નિવેદનથી પાછી ફરી શકે છે. જે તેણે હવે કર્યું.તમને જણાવી દઈએ કે, ઉર્વશી રૌતેલાના દાવા પછી, સોશિયલ મીડિયાના એક વર્ગે તેને ‘મૂર્ખ’ કહી અને ટ્રોલ કરી. તો કેટલાક ધાર્મિક નેતાઓએ પણ તેમની આસ્થાની ‘મજાક ઉડાવવા’ બદલ ટીકા પણ કરી હતી.






કેનેડિયન પોપ ગાયક જસ્ટિન બીબર પોતાના અંગત અને વ્યાવસાયિક જીવનને કારણે ચર્ચામાં રહે છે

# જસ્ટિન બીબરનું પેન્ટ સરકતા બ્રિટની સાથે તુલના કરી દેવાઈ

કેનેડિયન પોપ ગાયક જસ્ટિન બીબર પોતાના અંગત અને વ્યાવસાયિક જીવનને કારણે ચર્ચામાં રહે છે. આ સમયે, કોચેલા ૨૦૨૫ (સંગીત અને કલા મહોત્સવ) માંથી જસ્ટિનની કેટલીક આવી તસવીરો સામે આવી છે, જેને જોઈને લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. એટલું જ નહીં, લોકો તેની સરખામણી બ્રિટની સ્પીયર્સ સાથે કરતા જોવા મળે છે.સંગીત, ભીડ અને કલાકારોના પ્રદર્શન... કોચેલા ૨૦૨૫ એ જસ્ટિન બીબરની કેટલીક ઝલક જાહેર કરી છે જે તેની હાસ્યાસ્પદ અને અવ્યવસ્થિત શૈલી માટે ઘણી નકારાત્મક હેડલાઈન્સ મેળવી રહ્યો છે. જસ્ટિનને લવંડર ક્રોપ્ડ સ્વેટર, ગ્રે સ્વેટપેન્ટ અને મેચિંગ લવંડર ઈનરવેરમાં જોયા પછી તેના ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા.જોકે, એવું કહેવામાં આવી રહ્યું છે કે જસ્ટિન પોતાની ફેશન બ્રાન્ડ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યો છે. જસ્ટિન કમરથી લટકતું પેન્ટ, ઉપરથી બહાર દેખાતું અન્ડરવેર અને ક્રોપ ટોપ જેવું દેખાતું ટી-શર્ટ પહેરેલો જોવા મળ્યો... આ જોઈને લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. જોકે, તેનો લુક જોયા પછી, લોકો કહેવા લાગ્યા છે કે કદાચ તે બેલ્ટનો હેતુ ભૂલી ગયો છે. એવું લાગતું હતું કે તે પથારીમાંથી ઊભો થઈને ચાલ્યો ગયો.કોઈ પણ સમય બગાડ્યા વિના, લોકોએ તેને ઈન્ટરનેટ પર ટ્રોલ કરવાનું શરૂ કરી દીધું છે. એક યુઝરે કહ્યું: તેણી બ્રિટની સ્પીયર્સ જેવા પોશાક કેમ પહેરે છે? આ હોલીવુડની સૌથી ખરાબ સ્ટાઈલ છે.



### ‘ઉલજલૂલ ઇશ્ક’માંથી હવે નામ ‘ગુસ્તાખ ઇશ્ક’ કરવામાં આવ્યું

# વિજય-ફાતિમા સનાની ફિલ્મનું નામ બદલાયું, નવું પોસ્ટર પણ જાહેર કરાયું

વિજય વર્મા અને ફાતિમા સના શેખની આવનારી ફિલ્મ ‘ઉલજલૂલ ઈશ્ક’નું નામ બદલી નાંખવામાં આવ્યું છે. આ રોમેન્ટિક ફિલ્મ મનિષ મલ્હોત્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મ હવે ‘ગુસ્તાખ ઈશ્ક’ તરીકે ઓળખાશે. મનિષ મલ્હોત્રાએ સોશિયલ મીડિયા પર આ અંગે અપડેટ શેર કરી હતી. તેણે ફિલ્મનાં નવા નામ સાથેનું પોસ્ટપ પણ શેર કર્યું હતું. જેમાં વિજય અને ફાતિમાને જોઈ શકાય છે. પોસ્ટરમાં ફાતિમા અને વિજય વચ્ચેની કેમેસ્ટ્રી સ્પષ્ટ જોઈ શકાય છે. સાથે જ તેમાં લાગણી અને હળવાશ પણ જોઈ શકાય છે, તેથી આ ફિલ્મ એક રસપ્રદ લવસ્ટોરી હોવાનો અંદાજ આવે છે. આ ફિલ્મનું નવું નામ ‘ગુસ્તાખ ઈશ્ક’ લોકોને પસંદ પણ આવી રહ્યું છે. લોકોએ તેને પ ોએટીક નામ ગણાવીને તેને વખાણ્યું પણ છે. ‘હવાઈઝાદા’ જેવી અલગ પ્રકારની ફિલ્મ બનાવનાર ફિલ્મ મેકર વિભુ પુરી આ ફિલ્મ બનાવી રહ્યા છે, તેમાં વિજય અને ફાતિમા ઉપરાંત નસિરુદ્દીન શાહ, શારીબ હાશમી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં હશે. આ પ્રકારના અનુભવી કલાકારોની યાદીથી પણ ફિલ્મ ઘણી ચર્ચામાં છે. મનિષ મલ્હોત્રાના ‘સ્ટેજ ૫’ પ્રોડક્શન્સની આ ત્રીજી ફિલ્મ છે. તેણે ૨૦૨૩માં પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કર્યું છે. આ પહેલાં તેણે ‘ટ્રેઈન ફ્રોમ છારપૌલા’ અને ‘બન ટિક્કી’ જેવી રસપ્રદ ફિલ્મો આપી છે. આ ફિલ્મના સંગીતની વાત કરવામાં આવે તો તેમાં પણ ગુલઝાર અને વિશાલ ભારદ્વાજની જોડી કમાલ કરી દેશે એવી આશા છે. તેઓ બંને આ પહેલાં અફલાતુન ગીતો આપવા માટે જાણીતા છે. તેઓ એવા ગીતો આપી ચૂક્યા છે, જે લાંબા સમય સુધી સાંભળનારના મનમાંથી ખસતાં નથી. અગાઉ મનિષ મલ્હોત્રાએ એવો સંકેત આપ્યો હતો કે તેઓ હવે એક પોએટિક ફિલ્મ બનાવી રહ્યા છે. તેણે લખ્યું હતું, “બેવકુફિયાં, નાદાન ગલતિયાં, બડી ભૂલ હૈ ઈશ્ક, સચ પૂછીયે કો મેરે હુઝૂર ઉલજલૂલ હે ઈશ્ક!” આ ફિલ્મની કાસ્ટ અને તેની ટીમને કારણે ફિલ્મ બહુ ઝડપથી ચર્ચામાં આવી રહી છે અને આ વર્ષની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોની યાદીમાં આ ફિલ્મ સ્થાન બનાવી રહી છે.

# આમિર પોતાનો ડ્રીમ રોલ રાજકુમાર રાવને ઓફર કરી શકે



મુંબઈના જાણીતા સરકારી વકીલ ઉજ્જ્વલ નિકમની બાયોપિકમાં આમિર ખાન એક્ટિંગના બદલે માત્ર પ્રોડક્શન પર ધ્યાન આપશે. મુંબઈના જાણીતા સરકારી વકીલ ઉજ્જ્વલ નિકમના પર બાયોપિક બનાવવા આમિર ખાન ઘણાં વર્ષોથી મહેનત કરી રહ્યા હતા. આમિર ખાને પ્રોડ્યુસર તરીકે આ ફિલ્મ બનાવવાનું વિચાર્યું હતું. આમિરે સ્ક્રિપ્ટ ફાઈનલ કરવા માટે ઘણી મહેનત કરી હતી અને લીડ રોલ કરવાની પણ તેમની ઈચ્છા હતી. આમિરે અગાઉ પણ પ્રોડક્શનની સાથે લીડ એક્ટરની જવાબદારી લીધેલી છે. આમિર ખાને લાંબી મથામણ પછી આ ફિલ્મનું પ્રોડક્શન શરૂ કરવા તૈયારી હાથ ધરી છે, પરંતુ આ વખતે લીડ રોલમાં પોતે રહેવાના બદલે અન્ય દમદાર એક્ટરને ચાન્સ આપવાનું વિચાર્યું છે. રિપોર્ટ્સ મુજબ, આમિરને ઉજ્જ્વલ નિકમના લીડ રોલ માટે પોતાના જેવો જ કમિટેડ એક્ટર જોઈતો હતો અને તેમની નજર રાજકુમાર રાવ પર ઠરી છે. રિપોર્ટ્સ મુજબ, આમિર અને સમગ્ર ટીમને રાજકુમાર રાવમાં ક્ષમતા દેખાઈ છે. કોમ્પ્લેક્સ કેરેક્ટર અને ઈન્ટેન્સ ક્ટિંગ માટે રાજકુમાર રાવ જાણીતો છે અને નવી પેઢીના એક્ટર્સમાં તેની ટેલેન્ટ અલગ તરી આવે છે. રાજકુમાર રાવ હાલ વિક્રમાદિત્ય મોટવાનેની ફિલ્મમાં કામ કરી રહ્યો છે, જેમાં તેણે સ્પ ોર્ટ્સ પર્સનનો રોલ કર્યો છે. રાજકુમાર રાવને ધ્યાને રાખીને ફિલ્મની નેરેટિવ સ્ટાઈલમાં ફેરફાર કરવા માટે ટીમ મહેનત કરી રહી છે. ઉજ્જ્વલ નિકમના કેરેક્ટરને વધારે વાસ્તવિક અને વધારે બાહોશ બતાવવા માટે જરૂરી ફેરફાર થઈ રહ્યા છે.

**આમિર પોતાના સમકાલીન સ્ટાર્સ શાહરુખ અને સલમાનની સરખામણીએ ઓછી ફિલ્મો કરવા માટે જાણીતો છે**



રાજકુમાર રાવનો લીડ રોલ હજુ ફાઈનલ થયો નથી, પરંતુ આમિર સાથેની વાતચીત પોઝિટિવ દિશામાં આગળ વધી છે. આ ફિલ્મમાં રાજકુમારની ડેટ્સ સાથે ઈમોશનલ એટેચમેન્ટ પણ જરૂરી છે અને તેથી આ બંને પાસાને ધ્યાને રાખી શીડ્યુલ ફાઈનલ કરવા બંને પક્ષ પ્રયાસ કરી રહ્યા છે. આમિર ખાને કોરોના કાળ પહેલાથી ઉજ્જ્વલ નિકમની બાયોપિક બનાવવા તૈયારી શરૂ કરી હતી. આમિરે આપેલા ઈનપુટ્સના આધારે અનેક વખત ડ્રાફ્ટ્સ તૈયાર થયા હતા. આમિર ખાને પોતાને લીડ રોલ કરવાનો છે, તેમ વિચારીને જ સ્ક્રિપ્ટ ફાઈનલ કરી હતી. આમિર ખાન અને દિનેશ વિજાન ભેગા મળી ફિલ્મનું પ્રોડક્શન કરવાના છે. જો કે આમિર ખાનની ઈચ્છા હવે પ્રોડક્શન પર વધારે ધ્યાન આપવાની છે. આમિર ખાને લીડ રોલ માટે અન્ય એક્ટરને લેવાની વાત કર્યા પછી યોગ્ય વિકલ્પની શોધ શરૂ થઈ હતી. આમ, તો આ ફિલ્મને ૨૦૨૪ના છેલ્લા મહિનામાં ફલોર પર લઈ જવાનું આયોજન હતું. પરંતુ કાસ્ટ ફાઈનલ કરવામાં અને અન્ય પ્રોજેક્ટ ચાલી રહ્યા હોવાથી વિલંબ સર્જાયો છે.

## આમિર ખાને એડવોકેટ ઉજ્જવલ નિકમની બાયોપિક છોડી દીધી



બાયોપિકમાં ઉજ્જ્વલ નિકમની કરિયરને દર્શાવવામાં આવશે. ૧૯૯૩ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસ, ૨૦૦૮ મુંબઈ હુમલા અને ગુલશન કુમાર મર્ડર કેસ જેવા સંખ્યાબંધ ચકચારી કેસમાં ઉજ્જ્વલ નિકમે સરકારી વકીલ તરીકે સફળતા મેળવી છે. રેપ અને મર્ડરના સંવેદનશીલ કેસમાં પણ તેમણે ગુનેગારોને અપાવેલી છે. ૨૦૧૬ના વર્ષમાં નિકમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરાયા હતા. કોર્ટ રૂમમાં ઉજ્જ્વલ નિકમના જીવનમાં આવતા ઉતાર-ચડાવ સાથે દિલધડક લીગલ ડ્રામા બનાવવાનું આમિરનું આયોજન છે. આમિર ખાને એડવોકેટ ઉજ્જવલ નિકમની બાયોપિક છોડી દીધી છે. આમિરે પોતાની પાસે આ બાયોપિકની તૈયારી માટે સમયનો અભાવ હોવાનું બહાનું કાઢ્યું છે. આમિર પોતાના સમકાલીન સ્ટાર્સ શાહરુખ અને સલમાનની સરખામણીએ ઓછી ફિલ્મો કરવા માટે જાણીતો છે. ક્યારેક તો તે એક જ પ્રોજેક્ટમાં એક કે બે વર્ષનો સમય લગાવી દે છે. હાલ તે એક્ટર કરતાં પણ નિર્માતા તરીકે વધારે વ્યસ્ત છે. આમિરે આ બાયોપિક સ્વીકારવામાં પણ ઘણો સમય લીધો હતો અને હવે તેણે આ ફિલ્મનું શૂટિંગ શરુ થાય તે પહેલાં જ તે છોડી દીધી છે. આથી નિર્માતા દિનેશ વિજનનો આ મહતવાકાંક્ષી પ્રોજેક્ટ કાસ્ટિંગના તબક્કે જ અટવાઈ ગયો છે.

# રાશા થડાનીને રવિના ટંડને ‘ઉઈ અમ્મા’ની તાલીમ આપી

રવિના ટંડનની દિકરી રાશા થડાનીએ કલાકાર તરીકેની પોતાની સફરની આ જ વર્ષે શરૂઆત કરી છે. તેણે અજય દેવગનના ભત્રીજા અમન દેવગન સાથે અભિષેક કપૂરની ફિલ્મ ‘આઝાદ’થી ડેબ્યુ કર્યું છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહીં, પરંતુ ઓટીટી પર ફિલ્મ આવ્યા પછી તેનાં કલાકારોને લોકોએ ઘણો પ્રેમ આપ્યો છે. ખાસ તો રાશાના હાવભાવના ઘણા વખાણ થઈ રહ્યાં છે, ખાસ તો ‘ઉઈ અમ્મા’ ગીતમાં તેના ડાન્સના ખુબ વખાણ થયા છે. આ ફિલ્મ કરતાં તો ગીત વધુ લોકપ્રિય થયું છે. તેના ડાન્સે પડદાં પર આગ લગાડી દીધી હતી. ત્યારે હવે રાશાએ ખુલાસો કર્યો છે કે તેની મા રવિનાએ તેને આ ગીતનાં ડાન્સ માટે તૈયારી કરાવી છે. તાજેતરના ઈન્ટરવ્યુમાં રાશા થડાનીએ જણાવ્યું, “મેં ફિલ્મમાં આવવાનું નક્કી કર્યું કે, તેનાં પણ પહેલાં મેં ફિલ્મમાં કામ કરવાનો નિર્ણય લીધો તે પહેલાં કોઈ રીતે મારી મોમ જાણતી



હતી કે મને આ ગમ છે, હું આ જ કામ કરવાની છું. એ મને બેસાડતી અને રેખાજીના પર્ફોર્મન્સ બતાવતી હતી, સરોજજીના વીડિયો બતાવતી હતી, સાધનાજીના પર્ફોર્મન્સ બતાવતી હતી. એ પછી એ બધી એક્શન મને કરી બતાવતી, એ હાવભાવ કઈ રીતે કરવા એ પણ સમજાવતી હતી. તેનાથી મને સમજાયું કે આ ખુશીના ભાવ છે કે તે કઈ રીતે કરાય, તેની આંખો જોતી, તેના હોઠ જોતી.” રાશાએ આગળ જણાવ્યું, “એ બધું મને સહેલં કરીને સમજાવતી હતી, મને બીજાં બધાંને જોવાં કરતાં મારી મોમને જોવાની વધારે મજા આવતી હતી. એક દિવસ અમે ફિલ્મ જોઈ રહ્યાં હતાં, જેમાં સાધનાજીનું ઓરિજિનલ ઝીમકા ગિરા રે.. ગીત છે અને એ જોઈને હું ખુબ પ્રભાવિત થઈ.” રાશાએ કહ્યું કે સાધનાજીનો ડાન્સ અને સુંદરતા જોઈને મને થયું કે એક દિવસ હું પણ આવું કંઈ ક કરીશ. લોકોને લાગે છે કે રાશામાં સફળ હિરોઈનની ક્ષમતા છે. ઘણા લોકોએ રાશા થડાનીની બીજા સ્ટાર કિડ્ઝ ઈબ્રાહીમ અલી ખાન અને ખુશી કપૂર સાથે સરખામણી કરીને તેને અન્ય સ્ટાર કિડ્ઝમાં બેસ્ટ ગણાવી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં નિહાળ્યું પ્રસિદ્ધ નાટક 'ચાણક્ય'

## છેલ્લાં ૩૬ વર્ષથી આ નાટક એક મિશનની જેમ કાર્યરતઃ અભિનેતા મનોજ જોશી







। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શનિવારે રાત્રે અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે ભજવાયેલ પ્રસિદ્ધ નાટક 'ચાણક્ય' નિહાળ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કલાકાર શ્રી મનોજ જોશી અને નાટકના લેખક, દિગ્દર્શક તેમજ તમામ કલાકારોને શુભેચ્છાઓ પાઠવી હતી. નાટકના મુખ્ય અભિનેતા શ્રી મનોજ જોશીએ નાટક રજૂ કરતા પહેલા જણાવ્યું હતું કે, ચાણક્ય નાટક છેલ્લાં ૩૬ વર્ષથી એક મિશનની જેમ કાર્યરત છે. ભારતના સંસદભવનથી લઈને દેશભરમાં તેમજ વિદેશમાં પણ આ નાટકના પ્રયોગો થયા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

# શ્રદ્ધાળુઓની સાથે ગુજરાત સરકારઃ છેલ્લા ૩ વર્ષમાં રૂા. ૯.૮૬ કરોડથી વધુના ખર્ચે ૬૬ હજારથી વધુ શ્રદ્ધાળુઓને તીર્થયાત્રા કરાવી

## રાજ્યના વડીલોએ મેળવ્યો 'સરકારી તીર્થયાત્રા'નો લાભ, છેલ્લા ૩ વર્ષમાં ૬૪,૭૨૨ વડીલોએ ૧,૩૮૫ બસોમાં તીર્થયાત્રા કરી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

ગુજરાત સરકાર સામાન્ય પ્રજાની આસ્થા તેમજ શ્રદ્ધા પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે અને એટલે જ રાજ્યમાં જે લોકો પોતાના ખર્ચે તીર્થયાત્રાઓ કરી શકવામાં સક્ષમ નથી; તેવા શ્રદ્ધાળુઓની સાથે રહી સરકારી ખર્ચે રાજ્ય સરકાર તેમને તીર્થયાત્રા કરાવી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના આસ્થાપૂર્ણ અભિગમ સાથે એક બાજુ વડાપ્રધાનના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને ચરિતાર્થ કરી અનેક ધાર્મિક સ્થળોનો વિકાસ કરી રહ્યા છે, તો હજારો શ્રદ્ધાળુઓને તીર્થયાત્રાઓ કરવા માટે સહાયક બની રહ્યા છે.

રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ ચલાવી રહી છે કે જેના થકી રાજ્યની શ્રદ્ધાળુ પ્રજા સરકારી સહાય મેળવી રાજ્યમાં આવેલ પોતાના મનગમતા અને આસ્થા ધરાવતા તીર્થસ્થળો ઉપરાંત સિંધુ દર્શન તેમજ કૈલાશ માન સરોવર સુધીની યાત્રા કરી શકે. આવી યોજનાઓ રાજ્ય સરકાર પોતાના જાહેર સાહસ 'ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ'ના માધ્યમથી સંચાલિત કરી રહી છે. વર્ષ ૨૦૧૭-૧૮થી ચાલતી આ યોજનાઓમાં મુખ્યત્વે 'શ્રવણ તીર્થ દર્શન યોજના', 'સિંધુ દર્શન યોજના' અને 'કૈલાશ માન સરોવર યોજના'નો સમાવેશ થાય છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સંચાલિત આ યોજનાઓનો શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૭-૧૮થી અત્યાર સુધીના આંકડા જોઈએ, તો ઉપરોક્ત ત્રણેય યોજનાઓ હેઠળ રાજ્ય સરકારે ૧ લાખ ૫૮ હજાર ૭૬૦ શ્રદ્ધાળુઓને વિવિધ તીર્થસ્થળોની યાત્રાઓ કરાવી છે અને લાભાર્થી શ્રદ્ધાળુઓને રૂા.૨૦ કરોડ, ૬૨ લાખ ૯૩ હજારની સહાય ચૂકવી છે.

રાજ્યમાં આ તીર્થ દર્શન યોજનાઓને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા જોઈએ, તો વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ (માર્ચ-૨૦૨૫ સુધી) દરમિયાન કુલ ૬૬ હજાર ૨૩૩ શ્રદ્ધાળુઓએ આ યોજનાઓ હેઠળ તીર્થસ્થળોની યાત્રા કરી છે. રાજ્ય સરકારે આ શ્રદ્ધાળુઓને કુલ રૂા. ૯ કરોડ ૮૬ લાખ ૩૯ હજારની સહાય ચૂકવી છે. તેમાં સૌથી વધુ વડીલોએ આ યોજનાઓનો લાભ મેળવ્યો છે. છેલ્લા ૩ વર્ષમાં કુલ ૬૪,૭૨૨ વડીલોએ ૧,૩૮૫ બસોમાં પ્રવાસ કરી તીર્થયાત્રાનો લાભ મેળવ્યો છે. રાજ્ય સરકારે આ વડીલો માટે રૂા. ૭ કરોડ ૫૯ લાખ ૫૦ હજારની સહાય ચૂકવી છે. આ ઉપરાંત; છેલ્લા ત્રણ વર્ષમાં સિંધુ દર્શન યોજનાનો ૧૫૦૮ તથા કૈલાશ માન સરોવર યાત્રા યોજનાનો ૩ લોકોએ લાભ લીધો છે. રાજ્ય સરકારે સિંધુ દર્શન યોજનાના લાભાર્થીઓને રૂા. ૨ કરોડ ૨૬ લાખ ૨૦ હજાર તેમજ કૈલાશ માન સરોવર યોજનાના લાભાર્થીઓને રૂા. ૬૯ હજારની સહાય ચુકવી છે.





બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ ૩૪,૮૪૬ સીનિયર સિટીઝનોએ ૮૧૯ બસો થકી પ્રવાસ કર્યો. તેના માટે સરકારે વડીલોને રૂા. ૪ કરોડ ૨૬ લાખ ૭ હજારની સહાય ચૂકવી છે. તેવી જ રીતે; સિંધુ દર્શન યોજના હેઠળ ૯૦૮ શ્રદ્ધાળુઓને રૂા. ૧ કરોડ ૩૬ લાખ ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૩-૨૪માં શ્રવણ તીર્થ દર્શન યોજના હેઠળ ૧૦,૬૯૯ વડીલોએ ૨૩૯ બસો થકી પ્રવાસ કર્યો, જેના માટે સરકારે તેમને રૂા. ૧ કરોડ ૩૬ લાખ ૧૭ હજારની સહાય ચૂકવી છે, તો સિંધુ દર્શન યોજના હેઠળ ૩૦૦ શ્રદ્ધાળુઓને રૂા. ૪૫ લાખની સહાય ચૂકવવામાં આવી.

# દાહોદ ભાજપમાં બ્રહ્મ સમાજના બે યુવાનોની પસંદગી થતાં બ્રહ્મ સમાજમા આનંદની લાગણી છવાઈ





। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ભારતીય જનતા પાર્ટી દાહોદ જિલ્લા પ્રમુખ દ્વારા તારીખ ૧૭/૪/૨૦૨૫ ના રોજ દાહોદ શહેર મંડળ ની રચના કરવામાં આવી . દાહોદ શહેર મંડળની રચનામાં દાહોદ બ્રહ્મ સમાજના યુવા આગેવાન એવા વિશાલભાઈ રાજેન્દ્રકુમાર પારીખ તથા અભિષેકભાઈ નરેન્દ્રકુમાર શાસ્ત્રીની ભાજપ શહેર મંડળમાં મંત્રી તરીકે નિમણૂક થતા વિપ્ર ફાઉંડેશન ઝાલોદ દ્વારા શુભ કામના આપવામાં આવી હતી.

વિશાલભાઈ પારીખ પોતે દરેક સામાજિક ધાર્મિક કાર્યોમાં પોતાનો યોગદાન આપતા હોય છે તેમજ સમાજના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે અને હવે સામાજિક ધાર્મિકની સાથે રાજકીય રીતે પણ સમાજ સેવા કરવાનો અવસર પ્રાપ્ત કરી બ્રહ્મ સમાજ ગૌરવાન્વિતની લાગણી અનુભવે છે

બ્રહ્મ સમાજના બે યુવાનની ભાજપ શહેર મંડળમાં નિમણૂક થતા સમગ્ર બ્રહ્મ સમાજમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. વિપ્ર ફાઉંડેશન ઝાલોદ દ્વારા બંને ભાજપ હોદ્દેદારને શુભ કામના પાઠવી હતી તથા દાહોદ બીજેપી પ્રમુખનો આભાર માન્યો હતો.

# ઝાલોદ કેળવણી મંડળની કારોબારી ચૂંટણી માટેનું મતપત્ર જાહેર કરવામાં આવ્યું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરની સહુ થી મોટી શૈક્ષણિક સંસ્થામા વહીવટ કરવા માટે કારોબારી સભ્ય માટેની ચૂંટણી તારીખ ૦૪-૦૫-૨૦૨૫ ના રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી યોજાવાની છે. આ ચૂંટણી જંગમાં કુલ સાત કેળવણી મંડળના સભ્યો કારોબારીમા જવા ચૂંટણી લડી રહેલ છે. કેળવણી મંડળમા ૧૦૭૮ સભ્યો છે આ ૧૦૭૮ સભ્યો તારીખ ૦૪-૦૫-૨૦૨૫ ના રોજ બી.એમ. હાઈસ્કૂલ ખાતે ચાર અલગ અલગ બુથોમા જઈ મતદાન કરવાના છે એક બુથમા ક્રમ નંબર મુજબ અંદાજીત ૨૫૦ મતદારો મતદાન કરશે. કેળવણી મંડળ દ્વારા ચૂંટણી જંગમા ઉભા રહેલ ઉમેદવારો માટેનું મત્રપત્ર ક્રમ મુજબ બહાર પાડેલ છે. મત્રપત્ર મુજબ ક્રમ નંબર (૧) જસવંતકુમાર અમૃતલાલ પંચાલ (૨) જીતેન્દ્રકુમાર બાલમુકુન્દ આચર્ય (૩) દિલીપભાઈ રમણભાઈ પટેલ (૪) પરેશભાઈ લાલચંદભાઈ પંચાલ (૫) પાર્થકુમાર કિરણભાઈ પટેલ (૬) અતુલકુમાર નાથાલાલ પટેલ (૭) પટેલ અ. રજાકભાઈ ઈબ્રાહીમભાઈ ચૂંટણી જંગમાં ઉભા રહેલ છે. ઉપરોક્ત સાત સભ્યો માંથી ત્રણ વ્યક્તિઓને કેળવણી મંડળના સભ્યો દ્વારા ચૂંટીને લાવવામાં આવનાર છે.

# અમદાવાદ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ડેન્ગ્યૂ મેલેરિયા વિરોધી મેગા ડ્રાઇવ હાથ ધરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ જિલ્લા પંચાયત હસ્તકની મેલેરિયા શાખાના સંકલનમાં રહી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ દ્વારા ટાયર પંચરની દુકાન, ભંગારની દુકાન, આંગણવાડી કેન્દ્રો, સરકારી- ખાનગી શાળાઓ, ગ્રામ પંચાયત, એસટી ડેપો, ધાર્મિક સ્થળો સહિતના સ્થાનો પર ડેન્ગ્યૂ મેલેરિયા વિરોધી મેગા ડ્રાઈવ અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી. કર્મચારીઓ દ્વારા શંકાસ્પદ મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરવામાં આવી અને મચ્છરના બ્રિડિંગ મળ્યા તેનો કર્મચારીઓ દ્વારા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લામાં કુલ ૧૯૫૮ સ્થાનો પર તપાસ કરતાં ૧૭ પાત્રોમાં પોરા મળ્યા અને ૩૦૨ વ્યક્તિઓ/દુકાનોને સ્થળ પર જ નોટિસ ફટકારવામાં આવી હતી.

# ઝાલોદ નગરમાં વિપ્ર ફાઉન્ડેશનના ગઠન અંગે ગઢી (પ્રતાપપૂર, રાજ.) કાર્યકારિણી બેઠકમા ચર્ચા કરાઇ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

બાંસવાડા જિલ્લા વિપ્ર ફાઉન્ડેશનની એક કાર્યકારિણી બેઠક ગઢી (પ્રતાપપૂર) ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં રાજસ્થાન જિલ્લા સ્તરના વિપ્ર ફાઉન્ડેશનના અગ્રણીઓ અને હોદ્દેદારો હાજર રહેલ હતા. આ બેઠકમાં ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેમાં વિપ્ર ફાઉંડેશન ઝાલોદના પ્રમુખ વિજયભાઈ પંડિત, મંત્રી પંકજભાઈ પંડિત, ઉપપ્રમુખ કૈલાશજી પારીખ, રમાકાંતજી શર્મા, રમેશ શર્મા હાજર રહ્યા હતા. આ મીટિંગમાં સમાજમા એકતા તેમજ સમરસતા બનાવી રાખી દરેક વિપ્ર સમાજનો સભ્ય પોતાની સાચી જવાબદારી નિભાવે તે માટે સૂચન કરવામાં આવ્યું હતું. આજની મીટીંગમાં ઝાલોદ નગરમાં વિપ્ર ફાઉન્ડેશનને મજબૂત કરવા માટે ચર્ચા કરવામાં આવી હતી તેમજ આજની મીટીંગમાં ઝાલોદ, દાહોદ, ઝાબુઆ,ગાંગડતલાઈમા વિપ્ર ફાઉન્ડેશનનું મજબૂત ગઠન થાય તે માટે ઝાલોદ પ્રમુખ વિજય પંડિતને તથા વિપ્ર ફાઉન્ડેશનના ઝાલોદને સંપૂર્ણ જવાબદારી આપવામાં આવી હતી.

વિજયભાઈ પંડિતે પોતાના પ્રવચનમાં મધ્યપ્રદેશ,રાજસ્થાન, ગુજરાતના સીમા પર આવેલા ત્રણ જિલ્લા દાહોદ, બાંસવાડા તથા ઝાબુઆમાં વિપ્ર ફાઉંડેશનને મજબૂત બનાવવા હાકલ કરી હતી. આજની મીટિંગના વિશેષ આમંત્રિત મહેમાન પૂર્વ વિધાયક બાંસવાડા રમેશજી પંડ્યા એ સમાજના ઉત્થાન માટે શુ કરવું જોઈએ તેના ઉપર ભાર મૂક્યો હતો.તેઓએ પ્રવચન દરમ્યાન જીવનમાં સદાય સકારાત્મક અભિગમ અપનાવવો જોઈએ તથા જેવું તમે વિચારમાં લાવસો તેવાજ પરિણામ મળસે.આજના જમાનામાં શસ્ત્ર ચલાવવાની જરૂર નથી પરંતુ શસ્ત્ર ચલાવવાની તાલીમ લેવાની જરૂર છે આમ તેઓએ પોતાના વિચારો રજૂ કરેલ હતા. અંતે વિપ્ર ફાઉંડેશન પ્રદેશ પ્રમુખ યોગેશ જોષી દ્વારા સંગઠન મજબૂત કરવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવેલ હતા તેની ચર્ચા કરી હતી તથા સમાજમાં કોઈને કોઈ પણ હોદ્દો જોઈતો હોય તો કહી દેજો મળી જશે પરંતુ સમાજને તોડવાનો પ્રયાસ કોઈએ નઈ કરવો જોઈએ. સમાજને આગળ વધારવા માટે યોગેશ જોષી તેમજ મહિલા પ્રકોષ્ટ મહામંત્રી ડોક્ટર કીર્તિ આચાર્ય પણ બહેનોએ સમાજમાં આગળ લાવવા માટે સતત સેવા આપી રહ્યા છે તેઓ જણાવે છે કે બહેનો એ દરેક ક્ષેત્રે પોતાને આગળ વધારવા માટે મહેનત કરી રહી અને રમત ગમત ક્ષેત્રમાં પણ બહેનોને આગળ વધી દરેક રમત માં ભાગ લેવો જોઈએ. આમ આજની જિલ્લા સ્તરની મીટિંગ સકારાત્મક વિચારો સાથે સારા વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

# ઝાલોદ ભરચક વિસ્તારમાં એક વૃદ્ધ વ્યક્તિને અંદાજીત ચાર જેટલા ગઠિયા લૂંટીને રફુચક્કર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૧ ।

ઝાલોદ નગરમાં સી.સી.ટી.વી કેમેરાના અભાવે ચોરો એ માઝા મુકી છે તેવું લાગી રહેલ છે. થોડા દિવસ અગાઉ એક સોસાયટીમા ચાર ચોરો રાત્રી દરમિયાન ચોરી કરવા ઘૂસી ગયેલ હતા પરંતુ ત્યાં એક વ્યક્તિ જાગતો હોવાથી લૂંટની ઘટના સોસાયટીમા બની ન હતી. ઘણી ખરી નાની ચોરીની ઘટનાઓ પોલિસ સ્ટેશન સુધી પહોંચતી પણ નથી કેમકે નગરમાં આ અંગે જાગૃકતાનો અભાવ જોવા મળે છે. ઝાલોદ નગરમાં ૧૯-૦૪-૨૦૨૫ ના રોજ એ.પી.એમ.સી બહાર અંદાજીત ૮૦ વર્ષના વૃદ્ધ વ્યક્તિ લૂંટાયેલ હોવાની ઘટના બહાર આવેલ છે. આ વૃદ્ધ વ્યક્તિ દરરોજ મંદિરે આવતા જતા હતા તેવું સાંભળવા મળેલ છે. આ વૃદ્ધ વ્યક્તિ ૧૯-૦૪-૨૦૨૫ ના રોજ અંદાજીત ૬:૩૦ વાગે ઝાલોદ એ.પી.એમ.સી બહારથી પોતાના ઘરે જઈ રહેલ હતા. સાંભળવા મળ્યા મુજબ અંદાજીત ચાર અજાણ્યા વ્યક્તિઓ આ વૃદ્ધ પાસે આવી પોતે પોલિસ હોવાનું જણાવેલ હતું અને હાલ ચોરી ખૂબ થાય છે તેમ કહી વૃદ્ધ વ્યક્તિને તેમના ગળા અને હાથમાં પહેરેલ સોનાની રકમ કાઢી ખિસ્સામાં મૂકી દેવા જણાવ્યું હતું .વૃદ્ધ વ્યક્તિ ડરી જઈ આ રકમ પોતાના શરીરે થી કાઢી અજાણ્યા વ્યક્તિના રૂમાલમાં આપી દે છે. આ અજાણ્યા વ્યક્તિ રકમ જેવું ભરેલ અન્ય રૂમાલ આ વૃદ્ધ વ્યક્તિને આપી ખિસ્સામાં મૂકી દો અને ઘરે જઈને આ રકમ મૂકી દેજો તેમ જણાવ્યું હતું અને આ અજાણ્યા વ્યક્તિઓ ત્યાંથી જતા રહેલ હતા. ત્યારબાદ આ વયોવૃદ્ધ વ્યક્તિ ઘરે આવી પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢી રૂમાલ ખોલતા તેમાંથી બે પત્થર નીકળેલ હતા તેથી આ વયોવૃદ્ધ વ્યક્તિને રકમ ચોરાઈ ગઈ હોવાનું માલુમ પડતાં આ ઘટના અંગે પોતાના પુત્રને જાણકારી આપી હતી.

આ વયોવૃદ્ધ વ્યક્તિના પુત્ર દ્વારા આ જાણકારી મળતા તાત્કાલિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરેલ હતો. પોલિસને આ અંગે મૌખિક માહિતી આપતા પોલિસ દ્વારા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈ આજુબાજુના વિસ્તારોમાં સી.સીટી.વી કેમેરા જોયા હતા પરંતુ આ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા લૂંટ કરેલ ઘટના કોઈપણ સી.સી.ટી.વી કેમેરામા જોવા મળ્યા ન હતા. તેથી પોલિસ દ્વારા આ અંગે સઘન તપાસ કરવાની બાંહેધરી ભોગ બનેલ વ્યક્તિને આપવામાં આવી હતી .આ લખાય છે ત્યાં સુધી ભોગ બનેલ વ્યક્તિ દ્વારા કોઈપણ જાતની અરજી કે પોલીસ ફરિયાદ ઝાલોદ પોલીસ સ્ટેશનમા આપવામાં આવી નથી.

# વિરમગામ, દસ્ક્રોઈ અને ધોળકા તાલુકામાં બાળકો અને માતાઓના પોષણ સાથે આરોગ્યને જાળવી રાખવાના ઉપાયોની ચર્ચા કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ જિલ્લામાં આઈસીડીએસ યોજના હેઠળ પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લાના વિરમગામ, દસ્ક્રોઈ અને ધોળકા તાલુકાના સિંગરવા, મિરોલી, અસલાલી, કરકથલ અને કોઠ ગામમાં આંગણવાડી કાર્યકરો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. પોષણ અને આરોગ્યના ઉપાયો સમજાવતા આંગણવાડી કાર્યકરોએ લાભાર્થીઓને ટેક હોમ રાશન (THR)નાં પેકેટમાંથી વાનગી બનાવી તેમાંથી મળતાં પોષકતત્ત્વો વિશેની સમજ આપી હતી. આરોગ્ય અને પોષણની સમજ આપ્યા બાદ સમગ્ર લાભાર્થીઓને વરસાદી પાણીના સંગ્રહને લગતા ઉપાયો જણાવી પીવાના પાણી, સ્વચ્છતા, સારી ટેવો અને શૌચાલયના ઉપયોગ અંગેનો પ્રચાર - પ્રસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સગર્ભા માતાની ગૃહ મુલાકાતમાં તેમની આરોગ્ય ચકાસણી બાદ હીમોગ્લોબિન જાળવી રાખવાના ઉપાયો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. મિલેટમાંથી બનતી વાનગીઓ અને તેમાંથી મળતાં પોષકતત્ત્વો વિશે પણ લાભાર્થીઓને સમજાવવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સવારથી તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. સાવચેતી રાખો-કામના સ્થળે લોકો સાથે કામ લેતી વખતે હોંશિયારી અને ધીરજ રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દ્દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો. જો કે તમારો સાથી સમજણ બતાવી ને તમને શાંત કરશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. તમે જો ઑફિસમાં વધારાનો સમય વિતાવશો તો તેની અસર તમારા ગૃહજીવન પર પડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. દરેક કાર્ય ને સમય પર પૂર્ણ કરવું ઠીક હોય છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. કાર્યક્ષેત્ર અથવા વેપારમાં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. વ્યવસાયમાં ગણતરીપૂર્વકનાં પગલાં વળતર અપાવશે.પ્રૉજેક્ટ સમયસર પૂરા કરવામાં તે તમને મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે નવરાશની લહેજત માણવાના છો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમે આપેલા કામ ને સમય સીમા પહેલાજ પૂર્ણ કરી લેશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. વેપારમાં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે તેમ જ સ્વીકારવી એ જ જીવનની મહાન બાબત છે.

## ન્યૂઝ બ્રિફ

### ‘એક મંદિર, એક કૂવો, એક સ્મશાન’ના સિદ્ધાંતને અપનાવો : મોહન

। (એજન્સી) અલીગઢ, તા.૨૧ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે જાતિગત ભેદભાવનો અંત લાવવા માટે ‘એક મંદિર, એક કૂવો અને એક સ્મશાન’ના સિદ્ધાંતને અપનાવીને સામાજિક સમરસતા માટે પ્રયાસો કરવા હાકલ કરી છે. સંઘના વડા અલીગઢના પાંચ દિવસના પ્રવાસે છે. સાસની ગેટ વિસ્તારમાં એચ બી ઈન્ટર કોલેજ અને પંચન નગરી પાર્ક ખાતે આયોજિત બે શાખાઓમાં સ્વયંસેવકોને સંબોધતા ભાગવતે હિન્દુ સમાજના સભ્યોને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા હાકલ કરી હતી જે ફક્ત સંવાદિતા દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.આરએસએસના સૂત્રોના જણાવ્યા અનુસાર ભાગવતે હિન્દુ સમાજના પાયા તરીકે સંસ્કાર (સંસ્કૃતિ)ના મહત્વ પર ભાર મૂક્યો અને સભ્યોને પરંપરા, સાંસ્કૃતિક મૂલ્યો અને નૈતિક સિદ્ધાંતો પર આધારિત સમાજ બનાવવા વિનંતી કરી હતી. તેમણે RSS સભ્યોએ હાકલ કરી હતી કે, સમાજના તમામ વર્ગો સુધી પહોંચવું જોઈએ અને તેમને તેમના ઘરે આમંત્રિત કરવા જોઈએ જેથી તેઓ પાયાના સ્તરે સંવાદિતા અને એકતાનો સંદેશ ફેલાવી શકે.ભાગવતે કહ્યું કે પરિવાર એ સમાજનું મૂળભૂત એકમ છે, જે સંસ્કારમાંથી પ્રાપ્ત થયેલા મજબૂત કૌટુંબિક મૂલ્યો પર આધારિત છે. તેમણે રાષ્ટ્રવાદ અને સામાજિક એકતાના પાયાને મજબૂત બનાવવા માટે તહેવારોની સામૂહિક ઉજવણીને પ્રોત્સાહન આપ્યું. ૧૭ એપ્રિલથી શરૂ થયેલી તેમની પાંચ દિવસની મુલાકાત દરમિયાન આરએસએસ વડા બ્રિજ પ્રદેશ હેઠળ આવતા તમામ જિલ્લાઓના આરએસએસ પ્રચારકોને દરરોજ મળી રહ્યા છે અને તેમની સાથે વિચારોનું આદાન-પ્રદાન કરી રહ્યા છે.

### પુરુષો માટે કાયદો હોત તો આવું ન કરતઃ એન્જિનિયરનો આપઘાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ઉત્તર પ્રદેશના ઈટાવામાં અતુલ સુભાષ કેસ જેવો જ બીજો એક કેસ પ્રકાશમાં આવ્યો છે. અહીં મોહિત યાદવ નામના એક આઈટી પ્રોફેશનલે આપઘાત કર્યો છે. અંતિમ પગલું ભરતા પહેલા મોહિતે પોતાના મોબાઈલમાં વીડિયો રેકોર્ડ કરીને પત્ની અને સાસરિયાઓ અંગે ચોંકાવનારી વાતો શેર કરી છે. આ સાથે જ મોહિતે આપઘાત પાછળ પુરુષો માટે કાનૂની રક્ષણના અભાવને મુખ્ય કારણ ગણાવ્યું હતું. મોહિતે વીડિયોમાં જણાવ્યું હતું કે, તમને આ વીડિયો મળશે ત્યાં સુધીમાં હું દુનિયા છોડી ચૂક્યો હોઈશ. જો પુરુષો માટે કાયદો હોત તો મેં આ પગલું ન ભર્યું હોત. મમ્મી-પપ્પા મને માફ કરી દો. મારી પત્ની અને તેના પરિવાર દ્વારા અપાતો માનસિક ત્રાસ હું સહન કરી શક્યો નહીં. જો મારા મૃત્યુ પછી પણ મને ન્યાય ન મળે, તો મારી અસ્થિ ગટરમાં વિસર્જિત કરી દેજો’વીડિયોમાં મોહિતે વધુમાં ઉમેર્યું હતું કે, ‘મારી પત્નીએ મને ધમકી આપી હતી કે જો હું મારું ઘર અને મિલકત તેના નામે નહીં રજીસ્ટર કરાવું તો તે મારા પરિવારને દહેજના કેસમાં ફસાવી દેશે. તેના પિતા મનોજ કુમારે ખોટી ફરિયાદ નોંધાવી હતી અને તેના ભાઈએ મને મારી નાખવાની ધમકી આપી હતી.’ એટલું જ નહીં, મોહિતે સાસુ પર પત્નીનો ગર્ભપાત કરાવ્યાનો પણ આરોપ લગાવ્યો છે.

### અગાઉ અમેરિકા અને ભારત વચ્ચે આ મામલે વિવાદ સર્જાયો હતો

# ભારત-અમેરિકાની બેઠકમાં એલ્યુમિનિયમ સ્ટીલ પર ટેરિફ મુદ્દે વાતચીત થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।



સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ફરી જકાત વધારવાના મુદ્દે ભારતે વચલો માર્ગ શોધવા કવાયત શરૂ કરી છે. ૨૩ એપ્રિલથી વોશિંગ્ટન ખાતે ભારત અને અમેરિકાના ઉચ્ચ સરકારી અધિકારીઓ વચ્ચે ત્રિદિવસીય વાટાઘાટોનો પ્રારંભ થવાનો છે. આ મંત્રણા દરમિયાન સ્ટીલ-એલ્યુમિનિયમ પર ટેરિફ વધારવાના મુદ્દે ચર્ચા થવાની શક્યતા છે. અગાઉ અમેરિકા અને ભારત વચ્ચે આ મામલે વિવાદ સર્જાયો હતો અને કેસ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) સમક્ષ પહોંચ્યો હતો, જેમાં બંને દેશની સંમતિથી સ્ટીલ એલ્યુમિનિયમ પર ટેરિફ વિવાદ ઉકેલાયો હતો. અગાઉની બાઈડન સરકારે ૨૦૧૮ના વર્ષમાં સ્ટીલની કેટલીક વસ્તુઓ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટકા ટેરિફ લગાવી હતી. ટેરિફ લાગુ કરવા માટે તત્કાલીન અમેરિકી સરકારે રાષ્ટ્રીય સલામતીનું કારણ જ રજૂ કર્યું હતું. નવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ બાઈડનના પગલે ચાલી રહ્યા છે. અગાઉ સર્જાયેલા વિવાદમાં અમેરિકાને વળતા જવાબ રૂપે ભારતે અમેરિકાના ૨૮ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી વધારી હતી, જેમાં બદામ અને અખરોટ સહિતની વસ્તુઓનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ભારતે WTOમાં ફરિયાદ પણ કરી હતી. ૨૦૨૦માં આ વિવાદનો બંને પક્ષે સંમતિ સાથે ઉકેલ આવ્યો હતો અને WTOમાં સાત મુદ્દે ઉકેલ આવ્યો હતો. આ સાત મુદ્દામાં સ્ટીલ પર ટેરિફનો પણ સમાવેશ થતો હતો. સમાધાન થયા બાદ ભારતે વળતા જવાબમાં લગાવેલી ટેરિફ પરત ખેંચી લીધી હતી અને બંને પક્ષ વચ્ચે કરાર થયા હતા. આ કરારમાં ભારતે અમેરિકાના ૮ ઉત્પાદનો પરથી વધારાની ડ્યુટી દૂર કરી હતી અને અમેરિકાના બજારોમાં ભારતીય નિકાસકારોનો પ્રવેશ સરળ બન્યો હતો. ટ્રમ્પ સરકારે ફરી એક વખત ૧૨ માર્ચથી એલ્યુમિનિયમ-સ્ટીલ ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ ઝીંકી દીધી છે. ભારતે આ મામલે ફરી એક વખત વિરોધ નોંધાવી અગાઉ WTOમાં થયેલા કરાર અંતર્ગત સમાધાનની માગણી કરી છે. જો કે આમેરિકાએ આ વખતે ટેરિફ વધારા માટે રાષ્ટ્રીય સલામતીનું કારણ દર્શાવ્યું છે અને સેફગાર્ડ મેઝર તરીકે ટેરિફ ન લદાઈ હોવાનો દાવો કર્યો છે. ૨૦૨૪ના વર્ષમાં ભારતમાંથી સ્ટીલ-એલ્યુમિનિયમની નિકાસનો આંકડો ૪૫૦ મિલિયન ડોલરે પહોંચ્યો હતો.

## સમગ્ર અમેરિકામાં પ્રમુખ ટ્રમ્પની નીતિઓ સામે વ્યાપક વિરોધી દેખાવો



। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૧ ।

અમેરિકામાં પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓની વિરુદ્ધમાં ન્યૂયોર્ક, વોશિંગ્ટન સહિત દેશભરના શહેરોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યાં હતાં અને ઉગ્ર વિરોધી દેખાવો કર્યા હતા. વ્હાઈટ હાઉસ સામે વિશાળ રેલી અને એલન મસ્કની ટેસ્લાની ડીલરશીપ સામે વિરોધી દેખાવો થયા હતાં. આશરે બે સપ્તાહ પહેલા પણ ટ્રમ્પ અને મસ્કની નીતિઓની સામે હેન્ડસ ઓફ વિરોધી દેખાવો થયાં હતાં. બોસ્ટનમાં એક પ્રદર્શનકારીએ જણાવ્યુ હતું કે અમેરિકનો પર તેની જ સરકાર તરફથી હુમલો થઈ રહ્યો છે અને તેમણે તેની સામે ઉભા રહેવાની જરૂર છે. આ અમેરિકાની સ્વતંત્રતા માટે ખૂબ જ જોખમી સમય છે. ડેનવરમાં સેંકડો દેખાવકારો કોલોરાડો સ્ટેટ કેપિટોલ ખાતે એકઠા થયાં હતાં અને ઈમિગ્રન્ટ્સને સમર્થન વ્યક્ત કર્યુ હતું. હજારો લોકોએ ઓરેગોનના પોર્ટલેન્ડમાં પણ વિશાળ રેલી કાઢી હતી. સાન ફ્રાન્સિસ્કોમાં સેંકડો લોકોએ પેસિફિક મહાસાગરના કિનારે રેતાળ બીચ પર ‘‘ઈમ્પીચ એન્ડ રિમૂવ’’ શબ્દો લખ્યાં હતાં. પ્રેસિડન્ટ ટ્રમ્પના સલાહકાર ઈલોન મસ્કની ટેસ્લા કારના ડીલરશીપની બહાર પણ ઠેરઠેર વિરોધી દેખાવો થયા હતાં. વિરોધી દેખાવના ભાગરૂપે ઘણા લોકોએ સ્થાનિક આશ્રયસ્થાનોમાં ફૂડ ડ્રાઈવ, શિક્ષણ અને સ્વયંસેવા જેવા કાર્યક્રમોનું પણ આયોજન કર્યુ હતું. વિરોધી દેખાવના આયોજકોએ જણાવ્યું હતું કે ટ્રમ્પ નાગરિક હકો અને બંધારણનું ઉલ્લંઘન કરી રહ્યાં છે. હજારો સરકારી કર્મચારીઓને છટણી, અને સમગ્ર સરકારી એજન્સીઓને બંધ કરવી તથા હજારો ઈમિગ્રન્ટ્સને દેશનિકાલ જેવા પગલાંનો વિરોધ થયો હતો.કેટલાંક વિરોધી દેખાવો ૨૫૦ વર્ષ પહેલાના ક્રાંતિકારી યુદ્ધની ભાવના પર આધારિત હતાં. ન્યુ યોર્કમાં લોકો શહેરની મુખ્ય લાઈબ્રેરીની બહાર એકઠા થયા હતાં અને તેમના હાથમાં ‘નો કિંગ્સ ઈન અમેરિકા’ અને ‘જુલમ સાથે પ્રતિકાર’ જેવા નારા લખેલા પોસ્ટરો હતાં. કોનકોર્ડ વિરોધ પ્રદર્શનમાં સામેલ બોસ્ટનના રહેવાસી જ્યોર્જ બ્રાયન્ટે હાથમાં ‘ટ્રમ્પનું ફાસીવાદી શાસન હવે જવું જોઈએ’ લખેલું પ્લેકાર્ડ હતું.

### પુતિને ઈસ્ટર નિમિત્તે ગણતરીના કલાકો માટે યુદ્ધવિરામ જાહેર કર્યો

## ક્રિમિયા પર રશિયાના કબજાને માન્યતા આપવા USની તૈયારી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।




રશિયા અને યુક્રેન વચ્ચેની વ્યાપક શાંતિ સમજૂતીના ભાગરૂપે અમેરિકા યુક્રેનના ક્રિમિયા પ્રદેશ પર રશિયાના અંકુશને માન્યતા આપવા તૈયાર થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. અમેરિકાની આ તૈયારી સંકેત આપે છે કે પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધવિરામ સમજૂતી માટે આતુર છે. શાંતિ મંત્રણાથી વાકેફ સૂત્રોને ટાંકીને મીડિયા અહેવાલમાં આ માહિતી આપવામાં આવી હતી. અગાઉ શુક્રવારે ટ્રમ્પ અને અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે જો યુદ્ધવિરામ અંગે ઝડપથી પ્રગતિ નહીં થાય તો અમેરિકા આ અંગેના પ્રયાસો પડતા મુકશે. ૨૦૧૪ના આક્રમણ પછી રશિયાએ ક્રિમિયા પર કબજો કર્યો હતો અને તેના અંકુશ હેઠળ લોકમત પણ લીધો હતો. જોકે આંતરરાષ્ટ્રીય સમુદાયે હજુ સુધી ક્રિમિયા પર રશિયાના અંકુશને માન્યતા આપી નથી. હવે જો અમેરિકા આ પ્રદેશ પર રશિયાના અંકુશને માન્યતા આપશે તો તે બળના ઉપયોગ દ્વારા જમીન કબજે કરવા પર પ્રતિબંધ મૂકતા આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંધિઓનું ઉલ્લંઘન ગણાશે. જોકે આવું પગલું રશિયન પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન માટે વરદાનરૂપ સાબિત થશે. પુતિન લાંબા સમયથી ક્રિમીયામાં રશિયન સાર્વભૌમત્વની આંતરરાષ્ટ્રીય માન્યતા મેળવવા માંગે છે.

### પુતિન માત્ર યુદ્ધવિરામનો ઢોંગ કરતા હોવાનો યુક્રેનના પ્રમુખનો આક્ષેપ

## યુદ્ધવિરામની જાહેરાત છતાં રશિયાના હુમલા ચાલુ રહ્યા

। (એજન્સી) કીવ, તા.૨૧ ।



યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ રવિવારે આક્ષેપ કર્યો હતો કે રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિને યુક્રેનમાં શનિવારથી રવિવારની રાત્રિ સુધી ૩૦ કલાકના ઈસ્ટર યુદ્ધવિરામની જાહેરાત કરી હોવા છતાં રશિયાએ રાત્રે યુક્રેન પર હુમલા ચાલુ રાખ્યાં હતાં. રશિયા યુદ્ધવિરામનો માત્ર ઢોંગ કરી રહ્યું છે. ઝેલેન્સ્કીએ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈસ્ટરની મોર્નિંગમાં આપણે કહી શકીએ છીએ કે રશિયાની આર્મી યુદ્ધવિરામનો દેખાડો કરી રહી છે. તેને યુક્રેનને નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખ્યું છે. પુતિને શનિવારે કામચલાઉ ધોરણે ઈસ્ટર યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. આમ છતાં રશિયાએ ફ્રન્ટ લાઈન સહિતના વિસ્તારોમાં ૫૯ જગ્યાએ ગોળીબાર કર્યા હતાં. આશરે ડઝનેક ડ્રોન હુમલા પણ થયા હતાં. જોકે સારી વાત હતી કે કોઈ હવાઈ હુમલાની સાયરન વાગી ન હતી. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે પુતિનનો તેમની સેના પર સંપૂર્ણ નિયંત્રણ નથી અથવા પરિસ્થિતિ સાબિત કરે છે કે રશિયામાં તેમનો યુદ્ધ સમાપ્ત કરવા તરફ કોઈ વાસ્તવિક પગલું ભરવાનો કોઈ ઈરાદો નથી, અને તેઓ ફક્ત પીઆર કવરેજમાં રસ ધરાવે છે. રશિયાએ યુદ્ધવિરામની શરતોનું સંપૂર્ણ પાલન કરવું જોઈએ. યુક્રેન રવિવાર મધ્યરાત્રિથી શરૂ થઈને ૩૦ દિવસ માટે યુદ્ધવિરામ લંબાવવા માટે તૈયાર છે.




રાજસ્થાનના માઉન્ટ આબુમાં બ્રહ્માકુમારી મુખ્યાલય ખાતે આયોજિત રાષ્ટ્રવ્યાપી અભિયાન - સ્વ-સશક્તિકરણથી રાષ્ટ્ર સશક્તિકરણના શુભારંભ સમારોહમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા.

### ૧૭ એપ્રિલે કુરેશી દ્વારા ટિપ્પણી કરવામાં આવેલી

## કુરેશી ચૂંટણી કમિશનર નહિ, મુસ્લિમ કમિશનર હતાઃ ભાજપ સાંસદ દૂબે

। નવી દિલ્હી, તા.૨૧ ।



ચીફ જસ્ટિસ અને સુપ્રીમ કોર્ટ અંગે પોતાની ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યા બાદ ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ પૂર્વ ચૂંટણી કમિશનર એસ વાય કુરેશી પર નિશાન તાક્યુ હતું. તેમણે કુરેશી અંગે કહ્યું હતું કે, તેઓ દેશના ચૂંટણી કમિશનર નહીં, પરંતુ મુસ્લિમ કમિશનર હતા. ઉલ્લેખનીય છે કે, કુરેશીએ વકફ સુધારા એક્ટને અન્યાયી અને મુસ્લિમોની જમીન પચાવી પાડવાના કાવતરા સમાન ગણાવ્યું હતું. ભારતના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર રહી ચૂકેલા કુરેશીએ એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, વકફ એક્ટ નિઃશંકપણે અત્યાચારી છે. મુસ્લિમોની જમીન પચાવી પાડવા માટે સરકારે ઘડેલું દુષ્ટ કાવતરું છે. આ મામલે સુપ્રીમ કોર્ટ નિર્ણય લે તેવી આશા છે. તોફાની તત્વોના પ્રોપગેન્ડા હેઠળ ખોટી માહિતી ફેલાવવાનું કામ થઈ રહ્યું છે. ૧૭ એપ્રિલે કુરેશી દ્વારા થયેલી ટિપ્પણીનો જવાબ ભાજપે રવિવારે આપ્યો હતો. નિશિકાંત દુબેએ અગાઉ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની ટીકા કરી હતી.

# ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. દ્વારા આયોજીત ‘ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ’ કાર્યક્રમમાં ૧૭ વ્યક્તિઓનું ‘પ્રાઇડ ઓફ ઇન્ડિયા એવોર્ડ’થી સન્માન

। અમદાવાદ ।



જૈન આચાર્ય પ.પૂ. પદ્મસાગર સૂરિજી મહારાજ સાહેબ તથા રાષ્ટ્રસંત ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. અને ફીલિંગ્સ ફાઉન્ડેશન દ્વારા ‘ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ’ કાર્યક્રમ અંતર્ગત ૧૮માં પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નિવૃત્ત મુખ્ય સચિવશ્રી પી. કે. લહેરી તેમજ ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટના નિવૃત જસ્ટિસ શ્રી પી. પી. ભટ્ટ તથા ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડના સી. એમ. ડી.-એડિટર શ્રી અતુલભાઈ શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

રાષ્ટ્રસંત ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અર્હમનાદથી ‘ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ’ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ જૈન આચાર્ય ભગવંતમાન પ.પૂ. પદ્મસાગર સૂરિજી મહારાજ સાહેબ દ્વારા માંગલિકનું પઠન કરવામાં આવ્યું હતું. ‘ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ’ના ૧૮માં એવોર્ડ સમારંભમાં અલગ-અલગ કેટેગરીમાં કુલ ૧૭ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશ પ્રથમનો ભાવ હૈયે રાખી વિવિધ ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓને ફીલિંગ્સ દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરવાના આ ઉપક્રમને આવકારું છું, યોગ્ય વ્યક્તિની યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ કે સંસ્થા દ્વારા યોગ્ય સમયે સન્માન થાય તે સુજ્ઞ સમાજની નિશાની છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે પોતાના પ્રેરણાદાયી વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે, ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. છેલ્લા ૨૭ વર્ષોથી ૫૫ જેટલા દેશોમાં ૩૦ લાખથી વધુ વાચકો સુધી સકારાત્મક વિચારો પ્રસરાવી રહ્યું છે અને માનવતાને ભારતીય જીવન મૂલ્યો સાથે જોડી રહ્યું છે ત્યારે ફીલિંગ્સના સી.એમ.ડી-એડિટર શ્રી અતુલભાઈ શાહને હું હાર્દિક અભિનંદન આપું છું. શ્રધ્ધાથી જ્ઞાન, નમ્રતાથી માન અને યોગ્યતાથી સ્થાન મળે છે. સમાજમાં તેવા વ્યક્તિઓનું સન્માન ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. દ્વારા કરવામાં આવે છે, તે ઉત્તમ કાર્ય માટે તેઓને મારી શુભકામનાઓ પાઠવું છું.

પ્રાસંગિક પ્રવચનમાં ફીલિંગ્સના સી. એમ. ડી એડિટર શ્રી અતુલ શાહે ઉપસ્થિત જૈનાચાર્યો તેમજ મંચસ્થ મહાનુભાવો અને આમંત્રિતોને આવકાર આપી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમણે સમાજમાં મનોદિવ્યાંગ બાળકો અને નિઃસહાય વૃધ્ધો માટે આધુનિક સુવિધાથી સજ્જ ભવન નિર્માણ કરવાની પણ ભાવના વ્યક્ત કરી હતી.

ભારતની સંસ્કૃતિ અને સમૃદ્ધિના સંવર્ધન માટે વિજ્ઞાન, અધ્યાત્મ, કલાજગત, રમત-ગમત, ઉદ્યોગ-જગત અને સમાજ સેવામાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપનાર દેશ-વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત મહાનુભાવો જેવા કે શ્રી રાહુલ શુક્લ પરિવાર (યુ.એસ.એ.) અને શ્રી નિશીથ મહેતા (માઈક્રોસાઈન પ્રોડક્ટસ), વસુધૈવ કુટુંબકમ્ એવોર્ડથી, શ્રી હીરાભાઈ, શ્રી કિરણભાઈ વોરા (આસોપાલવ) અને શ્રી પ્રદિપ ત્રિવેદીને ગુજરાત રત્ન એવોર્ડથી, શ્રી ભૂપતભાઈ સુખડીયા, શ્રીમતિ જાગૃતિ સુખડીયાને (શ્રી રાધે ડેરી ફાર્મ એન્ડ ફુડ્સ લિ.) બિઝનેસ એવોર્ડથી , માસ્ટર મિરાન ભટ્ટને યંગ સ્ટાર એવોર્ડથી, શ્રી નીતિન મહેતા, યુ. કે. – ઈન્ટરનેશલ એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ એવોર્ડથી, શ્રી જિતેન્દ્ર ચૌહાણ, શ્રી બિપીનભાઈ ચૌહાણ, (ઝેડ બ્લ્યુ) – ફેશન એવોર્ડથી, શ્રી યોગેશભાઈ લાખાણીને (બ્રાઈટ આઉટડોર) ગોલ્ડન અચિવમેન્ટ એવોર્ડથી, શ્રી વિષ્ણુભાઈ પંડયા, જર્નાલિસ્ટ, લેખક, ઈતિહાસકાર, કોલમીસ્ટને લિટરેચર એવોર્ડથી, શ્રી સિદ્ધાર્થભાઈ શાહને યંગ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યરથી, શ્રી પ્રકાશભાઈ સંઘવીને (રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યૂબ્સ) જૈન રત્ન એવોર્ડથી, શ્રી ચંદ્રપ્રકાશ દોશીને (અમેરીકન સ્ટીલ્સ પ્રા. લિ.) યંગ એચીવર્સ એવોર્ડથી, પૂ. બ્રહ્મચારી શ્રી નિરંજનાનંદજી (ડૉ. ધનંજય શાસ્ત્રી)ને ધર્મ રક્ષક એવોર્ડથી, શ્રીમતી ગીતા અગ્રવાલને ધ ચેન્જ મેકર એવોર્ડથી, યોગાચાર્ય શ્રી રાજેશ બારોટને હેલ્થ એન્ડ ફિટનેસ એવોર્ડથી અને એક્સપર્ટઝ હોલિડેઝના શ્રી દેવાંગભાઈની ટીમને ઈવેન્ટ મેનેજમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી.વેંસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી





વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે.ડી. વેંસ અને તેમના પરિવારનું તેમના આવાસ ખાતે સ્વાગત કર્યું.

## ન્યુઝ બોક્ષ

### સુરત જઇ રહેલી ટ્રાવેલ્સ સિદ્ધપુર નજીક ટ્રેલર પાછળ ઘૂસી, ૨ના મોત, ૧૭ મુસાફરો ઇજાગ્રસ્ત

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

રાજ્યમાં અકસ્માતોના બનાવોમાં દિન-પ્રતિદિન સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે રવિવારે મોડી રાત્રે રાજસ્થાનથી સુરત જઈ રહેલી ખાનગી ટ્રાવેલ્સ બસ સિદ્ધપુરના મક્તુપુર નજીક ટ્રેલર પાછળ ઘૂસી જતાં બેના મોત નીપજ્યા છે, જ્યારે ૧૭ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માતની જાણ થતાં એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રવિવારે મોડી રાત્રે મહેસાણા-ઉંઝા હાઈવે પર સિદ્ધપુરના મક્તુપુર નજીક ખાનગી ટ્રાવેલ્સ બસ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનના બોલતરાથી સુરત તરફ જઈ રહેલી ટ્રાવેલ્સ બસ ટ્રેલર પાછળ ઘૂસી જતાં બે લોકોના મોત નીપજ્યા હતા.

### વડોદરામાં મોડી રાત્રે ટ્રક અને ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માતમાં ૨નાં મોત

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

અમદાવાદનાં રહીશ ચંદુભાઈ અને તેમની પત્ની સાથે સુરતથી પરત ફરી રહ્યાં હતા. ત્યારે અકસ્માત થતાં તેમનું મોત થયું છે. અન્ય એક મૃતકના પરિવારજને વડોદરામાં મોડી રાત્રે આજવા ચોકડી અને ગોલ્ડન ચોકડી વચ્ચે દરજીપુરા એરફોર્સ બ્રિજ પર ટ્રક અને ટ્રાવેલ્સ વચ્ચે અકસ્માત થતાં ૨ લોકોનાં મોત થયા છે. અકસ્માતમાં ૮ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અમદાવાદનાં રહીશ ચંદુભાઈ અને તેમની પત્ની સાથે સુરતથી પરત ફરી રહ્યાં હતા. ત્યારે અકસ્માત થતાં તેમનું મોત થયું છે. અન્ય એક મૃતકના પરિવારજને કહ્યું કે, પવન ટ્રાવેલ્સની બસ સુરતથી અમદાવાદ જઈ રહી હતી, દરમિયાન વડોદરા બાયપાસ ગોલ્ડન ચોકડી નજીક અકસ્માત સર્જાયો હતો. બસની કેબિનમાં બેઠેલા ૨ લોકોના કરૂણ મોત નિપજ્યા હતા. બે દિવસ અગાઉ ગોધરા વડોદરા હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક જ પરિવારના ચાર જણાના કરૂણ મોત નિપજ્યા હતા.

## રાજ્ય સરકારે જારી કર્યો હેલ્પલાઈન નંબર

# જમ્મુ-કાશ્મીરમાં ફસાયેલા ગુજરાતીઓ સહીસલામત

### ફસાયેલા ગુજરાતના મુસાફરો માટે રહેવા તથા જમવાની સુવિધા આર્મી કેમ્પ ખાતે કરવામાં આવી હતી

। (એજન્સી) ગાંધીનગર,તા. ૨૧ ।

જમ્મુ કાશ્મીરના રામબનમાં લેન્ડ સ્લાઈડીંગની ઘટનામાં ફસાયેલા ગુજરાતના બધા જ ૫૦ યાત્રીકો સુરક્ષિત અને સલામત છે તેમ રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ લેન્ડ સ્લાઈડીંગની ઘટનામાં ગુજરાતી યાત્રિકો ફસાયા હોવાની જાણ થતાં જ તેમણે રાહત કમિશનર તંત્રને જમ્મુ કાશ્મીર સરકારના સંબંધિત તંત્રનો સંપર્ક કરી આ યાત્રાળુઓની સુરક્ષા સલામતીનો પ્રબંધ કરવા સૂચના આપી હતી. મુખ્યમંત્રીની સૂચના અને દિશા નિર્દેશોને પગલે ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જમ્મુ કાશ્મીરના સંબંધિત તંત્ર વાહકોનો તાત્કાલિક સંપર્ક કરીને ગુજરાતના યાત્રિકોની સુરક્ષા-સલામતી સુનિશ્ચિત કરવામાં આવી હતી. રાહત કમિશનર પાંડેએ આ સંદર્ભમાં વધુ વિગતો આપતા કહ્યું કે, ગુજરાતના પ્રવાસીઓની ટ્રાવેલ્સ બસ લેન્ડ સ્લાઈડીંગથી દૂર સેઈફ ઝોનમાં છે તેમજ બધા જ મુસાફરો



પણ સુરક્ષિત છે. આર્મીના જવાનોએ ગુજરાતના આ મુસાફરોને ભોજન, પાણી વગેરે પહોંચાડ્યું છે. એટલું જ નહીં, તમામ યાત્રીકોની રહેવા તથા જમવાની વ્યવસ્થા પણ આર્મી કેમ્પ ખાતે કરવામાં આવી છે. ગુજરાતના આ મુસાફરોને હાલ કોઈ મેડિકલ ઈમરજન્સી પણ નથી તેમજ જમ્મુ કાશ્મીર પ્રશાસન દ્વારા લેન્ડ સ્લાઈડીંગમાં ફસાયેલી ટ્રાવેલ બસને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ રહી છે તેમ પણ રાહત કમિશનરશ્રીએ ઉમેર્યુ હતું.

### નકલી શેમ્પુના વેચાણનો અમરોલી પોલીસે પર્દાફાશ કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતમાં બ્રાન્ડેડ કંપનીના નકલી શેમ્પુના વેચાણનો અમરોલી પોલીસે પર્દાફાશ કર્યો છે. રૂપિયા ૧૬.૩૬ લાખના મુદ્દામાલ સાથે પોલીસે ક્લાર્કને ઝડપી પાડી બે સૂત્રધારોને વોન્ટેડ જાહેર કર્યા છે. છેલ્લા ૮ વર્ષથી ચાલતો આ નકલી કારોબારથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. સુરતમાં અમરોલી વિસ્તારમાં આવેલ એક ગોડાઉનમાં હેર એન્ડ શોલ્ડર્સ કંપનીનું નકલી શેમ્પુનું વેચાણ કરતા ૩ માંથી ૧ શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. અમરોલી પોલીસને બાતમી મળી હતી કે હેર એન્ડ કંપનીનું નકલી શેમ્પુ)નું ઉત્પાદન થઈ રહ્યું છે. પોલીસે રેડ પાડી એક આરોપીને ઝડપ્યો છે, જેમાં ૨ મુખ્ય સૂત્રધારો ડેનિશ અને જેમીલ નામના બે લોકો ફરાર થઈ જતાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ડેનિશ અને જીમીલ નામના બે ઈસમો ૮ વર્ષથી નકલી શેમ્પુ બનાવી વેચાણ કરતા હતા. ગ્રાહકો વધુ શેમ્પુ ખરીદે તે માટે એક બોટલ પર એક બોટલ ફ્રી જેવી લોભામણી સ્કીમો આપી વેચાણ કરતા હતા. આરોપીઓ પોતાનો કારોબાર ઓનલાઈન ચલાવતા હોવાનું સામે આવ્યું છે. ઈસમો ૮ વર્ષમાં કરોડો રૂપિયાનું શેમ્પુ વેચી ચુક્યા છે. ગ્રાહકો દુકાનમાંથી ખરીદી કરે તેના કરતા ઈ-કોમર્સ વેબસાઈટ પરથી ખરીદી કરે તે હેતુથી અલગ અલગ સ્કીમથી પણ છેતરપિંડી કરી પૈસા બનાવ્યા હોવાનું ખુલ્યું છે.

## તપાસમાં થયો અત્યંત ચોંકાવનારો ખુલાસો

# ગુજરાતમાં કરોડોની વક્ફ પ્રોપર્ટીનું કૌભાંડ સામે આવ્યું

### આરોપીઓએ કાંચની મસ્જિદ ટ્રસ્ટ અને શાહ બડા કસમ ટ્રસ્ટની જમીન પર બનેલા ૧૦૦ ઘરો અને દુકાનોનું ભાડું વસૂલ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતના અમદાવાદમાં ૧૦૦ કરોડની વક્ફ સંપત્તિઓના કૌભાંડમાં ૫ આરોપીઓની ધરપકડ કરાઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ આ ૧૭ વર્ષથી વક્ફની જમીન પર બનેલા ઘર અને દુકાનનું ભાડું વસૂલ કરતા હતા. આ લોકો પોતાને વક્ફના ટ્રસ્ટી તરીકે ઓળખાવતા હતા. પકડાયેલા લોકોમાં એક હિસ્ટ્રીશીટર પણ સામેલ છે. પોલીસે રવિવારે જણાવ્યું કે ટ્રસ્ટી બનીને કથિત રીતે ૧૭ વર્ષ સુધી રાજ્ય વક્ફ બોર્ડ હેઠળ રજિસ્ટર્ડ અમદાવાદ સ્થિત બે ટ્રસ્ટોની જમીન પર બનેલી ઈમારતોનું ભાડું વસૂલ કરવાના આરોપ હેઠળ ૫ લોકોની ધરપકડ કરાઈ છે. શહેરના ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ આરોપીઓએ કાંચની મસ્જિદ ટ્રસ્ટ અને શાહ બડા કસમ ટ્રસ્ટની જમીન પર બનેલા લગભગ ૧૦૦ ઘરો અને દુકાનોનું ભાડું વસૂલ્યું. ડીસીપી ભરત રાઠોડે કહ્યું કે તેમના વિરુદ્ધ ફ્રોડ અને નકલી દસ્તાવેજો બદલ એફઆઈઆર નોંધાઈ છે. તપાસમાં જાણવા મળ્યું કે તેમણે વક્ફ બોર્ડ હેઠળ રજિસ્ટર્ડ ટ્રસ્ટોની સંપત્તિઓનો ખાનગી લાભ માટે દુરઉપયોગ કર્યો છે. વક્ફ સંપત્તિ ધાર્મિક કે ધર્માર્થ હેતુઓ માટે સમર્પિત હોય છે. આવી સંપત્તિઓમાંથી મળેલી આવકનો ઉપયોગ સામાન્ય રીતે ધાર્મિક ગતિવિધિઓ, ધર્માદા માટે કે જાહેર લાભ માટે કરાય છે. તેમણે કહ્યું કે આરોપીઓએ બંને ટ્રસ્ટોના ૫૦૦૦ વર્ગ મીટરથી વધુ વિસ્તારમાં ગેરકાયદે નિર્માણ કર્યું. તેમણે ૨૦૦૮થી ૨૦૨૫ વચ્ચે લગભગ ૧૦૦ સંપત્તિઓ (ઘરો અને દુકાનો) બનાવ્યા અને દર મહિને ભાડુ વસૂલ્યું. આ પાંચની ઓળખ સલીમ ખાન પઠાણ, મોહમ્મદ યાસર શેખ, મહેમૂદખાન પઠાણ, ફૈઝ મોહમ્મદ ચોબદાર અને શાહિદ અહેમદ શેખ તરીકે થઈ છે. તેમણે કહ્યું કે સલીમ ખાન પઠાણ એક હિસ્ટ્રીશીટર છે અને તેના પર ૫ કેસ નોંધાયેલા છે. કાંચીની મસ્જિદ ટ્રસ્ટની જમીન પર બનેલી સંપત્તિઓના ભાડુઆત મોહમ્દમ રફિક અન્સારીએ કહ્યું કે કોઈ પણ આરોપી કોઈ પણ ટ્રસ્ટનો સભ્ય નથી.

## છોકરીને પોતે ખોટા રસ્તે જઈ રહી હોવાનું ભાન થયુ

# ૧૭ વર્ષની છોકરીએ બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા માતા-પિતાને આપી આત્મહત્યાની ધમકી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાંથી એક યુવકનો ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પર કોલ આવ્યો હતો. ફોન કરનાર યુવાને ખૂબ જ મૂંઝવણ સાથે જણાવ્યું કે, તેની બહેન તેના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા માગે છે અને તેવું નહીં થાય તો પોતે આત્મહત્યા કરી લેશે, એવું કહે છે. આ વ્યક્તિની બહેનની ઉંમર વર્ષ ૧૭ વર્ષ છે અને તેની સગાઈ નક્કી કરવામાં આવી છે. સગાઈનો પ્રસંગ આવતો હોવાથી તેની માટે વસ્તુઓની ખરીદી કરવાની તૈયારી કરતા તેમને જાણવા મળ્યું હતું કે, તેને એક બોયફ્રેન્ડ છે, જેની ઉંમર વર્ષ ૧૯ છે. છોકરી તેના મિત્ર સાથે સ્નેપચેટ એપ્લિકેશનના માધ્યમથી છેલ્લા ત્રણ મહિનાથી સંપર્કમાં હતી. વ્યક્તિની બહેનને તેનો પુરુષ મિત્ર લગ્નના સપના બતાવી લગ્ન કરવા દબાણ કરી રહ્યો હતો. છોકરી પણ આ છોકરા સાથે જ લગ્ન કરવા માગતી હોવાથી ઘરમાં દબાણ ઊભું કરીને, માનસિક ત્રાસ આપીને આત્મહત્યા કરવાની ધમકી આપી રહી હતી. "લગ્ન કરીશ તો મારા બોયફ્રેન્ડ સાથે જ કરીશ અને સામાજિક રીતે તમે પસંદ કરેલા છોકરા સાથે નહીં જ કરું!" એમ કહીને આ વ્યક્તિની ૧૭ વર્ષની બહેન તેના માતા-પિતા અને ભાઈ-ભાભીને દબાણ કરી રહી હતી. ૧૮૧ અભયમની ટીમ સ્થળ પર પહોંચીને ૧૭ વર્ષની આ છોકરી સાથે વાતચીત કરીને તેનું કાઉન્સેલિંગ કર્યુ હતું. આ છોકરી સાથે વાતચીત કર્યા બાદ અભયમની ટીમને જાણવા મળ્યું હતું કે, છેલ્લા ત્રણ મહિનાના સંપર્કમાં આ છોકરીને તેના મિત્ર સાથે એટલો પ્રેમ થઈ ગયો કે તેની સાથે જ લગ્ન કરવા માગતી હતી. વધુ પૂછપરછ બાદ જાણવા મળ્યું હતું કે, તેના મિત્રને ભૂતકાળમાં તેના સગા મામી સાથે જ આડા સંબધો હતા. આ કારણસર તેના મામાએ આત્મહત્યા કરી લીધી હતી. આ છોકરીના માતા-પિતાએ તેની દીકરીને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો હતો કે, તેનો મિત્ર સારો વ્યક્તિ નથી અને તેની સાથે લગ્ન ન કરવા જોઈએ.

# યોગા એક્સપ્રેસ, ગાંધીનગર-જમ્મુતવી અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-પાલનપુર સેક્શનના પાલનપુર-ઉમરદશી સ્ટેશનો ની વચ્ચે અપ લાઈન કિમી ૬૫૮/૩૩-૩૫ પર બ્રિજ નં. ૮૮૦ ના પુનર્નિર્માણના સંદર્ભમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે ત્રણ ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ થી દોડશે પરિવર્તિત માર્ગ થી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છે:-

પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનો

૧. ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સાબરમતી થી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર ના બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા પાટણ-ભીલડી-પાલનપુર ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર-સ્ટેશનો પર જશે નહી.

૨. ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગાંધીનગર કેપિટલથી ચાલનારી ટ્રેન નં. ૧૯૨૨૩ ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર ના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-પાટણ-ભિલડી-પાલનપુર ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

૩. ૨૧ એપ્રિલ ૨૦૨૫ ના રોજ દૌલતપુર ચોકથી ચાલનારી ટ્રેન નં. ૧૯૪૧૨ દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ પાલનપુર-ઊંઝા-સિદ્ધપુર-મહેસાણા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભિલડી-પાટણ-મહેસાણા ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# થલતેજ વિસ્તારમાં આવેલી સરકારી 'થલતેજ અનુપમ શાળા – ૨'માં વાલીઓની એડમિશન માટે પડાપડી

। અમદાવાદ, તા.૨૧ ।

'સરકારી સ્કૂલોમાં એડિશમન માટેની લાઈન અને વેઈટિંગ લિસ્ટ...'' કદાચ આ શબ્દો તમારા કાને પડતા તમે એક સેકેન્ડ માટે તો આશ્ચર્યચકિત થઈ જશો અને જરૂરથી કહેશો કે, અરે ના હોય ! આવું તો માત્ર પ્રાઈવેટ સ્કૂલમાં જોવા મળે, સરકારી સ્કૂલોમાં થોડું આવું હોય ! પણ આ વાત એટલી જ સત્ય છે કે, હવે સરકારી સ્કૂલોમાં એડમિશન માટેની લાઈનો પણ લાગી રહી છે અને કેટલીક સરકારી સ્કૂલો દ્વારા વેઈટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવી રહ્યું છે. જેનું તાજું ઉદાહરણ થલતેજ વિસ્તારમાં આવેલી સરકારી થલતેજ અનુપમ શાળા – ૨ એ પૂરું પાડ્યું છે. રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત



સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને શિક્ષણ અપાય છે, તેને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિર્વિતત થઈ રહી છે. આ બાબતોને ધ્યામાં રાખીને આ વર્ષે થલતેજ અનુપમ શાળા – ૨માં વિદ્યાર્થીઓના એડમિશનને લઈને વાલીઓની લાંબી લાઈનો તો જોવા મળી, સાથો-સાથ આ વર્ષે સ્કૂલ દ્વારા વેઈટિંગ લિસ્ટ પણ બહાર પાડવામાં આવ્યું છે.

આ પ્રકારની પરિસ્થિતિ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સાત ઝોનની અંદાજિત ૨૫થી વધુ સરકારી શાળાઓમાં જોવા મળી રહી છે.

# સાણંદ તાલુકાના ગોકળપુરા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમ સંપન્ન: ૧૨ ગામોના નાગરિકોને ૧૫ વિભાગોની ૪૭ યોજનાઓના લાભ ઘરઆંગણે મળ્યા

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત સરકારના સુશાસનના અભિગમને ચરિતાર્થ કરતા અને વહીવટી તંત્રને પ્રજાની વધુ નજીક લઈ જતા 'સેવા સેતુ' કાર્યક્રમનો સાતમો તબક્કો રાજ્યભરમાં ચાલી રહ્યો છે. આ જ શ્રુંખલા અંતર્ગત, અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં આજે કુલ ૬ તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પૈકી ફેઝ-૧નો કાર્યક્રમ ગોકળપુરા ગામ ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો. આ સેવા સેતુ કાર્યક્રમ જિલ્લા પંચાયત સીટ મોડાસર ક્લસ્ટર આવરી લેવાયો હતો, જેમાં ગોકળપુરા સહિત કુલ ૧૨ ગામો – નાની દેવતી, મોડાસર, ગોરજ, લેખંબા, કુંવાર, ચરલ, હીરાપુર, બોળ, ફાંગડી, ખીંચા અને વિંછીયાના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાકીય



લાભો એક જ સ્થળે, સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. સેવા સેતુનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ અપાવવાનો અને વિવિધ સરકારી યોજનાઓના લાભો ઘરઆંગણે પહોંચાડવાનો છે. ગોકળપુરા ખાતે આયોજિત આ કાર્યક્રમમાં મહેસૂલ, પંચાયત, આરોગ્ય, કૃષિ, પુરવઠા, સમાજ કલ્યાણ સહિત કુલ ૧૫ જેટલા વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વિભાગોની કુલ ૪૭ જેટલી જનકલ્યાણકારી યોજનાઓ અંગે નાગરિકોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સ્થળ પર જ યોજનાકીય લાભો આપવામાં આવ્યા હતા. સરકારનો ઉદ્દેશ્ય આ ૪૭ મુખ્ય યોજનાઓનું ૧૦૦% સેચ્યુરેશન (સંતૃપ્તીકરણ) સુનિશ્ચિત કરવાનો છે, જેથી કોઈ પણ પાત્ર લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહે. આ કાર્યક્રમમાં આવક, જાતિ, ક્રિમિલેયરના દાખલા, આધાર કાર્ડ સુધારા, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ (નામ ઉમેરવા, કમી કરવા, સુધારા, e-KYC), મા અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વૃદ્ધ સહાય, માનવ ગરિમા યોજના, ખેડૂત પોર્ટલ પર ખેડૂત રજિસ્ટ્રેશન જેવી અતિઆવશ્યક સેવાઓનો લાભ મોટી સંખ્યામાં નાગરિકોએ લીધો હતો.